પ્રાણીઓની ભાષા જાણતા ડૉક્ટરની રોમાંચક સાહસકથા

ડૉક્ટર ડૂલિટલ



લેખક : હ્યુ લોફ્ટિંગ

ભાવાનુવાદ : હાર્દિક કનેરિયા

VISIT…

LANZAROTE Caliente.COM

પ્રાણીઓની ભાષા જાણતા ડૉક્ટરની રોમાંચક સાહસકથા

ડૉક્ટર ડૂલિટલ



બ્રિટીશ લેખક ‘Hugh Lofting’એ લખેલી અને દુનિયાભરમાં ખ્યાતનામ થયેલી ‘The Story of Doctor Dolittle’માં નિર્દોષ અને સકારાત્મક મનોરંજનની ભરમાર છે. ભલે, તે બાળકો અને કિશોરો માટે લખાઈ છે, પરંતુ કોઈ પણ ઉંમરની વ્યક્તિને પસંદ પડે તેવી જબરદસ્ત છે. ઠાંસી ઠાંસીને રોમાંચ ભરેલી આ કથા વાંચવાની એટલી મજા આવે છે કે ન પૂછો વાત ! તો ય, આજ સુધીમાં કોઈ પણ ગુજરાતી લેખકે તેનો ગુજરાતી અનુવાદ કે ભાવાનુવાદ કર્યો નથી. અરે, જે પુસ્તક દુનિયાની વાંચવાલાયક 500 કૃતિઓમાં સ્થાન ધરાવે છે, જેના પરથી બબ્બે અંગ્રેજી હિટ ફિલ્મો બની ચૂકી છે, તેવી અદ્‌ભુત કથા (અંગ્રેજી નહીં જાણનાર) ગુજરાતી વાચકોએ વાંચવી હોય તો શું કરવાનું ? છેવટે, મેં તેનો ભાવાનુવાદ કરવાનું નક્કી કર્યું. કોઈ પણ રહસ્યકથા જેટલી મજા કરાવવા સક્ષમ આ હળવી નવલને હું ગુજરાતી વાચકો સુધી પહોંચાડવા માંગતો હતો. આપ સૌને મારા મૌલિક પુસ્તકો : ‘માનવતાનું મેઘધનુષ’, ‘તિમિરાન્ત’, ‘કારસો’, ‘મર્ડરર’સ મર્ડર’, ‘Shift Delete’, ‘પંચતંત્રની પંચાત’, ‘દર્પણ’ ખૂબ પસંદ પડ્યા છે, તેવી રીતે આ પ્રથમ ભાવાનુવાદ પણ ગમશે. તો અચૂક વાંચજો, ‘ડૉક્ટર ડૂલિટલ’...

અર્પણ

આટલી અદ્ભુત વાર્તાના મૂળ રચયિતા

Hugh Loftingને...

1 : ફડલબી

ઘણાં સમય પહેલાં જયારે આપણા દાદા-પરદાદા ય નાના બાળકો હશે ત્યારની આ વાત છે. ત્યારે એક ડૉક્ટર રહેતા, તેમનું નામ હતું : ડૂલિટલ – જ્હોન ડૂલિટલ, એમ.ડી. તેઓ “એમ.ડી.” હતા મતલબ તે જેવા તેવા ડૉક્ટર ન્હોતા પણ સારું એવું દાક્તરી જ્ઞાન ધરાવતા હતા.

તેઓ ઈંગ્લેન્ડના માર્શ પ્રદેશમાં આવેલા ફડલબી શહેરમાં રહેતા અને ખૂબ પ્રખ્યાત હતા. બધા જ લોકો, પછી તે નાના હોય કે મોટા, તેમને જોઈને જ ઓળખી જતા. તેઓ ઊંચી ટોપી પહેરીને જ્યાં જતા ત્યાં લોકો કહેતા, “જુઓ, પેલા ડૉક્ટર સાહેબ. તેઓ ખૂબ હોશિયાર છે.” અને કૂતરાંઓ તેમજ બાળકો દોડી દોડીને તેમની પાછળ જતા. અરે, ચર્ચ-ટાવરની ટોચ પર બેઠેલા કાગડાઓ પણ કાઉ-કાઉ કરી ડોક નમાવી તેમને સન્માન આપતા.

તેઓ શહેરના છેવાડે આવેલા નાનકડા ઘરમાં રહેતા હતા. ઘરની બહાર વિશાળ બગીચો હતો. બગીચામાં જોવા મળતી સુંદર લોન સિવાય, વડવાઈ જેવી લટકતી ડાળવાળા વૃક્ષો નીચે બેસવા માટે પથ્થરના બાંકડા પથરાયેલા હતા. તેમની બહેન સારા ડૂલિટલ ઘરની સંભાળ રાખતી, પણ બગીચાની સંભાળ તો ડૉક્ટર પોતે જ લેતા.

તેમને પ્રાણીઓ પાળવાનો ગજબ શોખ હતો. તેમણે જાત જાતના પ્રાણીઓ પાળ્યા હતા. બગીચાના નાનકડા તળાવમાં તરતી રહેતી ગોલ્ડફિશ સિવાય કોઠારમાં સસલા, પિયાનોમાં સફેદ ઉંદર, મખમલી કબાટમાં ખિસકોલી અને ભોંયરામાં શાહુડી રહેતા. તેમની પાસે વાછરડાં સાથેની ગાય, પચીસેક વર્ષનો લંગડો ઘોડો, મરઘા, ભૂંડ, બે ઘેટાં અને બીજા ય કેટલાક પ્રાણીઓ હતા. જોકે, તેમાંથી તેમના સૌથી પ્રિય પ્રાણીઓ હતા : ‘ડબ-ડબ’ નામનું બતક, ‘જિપ’ નામનો કૂતરો, ‘ગબ-ગબ’ – એક ભૂંડનું બચ્ચું, ‘પોલેનેશિયા’ નામનો પોપટ અને ‘ટૂ-ટૂ’ નામનું ઘુવડ.

તેમની બહેન આ પ્રાણીઓને લઈ કાયમ કચકચ કરતી રહેતી અને કહેતી કે તે બધા ઘર ગંદું કરી નાખે છે. એક દિવસ સંધિવાની બીમારીથી પીડાતા એક ઘરડા બહેન પોતાની બીમારીના ઈલાજ માટે ડૉક્ટર પાસે આવ્યા. સોફા પર શાહુડી સૂતી હતી તે તેમણે જોઈ નહીં. તેઓ ધબ્બ કરતા સોફા પર બેઠા અને પછી એવા ભાગ્યા કે ફરી દેખાયા જ નહીં ! પછીથી, તેમણે પ્રાણીઓથી ભરેલા ઘરમાં આવવા કરતા, દૂર બીજા શહેરના ડૉક્ટર પાસે જવાનું પસંદ કર્યું. તેઓ દર શનિવારે દસ માઈલ દૂર આવેલા ઓક્સેન્થ્રોપ શહેર જઈ ત્યાંના ડૉક્ટર પાસે પોતાની બીમારીનો ઈલાજ કરાવવા લાગ્યા.

આ ઘટના પછી સારા ડૂલિટલે પોતાના ભાઈને કહ્યું, “જ્હોન, તું આવા બધા પ્રાણીઓને ઘરમાં રાખીશ તો બીમાર માણસો તારી પાસે કેવી રીતે આવશે? તું એક સારો ડૉક્ટર છે પણ તારો વેઈટિંગ રૂમ શાહુડી અને ઉંદરોથી ભરેલો હોય છે. પ્રાણીઓએ ભગાડી દીધો હોય એવો આ ચોથો દર્દી છે. જમીનદાર જેન્કિન્સ અને પાદરી કહેતા હતા કે તેઓ મરી જશે તોય પ્રાણીઓથી ભરેલા આ ઘરમાં પગ નહીં મૂકે. આપણે દિવસે ને દિવસે ગરીબ થઈ રહ્યા છીએ. જો આવું જ ચાલશે તો કોઈ પણ સારો માણસ તારી પાસે બીમારીનો ઈલાજ કરાવવા નહીં આવે.”

“પણ મને ‘સારા માણસો’ કરતા પ્રાણીઓ વધારે ગમે છે.” ડૉક્ટરે કહ્યું.

“તું સાવ અક્કલ વગરનો છે.” સારા પગ પછાડતી રૂમની બહાર ચાલી ગઈ.

આમ, સમય પસાર થતો ગયો અને ડૉક્ટર પાસે પ્રાણીઓ વધતા ગયા. તો બીજી બાજુ તેમની પાસે આવતા દર્દીઓની સંખ્યા ઘટતી ગઈ. છેવટે પ્રાણીઓ માટેનો આહાર વેચતા એક

માણસ સિવાય તેમની પાસે કોઈ દર્દી ન વધ્યો. તે માણસને કોઈ પણ પ્રાણી સામે કોઈ વાંધો ન હતો. પણ, તે ખાસ પૈસાવાળો ન હતો અને ક્રિસમસના દિવસોમાં, જયારે દવાની બોટલના છ પેન્સ ચૂકવી શકે એમ હોય ત્યારે જ બીમાર પડતો.

ઘણા સમય પહેલાં, સોંઘવારીના તે દિવસોમાં પણ આખા વર્ષની છ પેન્સની આવકથી કંઈ ભરણપોષણ ન થઈ શકે. આ તો ડૉક્ટરે પોતાની પેટીમાં થોડા પૈસા બચાવી રાખ્યા હતા એટલે ચાલતું હતું. બાકી, તેમણે પૈસા ન બચાવ્યા હોત તો ભગવાન જાણે તેમનું શું થયું હોત !

તો ય તેઓ વધુ ને વધુ પ્રાણીઓ પાળતા ગયા. એ બધા પ્રાણીઓના ખોરાકનો ખર્ચ ઘણો હોવાથી તેમના બચાવેલા પૈસા ઓછા થવા લાગ્યા.

પછી, તેમણે પોતાનો પિયાનો વેચી દીધો અને તેમાં રહેતો સફેદ ઉંદર ટેબલના ખાનામાં રહેવા લાગ્યો. પરંતુ, પિયાનો વેચવાથી આવેલા પૈસા પણ ખર્ચાવા લાગ્યા ત્યારે તેમણે પોતાનો બ્રાઉન સૂટ કે જે તેઓ દર રવિવારે પહેરતા તે પણ વેચી દીધો. તેઓ વધુને વધુ ગરીબ બની રહ્યા હતા.

અને હવે, જયારે તેઓ પોતાની ઊંચી ટોપી પહેરી શેરીઓમાં લટાર મારવા નીકળતા ત્યારે લોકો વાતો કરતા, “જુઓ, ડૉ. ડૂલિટલ - એમ.ડી. જાય છે. એક સમય હતો જયારે તેઓ આખા પશ્ચિમી પ્રદેશમાં જાણીતા હતા, પણ હવે તેમની પાસે પૈસા નથી રહ્યા અને તેમના મોજાં ય કાણાંવાળા હોય છે.”

પણ કૂતરાંઓ, બિલાડીઓ અને બાળકો હજુ પણ તેમની પાછળ દોડતા.

2 : પ્રાણીઓની ભાષા

બન્યું એવું કે એક દિવસ ડૉક્ટર રસોડામાં બેઠા બેઠા પ્રાણીઓનો આહાર વેચતા માણસ સાથે વાતો કરી રહ્યા હતા. તેને પેટમાં દુખતું હોવાથી તે ઈલાજ કરાવવા આવ્યો હતો.

“તમે માણસોના ડૉક્ટર તરીકેની પ્રૅક્ટિસ બંધ કરી પ્રાણીઓના ડૉક્ટર બની જાવ તો કેવું રહે ?” પેલા માણસે રજૂઆત કરી.

પોલેનેશિયા(પોપટ) ઉઘાડી બારી પાસે બેઠો બેઠો બહાર વરસતા વરસાદને જોઈ ગીત ગણગણી રહ્યો હતો, “આવ રે આવ, ઢેબરીયો વરસાદ, ઊની ઊની રોટલી ને કારેલાનું શાક...” તેણે ગાવાનું બંધ કરી વાત સાંભળવા કાન માંડ્યા.

“જુઓ,” પેલા માણસે ઉમેર્યું, “તમે પ્રાણીઓ વિશે ઘણું બધું જાણો છો. અહીંના પ્રાણીઓના ડૉક્ટર જાણે છે તેના કરતા અનેકગણું વધારે. તમે બિલાડીઓ વિશેનું જે પુસ્તક લખ્યું છે તે અદ્ભુત છે. ભલે, હું લખી વાંચી શકતો નથી, પણ મારી પત્ની થિયોડોશિયા ભણેલી છે. તેણે તમારું પુસ્તક મને વાંચી સંભળાવ્યું હતું. પુસ્તક ખરેખર જોરદાર છે ; અદ્ભુત, અપ્રતિમ, અદ્વિતીય, અજોડ, સુપર્બ જે કહો તે. જાણે તમે પોતે એક બિલાડી હો એવી જાણકારી સાથે બધું લખ્યું છે. તમે જાણો છો કે બિલાડી કેવી રીતે વિચાર કરે છે. અને સાંભળો : પ્રાણીઓના ડૉક્ટર બની તમે ખૂબ પૈસા કમાઈ શકશો. હું કંઈ આ એમ જ નથી કહી રહ્યો ! હું એ તમામ ડોશીઓને તમારી પાસે મોકલીશ જેમના બિલાડી કે કૂતરાં બીમાર પડશે. અને જો તે બીમાર નહીં પડે તો હું તેમના ખોરાકમાં એવું કંઈક ભેળવી દઈશ જેથી તેઓ બીમાર પડી જાય, સમજ્યા ?”

“અરે, ના.” ડૉક્ટર તરત બોલી ઊઠ્યા. “જો જો એવું કરતા નહીં. એ સાવ ખોટો રસ્તો છે.”

“મારો મતલબ તેમને ખરાબ રીતે બીમાર કરવાનો ન્હોતો.” પેલા માણસે કહ્યું. “આ તો થોડુંક જ, તે ઢીલાઢસ થઈ જાય એટલું. પણ, તમારી વાત સાચી છે. નિર્દોષ પ્રાણીઓ સાથે એવું ન કરવું જોઈએ. આમેય તે બીમાર તો પડવાના જ છે કારણ કે કૂતરાં-બિલાડીઓને પાળતી ઘરડી સ્ત્રીઓ તેમને હદ બહાર ખવડાવ્યા કરે છે. બીજું એ, કે ખેડુતો તેમના લંગડા ઘોડા અને માલધારી તેમના બીમાર ઘેટાં લઈને તમારી પાસે જ આવશે. તમે પ્રાણીઓના ડૉક્ટર બની જાવ.”

જયારે તે માણસ ત્યાંથી ચાલ્યો ગયો ત્યારે પોપટ બારી પરથી ઊડી ડૉક્ટરના ટેબલ પર બેઠો અને બોલ્યો, “પેલા માણસની વાતમાં દમ છે. એ એવું કામ છે જે કરવામાં તમને મજા આવશે. જેમને તમારા જેવા સર્વશ્રેષ્ઠ ડૉક્ટરની કદર નથી તેવા મૂર્ખ માણસોની સારવાર કરવાનું બંધ કરો અને પ્રાણીઓની સારવાર કરવાનું શરૂ કરો. પ્રાણીઓ તરત સમજી જશે કે તમે દુનિયાના સર્વશ્રેષ્ઠ ડૉક્ટર છો. તમે પ્રાણીઓના ડૉક્ટર બની જાવ.”

“અરે પણ અહીં પ્રાણીઓના કેટલાય ડૉક્ટર છે.” ફૂલદાનીમાં વરસાદી પાણી ભરાય એટલા માટે તેને વિન્ડો-સીલ પર ગોઠવતા જ્હોન ડૂલિટલે કહ્યું.

“હા, અહીં ઘણા છે.” પોલેનેશિયાએ કહ્યું. “પણ, તેમાંના એકેય ડૉક્ટરમાં સહેજે ય ભલીવાર નથી. જુઓ, મારી વાત ધ્યાનથી સાંભળો, હું તમને એક રહસ્યમય વાત જણાવવા જઈ રહ્યો છું. પ્રાણીઓ એક બીજા સાથે વાત કરી શકે છે એ તમે જાણો છો ?”

“હું જાણું છું કે પોપટ વાત કરી શકે.” ડૉક્ટરે કહ્યું.

“અરે, અમે પોપટ તો બે રીતે વાત કરી શકીએ છીએ – એક માણસની ભાષામાં અને

બીજી પક્ષીની ભાષામાં." પોલેનેશિયાએ ગર્વથી કહ્યું. "જો હું કહું કે 'પોલેનેશિયાને બિસ્કિટ જોઈએ છે' તો તમે મારી વાત સમજી શકશો, પણ 'કા-કા ઓ-ઈ ફી-ફી' કહું તો ?"

"હે ભગવાન !" ડૉક્ટરને આશ્ચર્ય થયું. "એનો મતલબ શું થાય ?"

"પક્ષીઓની ભાષામાં એનો મતલબ, 'શું ખીચડી હજુ ગરમ છે ?' એવો થાય છે."

"તું આજ સુધી આવું બોલ્યો નથી." ડૉક્ટરે કહ્યું. "તેં આજ પહેલાં મારી સાથે એવી રીતે વાત કરી જ નથી."

"તમને કઈ ભાષા સમજવી સહેલી પડત ?" પોતાની ડાબી પાંખ પર રહેલા બિસ્કિટના ટુકડાને ખંખેરતા પોલેનેશિયાએ કહ્યું. "જો હું એવી રીતે વાત કરત તો તમે તે સમજી ન શકત."

"મને તેના વિશે હજુ વધારે જણાવ." ડૉક્ટરે કહ્યું. ઉત્સાહભેર તેઓ અંદર દોડી ગયા અને કબાટનું ખાનું ખોલી ફેરિયા પાસેથી ખરીદેલો ચોપડો અને પેન્સિલ લઈ આવ્યા. "હવે બધું ધીમે ધીમે કહેજે જેથી હું બધું લખી શકું. આ બહુ મજેદાર વાત છે – ખૂબ ખૂબ મજેદાર અને એકદમ નવી. મને પક્ષીઓની ભાષા વિશે એકડેએકથી જણાવ, પણ, ધીમેધીમે."

આવી રીતે ડૉક્ટરને ખબર પડી કે પ્રાણીઓને પણ પોતાની ભાષા હોય છે અને તેઓ એકબીજા સાથે વાત કરી શકે છે. તે આખી બપોર, બહાર વરસાદ વરસતો રહ્યો અને પોલેનેશિયા રસોડાના ટેબલ પર બેસી પક્ષીઓની ભાષા વિશે જણાવતો રહ્યો. ડૉક્ટર તે બધું ચોપડામાં ઉતારતાં ગયા.

ડૉક્ટર પક્ષીઓની ભાષા વિષે જાણી રહ્યા ત્યારે બપોરના સાડા ત્રણ વાગ્યા હતા.
બપોરની ચાનો સમય થઈ ગયો હતો અને 'જિપ'(કૂતરો) અંદર આવ્યો. પોપટે ડૉક્ટરને કહ્યું, "જુઓ, પેલો તમને કંઈક કહી રહ્યો છે."

"તે મારી સામે જુએ છે અને પોતાના કાન પણ ઊંચા કરે છે." ડૉક્ટરે કહ્યું.

"પ્રાણીઓ કાયમ બોલીને જ વાત કરે એ જરૂરી નથી." પોપટે પોતાના નેણ નચાવતા મોટેથી કહ્યું. "તે પોતાના કાનથી, પગથી, પૂંછડીથી એ બધાથી પણ વાત કરતા હોય છે. કેટલીક વાર તેમને અવાજ કરવો ગમતો નથી. તેણે પોતાનું નાક એકબાજુએ ખેંચ્યું એ તમે જોયું ?"

"તેનો મતલબ શું થાય ?"

"એનો મતલબ : 'તમે જોતા નથી, વરસાદ બંધ થઈ ગયો છે ?'" પોલેનેશિયાએ જવાબ આપ્યો. "તે તમને પ્રશ્ન પૂછી રહ્યો છે. સામાન્ય રીતે પ્રશ્ન પૂછવા કૂતરાંઓ નાકનો ઉપયોગ કરે છે."

થોડી જ વારમાં, ડૉક્ટર પ્રાણીઓની ભાષા પણ શીખી ગયા. પોતે જાતે તે ભાષામાં બોલી શકે અને પ્રાણીઓ કંઈ બોલે તો સમજી શકે એટલી સરસ રીતે. પછી, તેમણે માણસોના ડૉક્ટર તરીકેની પ્રૅક્ટિસ સાવ બંધ કરી દીધી.

પ્રાણીઓનો આહાર વેચતા માણસે જેવું બધા લોકોને જણાવ્યું કે ડૉ. ડૂલિટલ પ્રાણીઓના ડૉક્ટર બની ગયા છે કે ઘરડી સ્ત્રીઓ પોતાના ટૂંકા નાકવાળા અને રુવાંટીવાળા તમામ પાલતું કૂતરાંઓને કે જે વધારે પડતી કેક ખાઈને બીમાર પડી જતા હતા, તેમની પાસે લઈ આવવા લાગી. ખેડૂતો પણ ઘણા માઈલ દૂરથી પોતાના બીમાર ઘેટાં અને ગાયો લઈ તેમની પાસે આવવા લાગ્યા.

એક દિવસ ખેતરમાં ખેડ કરવા વપરાતો ઘોડો તેમની પાસે આવ્યો ; તે બિચારો, ઘોડાની ભાષામાં વાત કરી શકતા માણસને મળી ખુશ થઈ ગયો.

"ડૉક્ટર, તમને ખબર છે ?" ઘોડાએ કહ્યું, "ટેકરી પર રહેતા પેલા પ્રાણીઓના ડૉક્ટરને કંઈ આવડતું જ નથી. તે છેલ્લા છ અઠવાડિયાથી મારા ગોઠણની સારવાર કરી રહ્યો છે અને મારે ખરેખર ચશ્માંની જરૂર છે. મને એક આંખે ઓછું દેખાવા લાગ્યું છે. મને એ કહો કે માણસો ચશ્માં પહેરે તો ઘોડા કેમ ન પહેરી શકે ? પણ, ટેકરી પર રહેતા તે મૂર્ખ માણસે એક પણ વાર મારી આંખ તપાસી નથી. તે મને મોટી મોટી ગોળીઓ પીવડાવતો રહ્યો છે. મેં તેને કહેવાનો પ્રયત્ન કર્યો પણ તે ઘોડાની ભાષાનો એક પણ શબ્દ સમજતો નથી. ખરેખર તો મારે ચશ્માંની જ જરૂર છે."

"અવશ્ય... અવશ્ય..." ડૉક્ટરે કહ્યું, "હું તારા માટે ચશ્માંની એક જોડ મંગાવી દઈશ."

"તમે પહેરો છો એવા જ ચશ્માં મંગાવજો." ઘોડાએ કહ્યું. "પણ, લીલાં કાચવાળા, જેથી હું ખેતર ખેડતો હોઉં તો સૂર્યનો તડકો સીધો આંખમાં વાગે નહીં."

"ચોક્કસ." ડૉક્ટરે કહ્યું. "તને લીલાં ચશ્માં જ મળશે."

ઘોડો બહાર જઈ શકે એ માટે ડૉક્ટરે આગળનો દરવાજો ખોલ્યો કે ઘોડાએ કહ્યું, "ખરેખર તકલીફ શું છે એ તમે જાણો છો ? સાલું, બધાને એવું લાગે છે કે તે પ્રાણીઓની સારવાર કરી શકશે. પ્રાણીઓ કોઈ ફરિયાદ કરતા નથી એનો મતલબ એ નથી કે ગમે તે માણસ અમારી પર અખતરા કરવા લાગે. વાસ્તવિકતા તો એ છે કે માણસોના ડૉક્ટર બનવા જેટલી હોશિયારીની જરૂર પડે તેના કરતા અનેકગણી વધુ હોશિયારી પ્રાણીઓના સાચા ડૉક્ટર બનવા જોઈતી હોય છે. મારા માલિકના દીકરાને લાગે છે કે તેને ઘોડાઓ વિશે બધી જ ખબર છે. તેને આંખો નથી અને તેનો ચહેરો તેના શરીરની જેમ જાડો છે – કાશ તમે તેને જોઈ શકત... તેનામાં છાણના કીડા જેટલી ય અક્કલ નથી. તેણે ગયા અઠવાડિયે મારા પર સરસવનો લેપ લગાવવાનો પ્રયાસ કર્યો હતો."

"તેણે તે લેપ ક્યાં લગાવ્યો હતો ?" ડૉક્ટરે પૂછ્યું.

"અરે, તે તે લેપ ક્યાંય લગાવી જ ન શક્યો." ઘોડાએ કહ્યું. "ફક્ત તેણે તેમ કરવાનો પ્રયાસ કર્યો અને મેં તેને લાત મારીને પાણી ભરેલા ખાબોચિયામાં ધકેલી દીધો."

"ઓહ !" ડૉક્ટરે કહ્યું.

"આમ તો હું બહુ શાંત પ્રાણી છું ; લોકો સાથે શાંતિથી રહેનારું – કોઈ પણ જાતની ગરબડ નહીં કરનારું. પણ, પેલા પ્રાણીઓના ડૉક્ટરે મને ખોટી દવાઓ પીવડાવ્યા કરી એ ઓછું હોય એમ તે લાલ ચહેરાવાળા મહામૂરખે મારી સાથે વાંદરાવેડા કર્યા. પછી તો મારી સહનશક્તિની હદ આવે કે નહીં !"

"શું તે છોકરાને તેં કોઈ ગંભીર ઈજા પહોંચાડી છે ?" ડૉક્ટરે પૂછ્યું.

"ના ના." ઘોડાએ કહ્યું. "મેં તેને સમજી વિચારીને યોગ્ય જગ્યાએ લાત મારી હતી. પેલો પ્રાણીઓનો ડૉક્ટર અત્યારે તેની સારવાર કરી રહ્યો છે ! વારુ, મને મારા ચશ્માં ક્યારે મળશે ?"

"બનતા સુધીમાં આવતા અઠવાડિયે મળી જશે. આવતા મંગળવારે ફરી આવજે – ગુડ બાય."

ત્યાર પછી જ્હોન ડૂલિટલે લીલા ચશ્માંની સુંદર જોડ બનાવડાવી અને ખેડવાળો ઘોડો એક આંખે આંધળો થતા બચી ગયો. તેને બધું સરસ દેખાવા લાગ્યું.

પછી તો ફડલબીની આસપાસના પ્રદેશોમાં, ચશ્માં પહેરીને ફરતાં પ્રાણીઓ દેખાવા સામાન્ય થઈ ગયા. ઘોડો આંધળો હોય એ વાત જ દંતકથા બની ગઈ.

જોકે, જે પ્રાણીઓને ડૉક્ટર પાસે લાવવામાં આવતા તેમને ઘોડા જેવો જ અનુભવ થતો. જેવી તેમને ખબર પડતી કે ડૉક્ટર તેમની ભાષામાં વાત કરી શકે છે એટલે તેઓ પોતાને ક્યાં

દુખે છે, કેવું દુખે છે એ તમામ વાતો જણાવી દેતા અને ડૉક્ટર માટે તેમનો ઈલાજ કરવાનું સહેલું થઈ જતું.

આ પ્રાણીઓ જયારે પાછા જતા ત્યારે પોતાના કુટુંબીજનો અને મિત્રોને કહેતા કે શહેરના છેડે આવેલા મોટા બગીચા અને નાના મકાનવાળી જગ્યામાં એક ડૉક્ટર રહે છે જે ખરા અર્થમાં ડૉક્ટર છે. અને જયારે પણ કોઈ જીવ બીમાર પડતો – ફક્ત કૂતરાં, ગાય અને ઘોડા જ નહીં, પરંતુ બધા પ્રકારના નાના જીવો પણ - જેવા કે ખેતરના ઉંદર, પાણીના ઉંદર, બેજર (ટૂંકા પગવાળું ઉભયજીવી પ્રાણી), ચામાચીડિયા - એ કોઈ પણ બીમાર પડતા કે તરત ડૉક્ટરના ઘરે પહોંચી જતા. આથી, ડૉક્ટરનો બગીચો તેને મળવા કે બીમારીના ઈલાજ માટે આવેલા જીવોથી ખીચોખીચ ભરાયેલો રહેતો.

ધીમે ધીમે તે એટલી મોટી સંખ્યામાં આવવા લાગ્યા કે ડૉક્ટરે અલગ અલગ પ્રાણીઓ માટે અલગ અલગ દરવાજા બનાવડાવવા પડ્યા. તેમણે મુખ્ય દરવાજા પર 'ઘોડાઓ માટે', બાજુના દરવાજા પર 'ગાય માટે' અને રસોડાના દરવાજા પર 'ઘેટાંઓ માટે'ની તકતી લગાવી. દરેક પ્રકારના પ્રાણી માટે અલગ દરવાજો રહેતો. અરે, ઉંદર માટે પણ નાનું બોગદું બનાવવામાં આવ્યું હતું જે તેમને ભોંયરામાં દોરી જતું. ત્યાં તેઓ પોતાનો વારો આવવાની અને ડૉક્ટર તેમને તપાસવા આવે તેની રાહ જોતા બેસી રહેતા.

આમ, થોડાં જ વર્ષોમાં, અત્ર-તત્ર-સર્વત્ર, હજારો માઈલ દૂર રહેતા દરેક જીવો જ્હોન ડૂલિટલ - એમ.ડી.ને ઓળખવા લાગ્યા. શિયાળામાં બીજા દેશથી ઊડીને આવતા પક્ષીઓ પોતાના વતન પાછા ફરતાં ત્યારે, ત્યાંના પ્રાણીઓને, માર્શ પ્રદેશના ફડલબીમાં રહેતા, પ્રાણીઓની ભાષા સમજી શકતા અદ્ભુત ડૉક્ટર વિશે જણાવતા. આમ, તેઓ દુનિયાભરના પ્રાણીઓમાં પશ્ચિમી પ્રજા કરતા પણ વધારે પ્રસિદ્ધ થઈ ગયા. હવે, ડૉક્ટર પોતાના જીવનથી ખૂબ ખુશ હતા અને જીવનની દરેક પળને ઉલ્લાસથી માણતા જીવી રહ્યા હતા.

એક બપોરે ડૉક્ટર પોતાનું પુસ્તક લખવામાં વ્યસ્ત હતા, પોલેનેશિયા જ્યાં કાયમ બેસતો ત્યાં બારી પાસે બેસી પવનના કારણે લહેરાતા બગીચાના ઝાડ-પાન જોઈ રહ્યો હતો. અચાનક તે જોરથી હસ્યો.

"પોલેનેશિયા, તું કેમ હસે છે ?" ડૉક્ટરે લખવાનું બંધ કરી પોલેનેશિયા સામે જોયું.

પોપટે લહેરાતી હરિયાળી પરથી નજર હટાવ્યા વિના કહ્યું, "હું ખાલી વિચારતો હતો."

"શું વિચારતો હતો ?"

"હું માણસો વિશે વિચારતો હતો." પેલેનેશિયાએ કહ્યું. "માણસજાતને લાગે છે કે તે અદ્ભુત છે, પણ દુનિયા હજારો વર્ષોથી ચાલતી આવી છે અને આટલા લાંબા સમયમાં માણસો પ્રાણીઓની ભાષા વિશે એટલું જ શીખી શક્યા છે કે કૂતરું પૂંછડી હલાવે તો તેનો અર્થ તે ખુશ થયું છે એવો થાય છે. આ નવાઈ પમાડે એવું નથી ? તમે એવા પહેલાં માણસ છો જે અમારી ભાષામાં વાત કરી શકો છો. અરે, ઘણીવાર તો માણસોથી મને ભયંકર ત્રાસ ઉપજે છે – તેઓ એવી અફવા ફેલાવે છે કે પ્રાણીઓ મૂંગા હોય છે ; 'મૂંગા!' – હૂહ ! હું એક એવા મકાઉ(પોપટની એક જાત)ને ઓળખતો હતો જે સાત અલગ અલગ ભાષામાં 'ગુડ મોર્નિંગ' કહી શકતો હતો. તેને ગ્રીક પણ આવડતી હતી. ભૂરી દાઢીવાળા ઘરડા પ્રોફેસર તેને લઈ આવ્યા હતા, પણ તે રોકાયો નહીં. તે કહેતો હતો કે ઘરડો માણસ સાચી ગ્રીક બોલતો નથી અને તે ખોટી ભાષામાં વાત કરતા માણસ પાસેથી ભાષા શીખવા તૈયાર નથી. મને કાયમ તેની ચિંતા થાય છે. તેનું શું થયું હશે? માણસો આખી

જિંદગીમાં જાણી શકે તેના કરતા અનેકગણી ભૌગોલિક જાણકારી તેની પાસે હતી."

"તું ઘરડું અને સમજદાર પક્ષી છે." ડૉક્ટરે કહ્યું. "તારી સાચી ઉંમર શું છે ? હું જાણું છું કે પોપટ અને હાથી ઘણી વખત ખૂબ લાંબુ જીવતા હોય છે."

"હું મારી ઉંમર વિશે ચોક્કસ કહી શકું એમ નથી." પોલેનેશિયાએ કહ્યું. "હું કદાચ એકસો ત્યાંસી કે એકસો બ્યાંસી વર્ષનો હોઈશ. પણ, મને યાદ છે કે હું આફ્રિકાથી પ્રથમ વખત અહીં આવ્યો ત્યારે રાજા ચાર્લ્સને મૃત્યુનો ભય હતો. તે ઓકના ઝાડમાં સંતાઈ રહ્યો હતો અને હું તેને જોઈ ગયો હતો."

3 : પૈસાની ખેંચ વધી...

ડૉક્ટર પાસે આવતા કેટલાક પ્રાણીઓ ખૂબ બીમાર રહેતા અને તેમને ડૉક્ટરના ઘરે અઠવાડિયા સુધી દાખલ થવું પડતું. પછી, જેવા તેઓ સાજા થવા લાગતા કે બગીચાની લોન પર પાથરેલી ખુરશીઓ પર બેસતા. તેવા પ્રાણીઓને ડૉક્ટરનું ઘર એટલું બધું ગમી જતું કે તેઓ સાજા થઈ જાય પછી પણ તેમને તે ઘર છોડવાનું મન ન થતું. વળી તેમાંનું કોઈ, ડૉક્ટરને આ જ ઘરમાં રોકાઈ જવાનું પૂછે તો, ભલા દિલના ડૉક્ટર તેને ના ન કહી શકતા. આથી ડૉક્ટર પાસે પાલતું પ્રાણીઓની સંખ્યા વધવા લાગી.

એક સાંજે ડૉક્ટર પોતાના બગીચાની દીવાલ પર પાઈપ પીતા બેઠા હતા ત્યારે, વાંદરાને દોરડા પર ચલાવી ખેલ કરનારો ઈટેલિયન વાજાવાળો ત્યાંથી પસાર થયો. ડૉક્ટરે પહેલી જ નજરે જોઈ લીધું કે વાંદરાના ગળે બાંધેલો પટ્ટો વધારે પડતો ટાઈટ છે અને મેલો-ઘેલો વાંદરો વાજાવાળાથી નાખુશ છે. તેમણે ઈટેલિયન પાસેથી વાંદરો લઈ તેને એક શિલિંગ આપ્યું અને ત્યાંથી ચાલ્યા જવા કહ્યું. પણ, ડૉક્ટરની વાત સાંભળી વાજાવાળો ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું કે તે વાંદરાને પોતાની સાથે રાખવા ઈચ્છે છે. પણ, ડૉક્ટરે તેને ધમકી આપી કે જો તે ત્યાંથી નહીં ચાલ્યો જાય તો તેઓ તેના મોઢા પર મુક્કો મારી તેનું નાક તોડી નાખશે. આમ તો જ્હોન ડૂલિટલની ઊંચાઈ કંઈ ખાસ ન્હોતી, પણ તે મજબૂત બાંધાના માણસ હતા. તેથી, ઈટેલિયન ગંદી ગાળો ભાંડતો, વાંદરાને ડૉક્ટર પાસે રાખી, પાછો ચાલ્યો ગયો. બાદમાં તે વાંદરાને, ઘરના પ્રાણીઓ "ચી-ચી" નામથી બોલાવવા લાગ્યા. આવું નામ રાખવાનું કારણ એ હતું કે, મોટા ભાગે વાંદરાઓ તે શબ્દ બોલી એકબીજાને ચેતવણી આપતા હોય છે.

બાદમાં અન્ય એક દિવસે, ફડલબીમાં સર્કસવાળા આવ્યા. તે સર્કસમાં એક મગર હતો જેને દાંતનો દુખાવો ઊપડ્યો હતો. રાત્રે છટકીને તે ડૉક્ટરના બગીચામાં આવી ગયો. ડૉક્ટરે તેની સાથે મગરની ભાષામાં વાત કરી અને તેને પોતાના ઘરમાં લઈ ગયા. તેમણે તેના દાંતનો દુખાવો દૂર કર્યો, પણ મગરે જોયું કે ઘર અને બગીચામાં અલગ અલગ પ્રાણીઓ માટે અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. તેને તે ઘર ખૂબ ગમી ગયું અને તેને પણ ડૉક્ટર સાથે રહેવાની ઈચ્છા થઈ. તેણે ડૉક્ટરને કહ્યું, "હું તમને વચન આપું છું કે બગીચાના તળાવમાં રહેતી માછલીને હું કંઈ નહીં કરું, પણ તમે મને તે તળાવમાં રહેવા દો, પ્લીઝ !" ભલા દિલના ડૉક્ટર તેને ના ન કહી શક્યા. પછી, સર્કસનો માણસ તેને પાછો લઈ જવા આવ્યો ત્યારે મગર જંગલી તેમજ વિકરાળ બની ગયો અને તેણે તે માણસને ડરાવીને ભગાડી દીધો. જોકે, ઘરમાં રહેતા દરેક જીવો સામે તે કુરકુરિયાની જેમ શાંતિથી વર્તતો.

પણ, હવે ઘરમાં મગર રહેતો હોવાથી ઘરડી સ્ત્રીઓ પોતાના પાલતું પ્રાણીઓને ડૉક્ટર પાસે મોકલતા ડરવા લાગી ; ખેડૂતોને પણ શંકા પડી કે સારવાર માટે મોકલવામાં આવેલા તેમના બીમાર ઘેટાં અને વાછરડાંઓને મગર ખાઈ જશે. માટે, ડૉક્ટર મગર પાસે ગયા અને તેને સર્કસમાં પાછું ચાલ્યા જવા કહ્યું. પણ, મગર ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યો, તેને ત્યાં ઘરમાં જ રહેવા દેવામાં આવે એ માટે તેણે દિલથી વિનવણી કરી. છેવટે, ભલા દિલના ડૉક્ટરે તેને ત્યાં જ રહેવા દીધો.

આ જાણી, ડૉક્ટરની બહેન ડૉક્ટર પાસે ગઈ અને તેણે કહ્યું, "જ્હોન, તારે તે મગરને અહીંથી ભગાડી દેવો પડશે. ખેડૂતો અને ઘરડી સ્ત્રીઓને પોતાના પાલતું પ્રાણીઓ અહીં મોકલતા ડર લાગે છે. હજી આપણી પરિસ્થિતિ સુધરવાની શરૂ જ થઈ છે અને તું... તું તે મગરને અહીં રાખીશ, તો આપણે બધી રીતે ખલાસ થઈ જઈશું. આપણા માટે બચવાની આ છેલ્લી તક છે. જો

તું તે મગરને અહીંથી નહીં નસાડે તો હું આ ઘરની સંભાળ લેવાનું બંધ કરી દઈશ. તે ક્યારેક મારા પલંગ નીચે ઘૂસી જશે એ વિચાર માત્રથી મને કંપારી છૂટી જાય છે."

"પણ, તેણે મને વચન આપ્યું છે" ડૉક્ટરે દલીલ કરી, "કે તે કોઈને બચકું નહીં ભરે. તેને બાપડાને સર્કસમાં કામ કરવું ગમતું નથી અને મારી પાસે તેને તેના મૂળ વતન આફ્રિકા મોકલવાના પૈસા નથી. તે તેના કામથી કામ રાખશે અને તું તારા કામથી કામ રાખ. એ એક વાતને લઈ આટલી બધી ધાંધલ કરવાની જરૂર નથી."

"સો વાતની એક વાત, મારે તે અહીં આ ઘરમાં ન જોઈએ." સારાએ મક્કમતાથી કહ્યું. "તે પગલૂંછણિયાનું કપડું ખાઈ જાય છે ! તું તેને અબઘડી નહીં કાઢી મૂકે તો, તો હું જ આ ઘર છોડીને ચાલી જઈશ અને સારો મુરતિયો શોધી તેની સાથે લગ્ન કરી લઈશ."

"ઠીક છે." ડૉક્ટરે કહ્યું. "તો જા અને લગ્ન કરી લે. બાકી, આ બાબતમાં હું કંઈ કરી શકું એમ નથી." અને તે પોતાની ટોપી ઉતારી બગીચામાં ચાલ્યા ગયા.

ડૉક્ટરનો જવાબ સાંભળી, સારા ડૂલિટલે પોતાનો સામાન પેક કર્યો અને ચાલતી પકડી. બિચારા ડૉક્ટર, પ્રાણીઓ સાથે એકલા રહી ગયા અને થોડા જ સમયમાં હતા તેના કરતા પણ વધુ ગરીબ થઈ ગયા. ઘરમાં રહેતા પ્રાણીઓને ખવડાવવા, ઘરની સંભાળ રાખવી, નાનું-મોટું સમારકામ કરવું કે માંસ વેચતા કસાઈનું બિલ ચૂકવવું, આવકના અભાવે મુશ્કેલ બનતું ગયું. પણ, ડૉક્ટર તેની સહેજે ય ચિંતા ન કરતા.

"પૈસા એ જબરી બલા છે. આપણે ખુશ રહી શકીએ એમાં પૈસાનો રોલ કેટલો ? જો પૈસા શોધાયા જ ન હોત તો કદાચ આપણે વધારે સુખી હોત." તેઓ કાયમ કહેતા.

પણ, થોડા સમયમાં પ્રાણીઓને ચિંતા થવા લાગી. એક સાંજે ડૉક્ટર રસોડામાં પેટાવેલા તાપણા સામે ખુરશી પર બેસી ઊંઘી ગયા હતા ત્યારે પ્રાણીઓ અંદરોઅંદર કાનાફૂસી કરવા લાગ્યા. 'ટૂ-ટૂ'(ઘુવડ)નું ગણિત સારું હતું. તેણે ગણતરી કરીને કહ્યું, "આજથી આપણે સૌ રોજ એક જ ટંક જમીએ તો ય ફક્ત અઠવાડિયું ચાલે એટલા પૈસા બચ્યા છે."

આ સાંભળી પોપટે કહ્યું, "મને લાગે છે કે ઘરના કામ આપણે જાતે કરવા જોઈએ. કમસેકમ આપણે એટલું તો કરી જ શકીએ. ખરેખર તો આપણા જ કારણે આ વૃદ્ધ ડૉક્ટર એકલા અને ગરીબ થઈ ગયા છે."

માટે, પછી નક્કી થયું કે ચી-ચીએ રસોઈ અને નાનું-મોટું સમારકામ કરવું, કૂતરાંએ ફરસ પર પોતાં મારવા, બતકે પથારી ઝાપટ-ઝૂપટ કરી ચાદર પાથરવી, ટૂ-ટૂએ હિસાબ-કિતાબ સંભાળવો અને ભૂંડે બગીચાની સંભાળ લેવી. પૉલેનેશિયા ઘરડો થઈ ગયો હોવાથી તેને ઘરની દેખભાળ કરવાનું કામ સોંપવામાં આવ્યું.

અલબત્ત, પહેલાં તો તેમને આ બધા કામ કરવામાં ખૂબ તકલીફ પડી. ખાલી ચી-ચી એકલાને વાંધો ન આવ્યો કારણ કે તેની પાસે હાથ હતા અને તે માણસોની જેમ કામ કરી શકતો હતો. પણ, થોડા જ સમયમાં સૌને પોતપોતાના કામમાં ફાવટ આવી ગઈ. જિપ, પોતાની પૂંછડી પર મસોતું બાંધી પૂંછડી હલાવી પોતા કરતો તે જોવાની સૌને મજા પડતી.

અમુક સમય પછી તો એ બધા પોતપોતાના કામમાં એટલા એક્સપર્ટ થઈ ગયા કે ડૉક્ટરે પણ કહ્યું, "પહેલાં ઘર આટલું બધું સ્વચ્છ અને સુઘડ ન્હોતું રહેતું."

આમ થોડા સમય માટે બધું ઠીક થઈ ગયું પણ પૈસા વગર પીંજણ મટે એમ ન્હોતી.

તેથી, પ્રાણીઓએ બગીચાના દરવાજા બહાર શાકભાજી અને ફૂલો વેચવા નાનકડી દુકાન

બનાવી. તેઓ રસ્તા પર પસાર થતા લોકોને મૂળા અને ગુલાબ વેચવા લાગ્યા.

જોકે, હજુ ય પૈસાની આવક એટલી ન્હોતી થતી કે તેઓ બધા બિલ ચૂકવી શકે. તો બીજી બાજુ ડૉક્ટર એકદમ નિશ્ચિંત હતા. જયારે પોપટે તેમની પાસે જઈને કહ્યું કે માછલી વેચવાવાળાએ હવે બાકીમાં માછલીઓ આપવાની ના પાડી દીધી છે ત્યારે તેમણે જવાબ આપ્યો, “ચિંતા કરવાની જરૂર નથી. અત્યારે ગાય દૂધ આપે છે અને મરઘીઓ ઈંડા.... એ ચાલુ રહેશે ત્યાં સુધી આપણે ઓમલેટ અને મીઠાઈઓથી ચલાવી લઈશું. અને શિયાળો આવવાને હજી ખાસ્સી વાર છે. અત્યારથી ઉપાધિ વહોરવાની જરૂર નથી. મારી બહેન સારાનો ય આ જ વાંધો હતો – તે નાની નાની વાતમાં ટેન્શન લઈ લેતી હતી. જોકે, મને તેની ચિંતા થાય છે. તે અત્યારે કેવી રીતે ગુજારો કરતી હશે ? એમ તો અમુક રીતે તે જોરદાર સ્ત્રી હતી : ભલી અને સારી.”

પણ, કાયમ કરતા આ વરસે બરફ વહેલો પડ્યો અને તે સૌ રસોડામાં બેસી તાપણું કરી શકે એ માટે લંગડો ઘોડો શહેરની બહાર આવેલા જંગલમાંથી લાકડા વીણી લાવ્યો. બગીચામાં ઊગી નીકળેલું મોટાભાગનું શાક ખવાઈ ગયું હતું અને બચ્યું-કૂચ્યું શાક બરફની ચાદર હેઠળ દટાઈ ગયું હતું. મોટાભાગના પ્રાણીઓને સખત ભૂખ લાગી હતી, પણ તેમની પાસે ખાવા માટે કંઈ ન હતું.

4. આફ્રિકાથી સંદેશ આવ્યો

કાતિલ કહી શકાય તેવા શિયાળામાં, ડિસેમ્બર મહિનાની એક રાત્રે, તમામ પ્રાણીઓ રસોડાની સગડી પેટાવીને તેની આસપાસ ગરમીની હૂંફ લેતા બેઠા હતા. ડૉક્ટર પ્રાણીઓની ભાષામાં પોતે જ લખેલા પુસ્તકમાંથી એક પ્રકરણ વાંચી રહ્યા હતા. ત્યારે ઘુવડ 'ટૂ-ટૂ'એ અચાનક કહ્યું, "સ્સ્સ્સ.. બહાર પેલો અવાજ શાનો થાય છે ?"

બધાએ અવાજ સાંભળવા કાન સરવા કર્યા અને કોઈ દોડતું હોય એવો અવાજ સંભળાયો. બીજી જ પળે દરવાજો ખુલ્યો અને વાંદરો ચી-ચી ભયંકર રીતે હાંફતો અંદર ઘૂસી આવ્યો.

"ડૉક્ટર!" તે ચીસ પાડી ઊઠ્યો. "આફ્રિકામાં રહેતા મારા પિતરાઈ તરફથી હમણાં જ સંદેશો મળ્યો છે. ત્યાં વાંદરાઓમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો છે. એક પછી એક વાંદરાઓ તેમાં સપડાઈ રહ્યા છે અને મોટી સંખ્યામાં મરી પણ રહ્યા છે. તેમણે તમારા વિશે સાંભળ્યું હતું અને તમને આફ્રિકા જઈ એ બીમારી રોકવા આજીજીપૂર્વકની વિનંતી કરી છે."

"પણ, તને આ સંદેશો આપ્યો કોણે ?" પોતાના ચશ્માં ઉતારી, પુસ્તક નીચે મૂકતા ડૉક્ટરે પૂછ્યું.

"એક યાયાવાર પક્ષીએ." ચી-ચીએ કહ્યું. "તે બહાર પાણીના પીપ પર બેઠું છે."

"તેને અહીં તાપણા પાસે લઈ આવ. તે આજથી છ અઠવાડિયા પહેલાં નીકળ્યું હશે અને અત્યાર સુધીમાં તો ઠંડીથી અધમૂઉં થઈ ગયું હશે." ડૉક્ટરને ચિંતા થઈ.

યાયાવર પક્ષીને અંદર લાવવામાં આવ્યું ; ધ્રૂજી રહેલા બધા પ્રાણીઓ એકબીજાની સોડમાં લપાઈ ગયા હતા. જાત જાતના પ્રાણીઓ પક્ષીઓ જોઈને પહેલાં તો યાયાવર ગભરાયું, પરંતુ પછી સ્વસ્થ થઈ સળગતી ભઠ્ઠીની છાજલી પર જઈને બેસી ગયું અને વાત કહેવા લાગ્યું.

જેવી તેણે વાત પૂરી કરી કે ડૉક્ટરે કહ્યું, "હું હોંશે હોંશે આફ્રિકા આવત – આવા કપરા અને જરૂરિયાતના સમયમાં તો ખાસ. પણ, મને ડર છે કે અમારી પાસે ટિકિટ ખરીદવાના પૈસા નથી. ચી-ચી, પૈસાની પેટી લઈ આવ તો..."

વાંદરો કબાટની છાજલી પર ચડી ત્યાંથી પૈસાની પેટી ઉતારી આવ્યો.

ડૉક્ટરે પેટી જોઈ, તેમાં કંઈ જ ન હતું – કાણી કોડી ય નહીં.

"મને ખાતરી છે કે તેમાં બે પેન્સ હતા." ડૉક્ટર બોલી ઊઠ્યા.

"હા, હતા." ઘુવડે કહ્યું. "પણ, બેજરના બચ્ચાંને દાંત આવવા શરૂ થયા ત્યારે તમે તેને ખણખણિયું ખરીદી આપ્યું હતું જેમાં તે ખર્ચાઈ ગયા હતા."

"મેં ખર્ચ્યા ?" ડૉક્ટર યાદ કરવાનો પ્રયાસ કરતા બોલ્યા. "અરે હા, સાચે જ, પૈસા બહુ મોટી બલા છે. વારુ, ચિંતા કરવાની જરૂર નથી. કદાચ હું દરિયા કિનારે જઈશ તો એકાદ હોડી ઉછીની મળી જશે જેમાં આપણે આફ્રિકા જઈ શકીશું. હું એક ખારવાને ઓળખું છું. તેના દીકરાને ઓરી થયા હતા ત્યારે તે તેને મારી પાસે લઈ આવ્યો હતો અને મારી દવાથી છોકરો સાજો ય થઈ ગયો હતો. કદાચ, તે ખારવો આપણને હોડી આપશે."

બીજા દિવસે વહેલી સવારે ડૉક્ટર દરિયાકાંઠે ગયા અને ત્યાંથી પાછા ફરીને પ્રાણીઓને કહ્યું, "બધું ગોઠવાઈ ગયું છે. ખલાસી આપણને હોડી આપવા તૈયાર છે."

આ સાંભળી મગર, વાંદરો અને પોપટ ખૂબ જ ખુશ થઈ ગયા. તેઓ ગીતો ગાવા લાગ્યા. આફ્રિકા તેમનું વતન હતું અને તેઓ ત્યાં પાછા જવાના હતા. પોતાની વાત આગળ

ધપાવતા ડૉક્ટરે કહ્યું, "હું તમારા ત્રણ સિવાય – કૂતરાં જિપને, બતક 'ડબ-ડબ'ને, ભૂંડ 'ગબ-ગબ'ને અને ઘુવડ 'ટૂ-ટૂ'ને સાથે લઈ જઈ શકીશ. બાકીના બધા પ્રાણીઓ અમે પાછા આવીએ ત્યાં સુધી અહીં જ રહેશે અને ડોર્માઈસ (દિવસનો મોટો ભાગ ઊંઘી રહેતા ઉંદર જેવા પ્રાણીઓ), પાણીના ઉંદર તથા ચામાચીડિયા તેમના જન્મસ્થળ એવા ખેતરોમાં ચાલ્યા જશે. આમેય, આખો શિયાળો તેઓ સૂઈ રહે છે માટે તે ચિંતાનો વિષય નથી. વધુમાં, આફ્રિકા આવવું તેમના માટે હિતકારી પણ નથી."

હવે, પોપટ કે જેણે પહેલાં લાંબી દરિયાઈ સફર ખેડેલી હતી, તે જહાજ પર શું શું લઈ જવું પડશે એ વિશે માહિતી આપવા લાગ્યો, "આપણે ઘણી બધી પાઈલોટ બ્રેડ (સામાન્ય રીતે દરિયાઈ મુસાફરીમાં લઈ જવામાં આવતા એક પ્રકારના બિસ્કિટ) લઈ જવી પડશે. એ ઉપરાંત 'સૂકા રોટલા', ધાતુના પીપમાં માંસ તથા આપણું પોતાનું લંગર."

"મને લાગે છે કે જહાજનું અલાયદું લંગર હશે જ." ડૉક્ટરે કહ્યું.

"ભલે, પણ ખાતરી કરી લેજો. કારણ કે તે ખૂબ જરૂરી વસ્તુ છે. જો આપણી પાસે લંગર ન હોય તો આપણે ક્યાંય ઊભા ન રહી શકીએ. અને એક ઘંટડી પણ જોઈશે."

"ઘંટડીની શી જરૂર છે ?" ડૉક્ટરે પૂછ્યું.

"સમય જાણવા. આપણે તેને દર અડધી કલાકે વગાડીશું જેથી ગમે ત્યારે કેટલા વાગ્યા છે તેની જાણકારી રહે. અને જથ્થાબંધ દોરડું પણ જોઈશે. દોરડું મુસાફરીમાં હંમેશા કામ આવતું હોય છે."

પછી તે સૌને ફિકર થવા લાગી કે આ બધી ચીજ-વસ્તુઓ ખરીદવા પૈસા ક્યાંથી આવશે.

"પૈસા, માથાનો દુખાવો !" ડૉક્ટરે મોટેથી કહ્યું. "હે ભગવાન, મને આફ્રિકા પહોંચીને ઘણો આનંદ થશે જ્યાં અમારે પૈસાની કોઈ જરૂર નહીં રહે. હું જઈને કરિયાણાવાળાને પૂછી આવું છું કે આપણે પાછા આવીને તેને પૈસા ચૂકવીશું તો ચાલશે કે કેમ. ના, હું ખલાસીને જ તેની પાસે મોકલું છું."

પછી ખલાસી કરિયાણાવાળા પાસે ગયો અને તેમને જોઈતી બધી વસ્તુઓ લઈ આવ્યો.

પ્રાણીઓએ બધો સામાન બાંધ્યો, ઘરની પાઈપોનું પાણી (ભારે ઠંડીના કારણે) થીજીને બરફ ન થઈ જાય એ માટે આવતા પાણીનો વાલ્વ બંધ કર્યો, ઘરના તમામ નળ ખોલીને લાઇનો ખાલી કરી નાખી, શટર પાડ્યા, આખું ઘર બંધ કર્યું અને ઘરની ચાવીઓ તબેલામાં રહેતા ઘરડા ઘોડાને સોંપી. જયારે તેમને ખાતરી થઈ ગઈ કે તબેલાની ઓરડીમાં ઘોડાને આખો શિયાળો ચાલે એટલું ઘાસ છે તો સૌ પોતપોતાનો સામાન ઊંચકી દરિયા કિનારે પહોંચ્યા અને હોડીમાં ગોઠવાયા.

પ્રાણીઓનો આહાર વેચતો માણસ તેમને વિદાય આપવા આવ્યો હતો. ડૉક્ટરને ભેટ આપવા તે ખૂબ મોટા પ્રમાણમાં ચરબી અને માંસથી બનેલી વાનગી લઈ આવ્યો હતો. તેણે કહ્યું, "મેં સાંભળ્યું છે કે વિદેશની ભૂમિ પર આ વાનગી મળતી નથી."

બાદમાં જેવા તે સૌ જહાજ પર ચડ્યા કે 'ગબ-ગબે' પૂછ્યું, "સૂવાની પથારી ક્યાં છે ?" ત્યારે બપોરના ચાર વાગ્યા હતા અને તેને એક ઝોકું મારવાની ઈચ્છા હતી. તેથી પોલેનેશિયા તેને જહાજમાં નીચે લઈ ગયો અને દિવાલમાં લાગેલા એક બીજા પર ગોઠવાયેલા સૂવાના પાટિયાં બતાવ્યા.

"આ પથારી નથી," ગબ-ગબ બોલી ઉઠ્યો, "આ તો કબાટ છે !"

"જહાજમાં હંમેશા આવી જ પથારી હોય છે." પોપટે કહ્યું. "તે કબાટ નથી. તેમાંથી

કોઈ એકમાં લંબાવીને સૂઈ જા. તે 'બંક' તરીકે ઓળખાય છે. આ તારી પહેલી મુસાફરી છે એટલે તને બધું વિચિત્ર લાગશે, પણ થોડા સમય પછી ફાવી જશે."

"આમ તો... મને લાગે છે કે અત્યારમાં ઊંઘ નહીં આવે." ગબ-ગબે કહ્યું. "હું ખૂબ ઉત્સાહિત છું. મારે ફરી ઉપર જઈ જહાજ ચાલુ થતા જોવું છે."

"તો ચાલ." પોલેનેશિયાએ કહ્યું અને તે નીચેનું ગીત ગણગણતા જહાજના પગથિયાં ચડવા લાગ્યો,

કાળો હોય કે રાતો, સમંદરની સરખી ચાલ,
વિટ નામના ટાપુ પર, હું ગયો હતો એક સાલ,
પીળી હતી નદી, જે હતી બેનમૂન,
કેસરી દેખાતી રાતે, હું થઈ જતો સૂનમૂન,
લીલી છમ ભૂમિ હવે પાછળ છૂટી જાશે,
સમંદરને પાર કરતા ભીનો પવન વા'સે,
ઘણા બધા રંગો જોઈ હું પાકી ગયો છું,
ઉંમર થઈ છે મારી, હું થાકી ગયો છું.

તેઓ તેમની મુસાફરી શરૂ કરવાના જ હતા કે ડૉક્ટરે કહ્યું, "ખલાસી પાસે જઈ આફ્રિકાના રસ્તા વિશે પૂછવું પડશે."

પણ, યાયાવર પક્ષીએ કહ્યું કે તે આફ્રિકા દેશમાં ઘણીવાર ગયું છે અને તે જ તેમને ત્યાં લઈ જશે. આથી, ડૉક્ટરે ચી-ચીને લંગર ઉઠાવવા કહ્યું.

5. રોમાંચક મુસાફરી

હવે પૂરા છ અઠવાડિયા સુધી, આફ્રિકાનો રસ્તો બતાવતા અને વહાણની આગળ ઊડતા જતા યાયાવર પક્ષી પાછળ, વહાણ તરતું રહેવાનું હતું. રાત્રે તે યાયાવર નાનકડું ફાનસ લઈને ઊડતું જેથી અંધારામાં વહાણ આડુંઅવળું ન ફંટાઈ જાય. ફાનસ લઈને ઊડી રહેલા યાયાવર પક્ષીને દૂરથી જોઈ અન્ય જહાજના લોકોને એવું લાગતું કે તેઓ કોઈ ખરતો તારો જોઈ રહ્યા છે.

તેઓ દક્ષિણ દિશામાં આગળ વધતા ગયા તેમ ગરમી વધતી ગઈ. પોલેનેશિયા, ચી-ચી અને મગર તો સૂર્યની ગરમીને માણવા લાગ્યા. તેઓ ખુશ થઈને જહાજ પર આમતેમ દોડ્યા કરતા અને દૂર સુધી નજર માંડતા, જાણે હમણાં જ આફ્રિકા ન દેખાઈ જવાનો હોય.

પણ, ભૂંડ, કૂતરો અને ઘુવડ આવા વાતાવરણમાં કંઈ ન કરી શકતા. તેઓ ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા હતા. જહાજ પર પડતા સીધા તડકાથી બચવા તેઓ જહાજના છેડે ગોઠવાયેલા બેરલના પડછાયામાં જીભ કાઢીને બેસતા અને લીંબુપાણી પીતા રહેતા.

બતક 'ડબ-ડબ' તો ઠંડક મેળવવા વારેઘડીએ દરિયામાં ડૂબકી લગાવતું અને જહાજની પાછળ તરવા લાગતું. વળી, એટલાથી તેને ઠંડક ન થતી હોય તેમ ઘણીવાર જહાજની નીચે સરકી જઈ બીજી બાજુએથી બહાર નીકળતું. જોકે, આમ કરીને તે હેરિંગ નામની દરિયાઈ માછલી પણ પકડી લાવતું જે દર મંગળવાર તથા શુક્રવારે રાંધવામાં આવતી જેથી સાથે લેવામાં આવેલું માંસ લાંબો સમય સુધી ટકી શકે.

જયારે તેઓ વિષુવવૃતની નજીક પહોંચ્યા તો તેમણે ઊડતી માછલીઓને તેમની તરફ આવતા જોઈ. માછલીઓએ નજીક આવીને પોપટને પૂછ્યું, "શું આ ડૉ. ડૂલિટલનું જહાજ છે ?" પોપટે 'હા' કહી તો તેમણે કહ્યું, "અમને તે જાણીને ખૂબ આનંદ થયો છે કારણ કે આફ્રિકામાં રહેતા વાંદરાઓ ચિંતિત હતા કે ડૉ. ડૂલિટલ આવશે કે નહીં." પોલેનેશિયાએ તેમને પૂછ્યું કે હજી તેમને કેટલું અંતર કાપવાનું છે ત્યારે ઊડતી માછલીઓએ જવાબ આપ્યો, "આફ્રિકાનો કિનારો હવે ફક્ત પંચાવન માઈલ દૂર છે."

પછી નાના દાંતવાળી વ્હેલનું ટોળું મોજા સાથે હિલોળા લેતું તેમની પાસે આવી પહોંચ્યું. તેમણે પણ પોલેનેશિયાને પૂછ્યું, "આ જહાજ પેલા પ્રખ્યાત ડૉક્ટરનું જ છે ને ?" જયારે તેમને ખબર પડી કે જહાજ ડૉક્ટર ડૂલિટલનું છે ત્યારે તેમણે પોપટને કહ્યું, "ડૉક્ટરને પૂછો તો, મુસાફરી માટે કોઈ સામાન જોઈએ છે ?"

"હા, જહાજ પર ડુંગળી ખૂટી ગઈ છે." પોલેનેશિયાએ જ કહી દીધું.

"અહીં નજીકમાં એક ટાપુ છે જ્યાં મોટી જંગલી ડુંગળીઓ ઊગે છે. તમે આગળ વધતા રહો, અમે ત્યાંથી ડુંગળી લઈ આવીએ છીએ." આટલું કહી નાની વ્હેલનું ટોળું દરિયાના પાણીમાં દોડવા લાગ્યું. થોડી જ વારમાં પોપટે તેને ફરીવાર જોયું. તેઓ સમુદ્રીઘાસમાંથી બનેલા માળાઓમાં ડુંગળીઓ ભરી તેને ખેંચી લાવતા હતા.

બીજી સાંજે જયારે સૂર્ય આથમી રહ્યો હતો ત્યારે ડૉક્ટરે ચી-ચીને કહ્યું, "મને ટેલિસ્કોપ આપ. આપણી મુસાફરી પૂરી થવામાં છે. થોડી જ વારમાં આફ્રિકાનો કિનારો દેખાવો જોઈએ."

તેમને ખાતરી હતી કે અડધી કલાક પછી તેમને જમીન જેવું દેખાશે પરંતુ અંધારું થવા લાગ્યું હોવાથી તેઓ કંઈ જોઈ શક્યા નહીં. પછી, કડાકા-ભડાકા સાથે ભયંકર તોફાન શરૂ થયું. પવન ગર્જના કરવા લાગ્યો ; ધોધમાર વરસાદ વરસવા લાગ્યો ; મોજા એટલા ઊંચા ઊછળવા લાગ્યા કે તે જહાજના સૌથી ઉપરી ભાગ સાથે અથડાવા લાગ્યા. પછી, મોટો ધડાકો થયો અને વહાણ ઝાટકો

ખાઈને એક બાજુએ ફંગોળાયું.

"શું થયું ?" ડૉક્ટરે તૂતક પર આવીને પૂછ્યું.

"મને ખબર નથી." પોપટે કહ્યું. "પણ, લાગે છે કે જહાજ ખરાબે ચડી ગયું છે. બતકને કહો બહાર જઈને તપાસ કરે."

માટે, ડબ-ડબ ઊછળતા મોજામાં છલાંગ લગાવી પાણીની અંદર ગયું. થોડી વારે પાણીની બહાર આવી તેણે જણાવ્યું કે 'વહાણ એક ખડક સાથે જોરથી ટકરાયું છે ; જહાજના તળિયે મોટું ગાબડું પડી ગયું છે અને પાણી ત્યાંથી અંદર ધૂસી રહ્યું છે. જહાજ ઝડપથી ડૂબી જશે.'

"હે ભગવાન," ડૉક્ટર બોલી ઊઠ્યા, "આપણે ગમે તેમ કરી આફ્રિકા પહોંચવાનું છે. હવે, તરીને જમીન સુધી પહોંચ્યા સિવાય છૂટકો નથી."

પણ, ચી-ચી અને ગબ-ગબને તરતા ન્હોતું આવડતું.

"દોરડું પકડો." પોલેનેશિયાએ જોરથી કહ્યું. "મેં તમને કહ્યું હતું ને કે દોરડું કામ આવશે. બતક ક્યાં છે ? ડબ-ડબ, અહીં આવ. દોરડાનો છેડો પકડ અને ઊડીને દરિયા કિનારે જઈ તેને તાડીના થડ સાથે બાંધી દે ; અમે બીજો છેડો અહીં જહાજમાં પકડી રાખીશું. જેમને તરતા નથી આવડતું તે દોરડા પર સરકીને જમીન સુધી પહોંચી જાય. આને જ 'લાઈફ-લાઈન' કહેવાય, સમજ્યા !"

આમ, કેટલાક તરીને, કેટલાક ઊડીને તો કેટલાક દોરડાં પર લટકીને, જમીન પર પહોંચી ગયા. ડૉક્ટરની પેટી અને બગલ થેલો પણ જેમ તેમ કરી કિનારે પહોંચાડવામાં આવ્યા.

તળિયે પડેલાં કાણાં સાથેનું જહાજ હવે સાવ ભાંગી ગયું હતું. પથ્થરના ખડક સાથે અથડાઈને તેના ફુરચા બોલી ગયા હતા અને છૂટા પડેલા લાકડાના ટુકડા અહીં તહીં તરી રહ્યા હતા.

પછી, તે તમામે તોફાન શાંત થતા સુધી ભેખડની ટોચ પર આવેલી સલામત ગુફામાં આશરો લીધો.

બીજી સવારે જયારે સૂરજે દેખા દીધી તો સૌ નીચે ઊતર્યા અને સમુદ્રના રેતાળ કિનારે લટાર મારવા નીકળ્યા.

"પ્રિય આફ્રિકા," પોલેનેશિયાએ ઊંડો શ્વાસ લઈ કહ્યું, "અહીં પાછા આવીને ખૂબ સારું લાગે છે. 'દુનિયાનો છેડો તે ઘર' એમ જ નથી કહેવાયું. હું છેલ્લે અહીં હતો તે વાતને આજે એકસો ઓગણસિત્તેર વર્ષ થશે. જોકે, આટલા વર્ષો પછી પણ તારામાં રતીભારનો ય ફરક પડ્યો નથી. તું હજુ એવો ને એવો જ છે ; એ જ જૂની તાડીઓ, એ જ લાલ માટી, એ જ કાળી કીડીઓ."

તેની આંખમાં આંસુ આવ્યા, પોતાના વતનને જોઈ તે ભાવુક થઈ ગયો હતો.

ત્યારે ડૉક્ટરને યાદ આવ્યું કે તેમના માથે ટોપી નથી ; કદાચ સમુદ્રી તોફાનમાં ઊડી ગઈ હશે. આથી, ડબ-ડબ તે શોધવા દૂર સુધી ગયું. અચાનક તેણે તે જોઈ. તે ખાસ્સી દૂર હતી અને રમકડાની હોડીની જેમ પાણીમાં હાલક-ડોલક તરી રહી હતી.

ડબ-ડબ તેને ઊંચકવા નીચે ગયું તો તેણે જોયું કે એક ગભરાયેલો સફેદ ઉંદર તેની અંદર બેઠો છે.

"તું અહીં શું કરે છે ?" બતકે પૂછ્યું. "તને ફડલબીમાં રહેવાનું ન્હોતું કહ્યું ?"

"હું ન્હોતો ઈચ્છતો કે તમે લોકો મને છોડીને ચાલ્યા જાવ." ઉંદરે કહ્યું. "અને મારે ય આફ્રિકા જોવું હોય ને ! આફ્રિકામાં મારા સંબંધીઓ પણ રહે છે. માટે, હું સામાનમાં સંતાઈ ગયો

હતો. આજ સુધી સૂકા રોટલા ખાઈને ટકી રહ્યો પણ... જહાજ ડૂબવા લાગ્યું એટલે મને મોત દેખાઈ ગયું. હું દૂર સુધી તરી શકતો નથી. જેટલું તરી શકાયું એટલું તર્યો પણ પછી થાકી ગયો એટલે લાગ્યું કે હવે સ્વર્ગે સિધાવવાનો સમય થઈ ગયો છે. અને ત્યારે, એ જ ક્ષણે, ડૉક્ટરની ટોપી તરતી તરતી મારી પાસેથી પસાર થઈ અને હું તેમાં કૂદકો મારીને બેસી ગયો."

પછી બતકે, અંદર રહેલા ઉંદર સાથે જ ટોપી ઊંચકી લીધી અને તે ડૉક્ટર પાસે પહોંચ્યું. કિનારે રહેલા બધા જ જીવો ટોળે વળી ટોપીની અંદર જોવા લાગ્યા.

"આ તો 'છૂપો રુસ્તમ' નીકળ્યો." પોપટે કહ્યું.

હવે તેઓ ડૉક્ટરની પેટીમાં જગ્યા શોધવા લાગ્યા જેથી ઉંદર તેમાં બેસી આરામદાયક મુસાફરી કરી શકે. પણ, અચાનક ચી-ચીએ કહ્યું, "સ્સ્સ્સ, મને કોઈના પગલાંનો અવાજ સંભળાય છે."

આથી, બધા વાતો કરવાનું બંધ કરી તે અવાજ સાંભળવા લાગ્યા. થોડી જ વારમાં એક હબસીએ લાકડા પાછળથી દેખા દીધી. તે કાળા માણસે તેમને પૂછ્યું, "તમે લોકો અહીં શું કરો છો ?"

"મારું નામ જ્હોન ડૂલિટલ – એમ.ડી. છે." ડૉક્ટરે કહ્યું. "હું આફ્રિકામાં માંદા પડેલા વાંદરાઓની સારવાર કરવા આવ્યો છું."

"તો તમારે પહેલાં રાજા સમક્ષ હાજર થવું પડશે." કાળા માણસે કહ્યું.

"શું, રાજા સમક્ષ ?" ડૉક્ટર અણગમાથી બોલ્યા. તેઓ વાંદરાઓના ઈલાજમાં એક મિનિટ પણ બગાડવા માંગતા ન હતા.

"જોલિજિન્કીના રાજા." માણસે કહ્યું. "આ આખો વિસ્તાર તેમના તાબા હેઠળ છે. અને દરેક અજાણ્યા માણસને પ્રથમ તેમની સમક્ષ હાજર કરવામાં આવે છે. મારી પાછળ પાછળ ચાલ્યા આવો."

આથી, બધાએ પોતપોતાનો સામાન ઊંચક્યો અને પેલા માણસને અનુસરતા ત્યાંથી ચાલી નીકળ્યા.

6 : રાજા અને પોલેનેશિયા

ગીચ જંગલમાં થોડી મુસાફરી કર્યા બાદ તેઓ ખુલ્લી જગ્યામાં આવી પહોંચ્યા. ત્યાં રાજાનો, લીંપણ કરીને બનાવેલો માટીનો મહેલ હતો.

આ એ જગ્યા હતી જ્યાં રાજા પોતાની રાણી અને દીકરા સાથે રહેતા હતા. માછલી પકડવા નદી કિનારે ગયેલો રાજકુમાર 'બમ્પો' ત્યાં હાજર ન હતો, પણ રાજા-રાણી મહેલના દરવાજા પાસે છત્રી નીચે બેઠા હતા. રાણી 'અર્મીન્ટ્રુડ' ત્યાં બેઠા બેઠા જ સૂઈ ગઈ હતી.

જયારે ડૉક્ટર મહેલમાં પ્રવેશ્યા ત્યારે, રાજાએ તેમની પૂછપરછ કરી અને ડૉક્ટરે આફ્રિકા આવવાનું કારણ જણાવ્યું.

"તમે મારા રાજ્યમાંથી મુસાફરી નહીં કરી શકો." રાજાએ કડકાઈથી કહ્યું. "ઘણા વર્ષો પહેલાં એક સફેદ માણસ દરિયાપારથી આવ્યો હતો ; હું તેની સાથે સારી રીતે વર્ત્યો હતો, પણ પછી તેણે સોનું મેળવવા જમીનો ખોદી અને કીમતી દંતશૂળ મેળવવા કેટલાય હાથીઓની કતલ કરી. તે મને મળ્યા વગર કે મારો આભાર પણ વ્યક્ત કર્યા વગર મને અંધારામાં રાખી, તેના જહાજમાં ભાગી ગયો હતો. ત્યારથી મેં નક્કી કર્યું છે કે જોગિલિન્કીની જમીન પર કોઈ ધોળિયાને પગ નહીં મૂકવા દઉં."

પછી, રાજાએ ઊલટા ફરી પાછળ ઊભેલા હબસીઓને આદેશ આપ્યો, "આ ડૉક્ટરને અને તેના તમામ પ્રાણીઓને અહીંથી લઈ જાવ. તેમને કાળકોટડીમાં પૂરી દો."

માટે, ત્યાં ઊભેલા કાળા માણસોમાંથી કેટલાકે ડૉક્ટર અને તેના પ્રાણીઓને અંધારકોટડીમાં પૂરી દીધા. બંદીખાનામાં ફક્ત એક નાનકડી બારી હતી. દીવાલમાં ખાસ્સી ઊંચાઈ પર રહેલી તે બારી પણ લોખંડના સળિયાથી જડાયેલી હતી. દરવાજો જાડો અને મજબૂત હતો.

હવે, તે બધા ખૂબ દુખી થઈ ગયા. ભૂંડ ગબ-ગબ તો રડવા લાગ્યું, પણ ચી-ચીએ તેને ધમકાવતા કહ્યું, "જો તું તારો રડવાનો અવાજ બંધ નહીં કરે તો હું તને ચાપટ મારી દઈશ." માટે, ગબ-ગબ ચુપ થઈ ગયું.

"બધા આવી ગયા કે કોઈ બાકી છે ?" અંધારકોટડીના ઓછા પ્રકાશમાં આંખો ટેવાતા ડૉક્ટરે પૂછ્યું.

"હા, લગભગ." બતકે કહ્યું અને એક પછી એક માથા ગણવા લાગ્યું.

"પોલેનેશિયા ક્યાં છે ?" મગરે કહ્યું, "તે દેખાતો નથી."

"શું વાત કરે છે ?" ડૉક્ટરથી બોલી જવાયું. "ફરીથી ગણો. પોલેનેશિયા, એ પોલેનેશિયા, તું ક્યાં છે ?"

"મને લાગે છે કે તે ભાગી ગયો છે." મગરે ફરિયાદ કરી. "વારુ, તે એવો જ હતો. જેવા તેના મિત્રો મુસીબતમાં ફસાયા કે તે પાતળી ગલીથી નીકળી ગયો."

"હું તેવો સ્વાર્થી નથી" કહેતો પોલેનેશિયા ડૉક્ટરના કોટના પાછલા ખિસ્સામાંથી બહાર નીકળ્યો. "હું બારીના સળિયામાંથી સરકી શકું એટલું નાનું કદ ધરાવું છું, માટે મને બીક હતી કે રાજા મને જેલના બદલે પાંજરામાં પૂરાવી દેશે. તેથી જ રાજા જયારે ડૉક્ટર સાથે વાતો કરવામાં મશગૂલ હતો, હું ડૉક્ટરના કોટના ખિસ્સામાં સંતાઈ ગયો હતો. આને 'ચાલ' કહેવાય, સમજ્યો !" પોતાની ચાંચથી પીંછા સરખા કરતા પોપટે કહ્યું.

"હે ભગવાન," ડૉક્ટરથી ઊંચા સાદે બોલી જવાયું, "તું નસીબદાર છે કે હું તારા પર બેસી ન ગયો."

"એ વાત છોડો અને મારી વાત ધ્યાનથી સાંભળો." પોલેનેશિયાએ કહ્યું. "આજે રાત્રે જેવું અંધારું જામશે કે હું ચુપકીથી બારીમાંથી નીકળી મહેલ તરફ ઊડી જઈશ. અને પછી... હું એવું કંઈક કરીશ કે રાજા આપણને બધાને છોડી મૂકે."

"ઓહ, પણ તું એકલો શું કરી શકીશ ?" ગબ-ગબ પોતાનું નાક લૂછી ફરી રડવા લાગ્યું. "તું તો નાનકડું પક્ષી છે."

"એકદમ સાચું." પોપટે કહ્યું. "હું એક નાનકડું પક્ષી છું. પણ, તું ભૂલી જાય છે કે હું માણસની ભાષામાં બોલી શકું છું. બીજું એ કે હું આ માણસોને સારી રીતે ઓળખું પણ છું."

પછી તે રાત્રે, ચંદ્રની ચાંદની તાડીઓ પર રેલાવા લાગી ત્યારે, રાજાના માણસો ઊંઘમાં સરી પડ્યા. બહાર સન્નાટો ફેલાતા સાવધાન પોપટે જેલની બારીમાંથી ચારે બાજુ નજર દોડાવી અને ધીમેથી બારીની બહાર નીકળી, મહેલ સુધી પહોંચી ગયો. મહેલાના કોઠારની બારીનો કાચ અઠવાડિયા પહેલાં જ તૂટી ગયો હતો. પોલેનેશિયાએ તે ફૂટેલા કાચમાંથી અંદર જોયું.

મહેલની પછીતે આવેલા બેડરૂમમાં પોઢેલા રાજકુમાર બમ્પોના નસકોરાનો અવાજ, અહીં સુધી સંભળાતો હતો. પોપટ બારીમાંથી અંદર ગયો અને પગના પહોંચા પર ચાલતો ચાલતો - અવાજ ન થાય તેમ - પગથિયાં ચડવા લાગ્યો. એવી રીતે તે રાજાના બેડરૂમ સુધી પહોંચ્યો અને હળવેકથી બેડરૂમનો દરવાજો ઉઘાડ્યો.

રાણી તેના પિતરાઈની ડાન્સપાર્ટીમાં ગઈ હતી, માટે રાજા રૂમમાં એકલો જ હતો. તે ય ગાઢ ઊંઘમાં પોઢેલો હતો. આથી, પોલેનેશિયા એકદમ કાળજીપૂર્વક અંદર પ્રવેશ્યો અને પલંગ નીચે છુપાઈ ગયો. પછી, જેવી રીતે ડૉ. ડુલિટલ ખાંસતા એવી જ રીતે તેણે ઉધરસ ખાધી. પોલેનેશિયા કોઈની પણ નકલ બહુ સારી રીતે કરી શકતો.

ઉધરસનો અવાજ સાંભળી રાજાએ પોતાની આંખો ખોલી અને ઊંઘમાં જ બબડ્યો : "અર્મીન્ટ્રુયુડ, તું આવી ગઈ ?" (તેને લાગ્યું કે રાણી ડાન્સપાર્ટીમાંથી પાછી આવી ગઈ છે.)

પોપટે ફરી એક વાર ઉધરસ ખાધી અને રાજા બેઠો થઈ ગયો. તેની ઊંઘ એકદમ ઊડી ગઈ. તેણે પૂછ્યું, "કકકોણ છે?"

"હું ડૉ. ડૂલિટલ છું." જેવી રીતે ડૉક્ટર ડૂલિટલ બોલતા એવી જ રીતે પોપટે કહ્યું.

"પણ, તું મારા બેડરૂમમાં શું કરે છે ?" રાજા બરાડી ઉઠ્યો. "જેલમાંથી ભાગી છૂટવાની તારી હિંમત કેવી રીતે થઈ ? તું મને દેખાતો નથી, તું ક્યાં છે ?"

પણ, જવાબમાં પોપટ ફક્ત હસ્યો, જેવું ડૉક્ટર હસતાં એવું જ આનંદી, ઉલ્લાસપૂર્ણ અને ખડખડાટ...

"હસવાનું બંધ કર અને અત્યારે જ મારી સામે હાજર થા જેથી હું તને જોઈ શકું." રાજાએ હુકમ કર્યો.

"મૂરખના સરદાર !" પોલેનેશિયાએ જોરથી કહ્યું. "તને ખબર નથી કે તું દુનિયાના સૌથી અદ્ભુત માણસ સાથે વાત કરી રહ્યો છે. બેશક, તું મને નહીં જોઈ શકે કારણ કે મેં મારી જાતને અદૃશ્ય કરી દીધી છે. દુનિયામાં એવું કોઈ કામ નથી જે હું ન કરી શકું. હવે, ધ્યાનથી સાંભળ, હું તને એક ચેતવણી આપવા આવ્યો છું. જો તું મને અને મારા પ્રાણીઓને તારા રાજ્યમાંથી પસાર નહીં થવા દે તો હું તને અને તારા માણસોને વાંદરાઓની જેમ બીમાર કરી નાખીશ. હું ખાલી ટચલી આંગળી ઊંચી કરીને માણસોને સાજા કે બીમાર કરી શકું છું. માટે, અત્યારે જ તારા સૈનિકોને મોકલી અંધારકોટડીના દરવાજા ખોલાવી દે નહિતર સવારનો સૂર્ય જોગિલિન્કીના શિખરો પર દેખા

દેશે એ પહેલાં તને ગાલ-પચોળિયાં થઈ જશે.”

આ સાંભળી રાજા ખૂબ ગભરાઈ ગયો. તે ધ્રૂજવા લાગ્યો.

“ડૉક્ટર, તમે કહો છો એવું જ થશે. પ્લીઝ, તમારી ટચલી આંગળી ઊંચી ન કરતા.” રાજા એકદમ ઢીલો પડી ગયો અને કૂદીને પલંગ પરથી નીચે ઉતરી ગયો. તે તરત જ સૈનિકો પાસે દોડી ગયો અને તેમને જેલના દરવાજા ખોલવાનો હુકમ આપ્યો.

આ બાજુ જેવો રાજા બહાર ગયો કે પોલેનેશિયા, આવ્યો હતો તે રીતે, પગથિયાં ઉતરી કોઠારની બારીમાંથી ગળકી બહાર ઊડી ગયો.

પણ રાણી, જે હમણાં જ પોતાની પાસે રહેલી વધારાની ચાવીથી તાળું ખોલી મહેલમાં પ્રવેશી હતી તેણે પોપટને ઊડી જતા જોયો. જેવો રાજા સૂવા માટે પાછો ફર્યો કે રાણીએ તેને પોપટ વિશે જણાવ્યું.

રાણીની વાત સાંભળી રાજાને સમજાઈ ગયું કે પોપટે તેને બેવકૂફ બનાવ્યો છે. આથી, રાજાને ભયાનક ગુસ્સો આવ્યો. તે તરત જ જેલ તરફ ભાગ્યો, પણ મોડું થઈ ગયું હતું. દરવાજો ખુલ્લો હતો અને કોટડી ખાલી ; ડૉક્ટર અને તેમના પ્રાણીઓ ચાલ્યા ગયા હતા.

7 : વાંદરાઓનો પુલ

રાણી અર્મીન્ટ્રયુડે પોતાના પતિને આટલો ભયાનક ગુસ્સે થતા પહેલાં ક્યારેય જોયો ન હતો. રાજાએ ક્રોધાવેશમાં દાંત ભીંસ્યા. તે દરેકને મૂર્ખ કહી બરાડવા લાગ્યો અને પોતાના ટૂથબ્રશનો પાળેલી બિલાડી તરફ ઘા કર્યો. તેણે નાઈટડ્રેસ પહેર્યો હતો છતાં, કપડાં બદલ્યા વગર જ તે રૂમમાં આંટા મારવા લાગ્યો. તેણે સૈન્યને સજાગ કર્યું, ડૉક્ટરને પકડી લાવવા આદેશ આપ્યો અને નોકર-ચાકર, રસોઈયા, માળી, વાળંદ, રાજકુમાર બમ્પોના શિક્ષક તથા ટાઈટ-શૂઝમાં ડાન્સ કરીને થાકી ગયેલી રાણી અર્મીન્ટ્રયુડને સૈનિકો સાથે જવા હુકમ કર્યો. તે સૌ ડૉક્ટરની તલાશ પર જવા માટે સજ્જ થવા લાગ્યા.

એ દરમિયાન ડૉક્ટર અને તેના પ્રાણીઓ, વાંદરાઓની ભૂમિ પર પહોંચવા, રાજાના તાબા હેઠળના પ્રદેશમાં પૂરઝડપે દોડી રહ્યા હતા.

જોકે, ટૂંકા પગવાળું ગબ-ગબ તરત જ થાકી ગયું અને ડૉક્ટરે તેને ઊંચકી લેવું પડ્યું. આમ કરવાથી ડૉક્ટરને દોડવામાં તકલીફ પાડવા લાગી કારણ કે તેમની પાસે પેટી અને બગલથેલો તો પહેલાંથી જ હતા.

જોગિલિન્કીના રાજાને લાગ્યું કે ડૉક્ટર અજાણ્યા પ્રદેશમાં હોવાથી રસ્તો ભૂલી જશે અને સરળતાથી પકડાઈ જશે, પરંતુ તેઓ ખોટા હતા. ચી-ચી જંગલના બધા જ રસ્તાઓ જાણતો હતો – કદાચ રાજા અને તેના માણસો કરતા પણ વધારે સારી રીતે. તેથી, તે ડૉક્ટર અને પ્રાણીઓને જંગલના એવા વિસ્તારમાં દોરી ગયો જ્યાં માણસો પ્રવેશ્યા જ ન હોય. ચી-ચીના કહેવાથી સૌ મોટી ચટ્ટાન વચ્ચે ઊગી નીકળેલા વિશાળ વૃક્ષના પોલા થડમાં છુપાઈ ગયા.

“આપણે અહીં છુપાઈ રહેવું જોઈએ,” ચી-ચીએ કહ્યું, “સૈનિકો થાકીને પાછા ફરી જાય ત્યાં સુધી... ત્યારપછી જ આપણે વાંદરાઓના પ્રદેશ તરફ આગળ વધીશું.”

તેઓ આખી રાત ત્યાં જ છુપાઈ રહ્યા.

આસપાસ ફરતાં, ડૉક્ટર અને પ્રાણીઓને શોધતા, અંદરોઅંદર વાતો કરતા સૈનિકોનો અવાજ આખી રાત સંભળાતો રહ્યો. પણ, ડૉક્ટર અને પ્રાણીઓ સુરક્ષિત હતા. ચી-ચી સિવાય કોઈ તે પોલાણવાળી જગ્યા વિશે જાણતું ન હતું, વાંદરાઓ પણ નહીં !

છેવટે, દિવસ ઊગવાની શરૂઆત થઈ અને ગાઢા વૃક્ષોના પાંદડા વચ્ચેથી રેલાતા પ્રકાશના કિરણો જમીન પર ફેલાવા લાગ્યા. સૌને રાણી અર્મીન્ટ્રયુડનો થાકપ્રચુર આવાજ સંભળાયો, “હવે, શોધખોળ કરવાનો કોઈ મતલબ નથી. પાછા જઈને થોડી ઊંઘ ખેંચી લઈએ.”

થોડી વારમાં સૈનિકો પાછા ચાલ્યા ગયા અને ચી-ચીએ ડૉક્ટર તથા પ્રાણીઓને બહાર આવવા કહ્યું. પછી જેવા સૌ બહાર આવ્યા કે વાંદરાઓના પ્રદેશ તરફ આગેકૂચ કરવામાં આવી. જોકે, વાંદરાઓની ભૂમિ કંઈ નજીક ન હતી. સતત ચાલવાથી તેઓ થાકી જતા હતા અને ખાસ કરીને ગબ-ગબ. પણ, જ્યારે તે રડવા લાગ્યું ત્યારે, કોઈએ તેને નારિયેળમાંથી દૂધ બનાવીને પીવડાવ્યું ; તેને તે ખૂબ ભાવતું હતું.

તેમની પાસે ખાવા-પીવાની વાનગીઓનો ય કોઈ તોટો ન હતો કારણ કે ચી-ચી અને પોલેનેશિયાને જંગલમાં ઊગતા દરેક શાકભાજી-ફળો વિશે જાણકારી હતી. અંજીર, મગફળી, આદુ, સૂરણ વગેરે ક્યાં ઊગે છે અને ક્યાંથી મળશે એ વિશે તેમને પાક્કી ખબર હતી. તેઓ જંગલી નારંગીમાંથી શરબત બનાવતા અને મધપુડામાંથી મધ મેળવી તેને ગળ્યું કરતા. કોઈ કંઈ પણ માંગે તો ચી-ચી અને પોલેનેશિયા તે અથવા તેના જેવી વસ્તુ તરત હાજર કરી દેતા. અરે, એક સમયે

ડૉક્ટરે સાથે લીધેલું તમાકુ ખતમ થઈ ગયું અને તેમને ધૂમ્રપાન કરવાની તલબ લાગી ત્યારે તે બંને ક્યાંકથી તમાકુ પણ શોધી લાવ્યા !

રાત્રે તેઓ તાડીના પાનમાંથી તંબુ બનાવતા, અંદર સૂકા ઘાસની પથારી કરતા અને તેના પર આરામ ફરમાવતા. વળી, થોડા જ સમયમાં તેમને ચાલતા રહેવાની આદત પડી ગઈ જેથી ચાલવાનો થાક લાગવાનું પણ બંધ થઈ ગયું.

સફરને તેઓ બધી રીતે માણવા લાગ્યા હતા છતાં ક્યારે રાત પડે અને આરામ કરવા રોકાવું પડે તેની સૌને ઇન્તેજારી રહેતી. તેનું કારણ એ હતું કે દરરોજ રાત્રે વાળું પતે એટલે ડૉક્ટર લાકડીઓનો ઢગલો કરી તાપણું સળગાવતા અને સૌ તેને વીંટળાઈને બેસતા. પછી, પોલેનેશિયા ખારવા લલકારે એવા સમુદ્રી ગીતો ગાતો અને ચી-ચી જંગલની વાર્તાઓ કહેતો.

ચી-ચી જે વાર્તાઓ કહેતો તેમાંની ઘણી વાર્તાઓ તો ખૂબ મનોરંજક રહેતી, તેથી ચી-ચીએ કહેલી વાર્તાઓને ડૉક્ટર કાગળ પર લખી લેતા. ભલે, વાંદરાઓ પાસે તેમના ભવ્ય ઈતિહાસને ઉજાગર કરતી ઐતિહાસિક ચોપડી નથી હોતી પણ વારસો દર વારસો તેઓ પોતાના બચ્ચાંઓને આવી વાર્તાઓ કહી બધું યાદ રાખતા હોય છે. ચી-ચી જે વાર્તાઓ કહેતો તેમાંની મોટાભાગની તેણે પોતાના દાદી પાસેથી સાંભળી હતી. તે એ સમયની વાર્તાઓ હતી જયારે માણસો કપડાં તરીકે રીંછની ચામડું ઓઢતા, પથ્થરોના પોલાણમાં રહેતા અને શેક્યા વગરનું કાચું માંસ ખાતા. પ્રાણીઓની જેમ જીવતા એ આદિમાનવોને રસોઈ કેમ કરવી તેનું ય જ્ઞાન ન હતું અને આગ હજુ શોધાઈ જ ન્હોતી. એ સિવાય તે તેમને વિશાળકાય હાથી અને ટ્રેન જેવડી ગરોળીઓ વિશે પણ કહેતો. તે લાંબી ગરોળીઓ પર્વતોની આસપાસ રહેતી અને ઊંચા ઝાડની ટોચ પર ઊગેલા ફળ-ફૂલને મોઢું મારીને ખાઈ જતી. તે સૌ વાર્તા સાંભળવામાં એટલા મશગૂલ થઈ જતા કે વાર્તા પૂરી થાય ત્યારે જ સૌને ખબર પડતી કે આગ હોલવાઈ ગઈ છે ! પછી તે સૌ જલદી જલદી દોડી લાકડા વીણી આવતા અને નવી આગ પેટાવતાં.

આ બાજુ સૈનિકોએ પાછા જઈને રાજાને કહ્યું હતું કે તેઓ ડૉક્ટર અને તેના પ્રાણીઓને શોધી શક્યા નથી. આથી, રાજા ખૂબ ગુસ્સે થયો હતો. તેણે બરાડીને કહેલું, "નાલાયકો, જાવ અને તે બધાને પકડી ન લો ત્યાં સુધી તમારું મોઢું ન બતાવતા. તમે જંગલમાં રહો કે ગમે ત્યાં પણ તે સૌ કેદ થાય પછી જ પાછા આવજો."

ડૉક્ટર અને પ્રાણીઓ વાંદરાઓની ભૂમિ તરફ આગળ વધી રહ્યા હતા ત્યારે તેમને એમ જ હતું કે તે સૌ સુરક્ષિત છે પરંતુ રાજાના સૈનિકો તેમની પાછળ આવી રહ્યા હતા. જો ચી-ચીને તે વાતની ખબર હોત તો તેણે સૌને ક્યાંક છુપાવી દીધા હોત, પણ તેને તેની જાણ ન હતી.

એક દિવસ ચી-ચીએ ખૂબ ઊંચા ખડક પર જઈ ઝાડવાઓની પેલે પાર જોવા પ્રયત્ન કર્યો. તેણે નીચે આવીને સૌને જણાવ્યું કે તેઓ વાંદરાઓની ભૂમિની ખૂબ નજીક છે અને ત્યાં થોડી જ વારમાં પહોંચી જશે.

તે જ સાંજે તેમને ચી-ચીના ભાઈભાંડુ અને સંબંધીઓ તેમની રાહ જોતા દેખાયા. તે સૌ હજુ પણ તંદુરસ્ત હતા અને ઝાડની છાયામાં બેસી તેમની રાહ જોઈ રહ્યા હતા. તે સૌએ પ્રખ્યાત ડૉક્ટર ડુલિટલને પોતાની તરફ આવતા જોયા અને ખુશીથી ચિત્કાર કરી ઊઠ્યા. તેમણે ઉત્સાહમાં આવી ચીસો પાડી, ઝાડની ડાળીઓ હલાવી અને એક ડાળથી બીજી ડાળ, બીજી ડાળથી ત્રીજી ડાળ એમ કૂદકા માર્યા.

તેમને થયું કે ડૉક્ટરના હાથમાં રહેલી પેટી, બગલથેલો અને તમામ સામાન ઊંચકી

લઈએ. એક પહાડી વાંદરાએ થાકી ગયેલા ગબ-ગબને નાના બાળકની જેમ ઊંચકી લીધું. પછી તેમાંના બે વાંદરાઓ 'ડૉક્ટર આવી ગયા છે' એવી ખુશખબર આપવા બીમાર વાંદરાઓ પાસે દોડી ગયા.

પણ, રાજાના માણસો હજુ તેમનો પીછો કરી રહ્યા હતા. વાંદરાઓએ ઉત્સાહમાં આવી જે ચીસાચીસ કરી તેનાથી તેમને ખબર પડી ગઈ કે ડૉક્ટર કઈ દિશામાં છે. અવાજ આવ્યો હતો તે દિશામાં સૈનિકો ઝડપથી દોડ્યા.

ગબ-ગબને ઊંચકીને ચાલતો વાંદરો આરામથી ચાલતો હોવાથી સૌની પાછળ રહી ગયો હતો. તેણે સૈન્યના કપ્તાનને ઝાડની પાછળથી ડોકિયા કરતો જોયો. તે ઝડપથી દોડ્યો અને જોરથી બોલ્યો, "ભાગો."

પછી તો સૌ એવા ભાગ્યા કે ન પૂછો વાત. જાણે હડકાયું કૂતરું પાછળ પડ્યું હોય એવી રીતે સૌ દોડવા લાગ્યા. રાજાના માણસો તેમની પાછળ દોડ્યા. બધા સૈનિકોમાં કેપ્ટનની ઝડપ સૌથી વધુ હતી.

એવામાં ડૉક્ટર કીચડવાળી જગ્યામાં લપસ્યા. કેપ્ટનને લાગ્યું કે હવે તો ડૉક્ટર પકડાઈ જ જશે.

પણ, કેપ્ટનના કાન મોટા અને વાળ નાના હતા. લપસી પડેલા ડૉક્ટરને પકડવા તે સ્પ્રિંગની જેમ ઊછળ્યો અને તેનો મોટો કાન ઝાડની તીક્ષ્ણ ડાળીમાં ભરાઈ ગયો. તે પીડાથી ચીસ પાડી ઊઠ્યો. અન્ય સૈનિકો તેને મદદ કરવા અટક્યા.

એ બે-ચાર પળમાં ડૉક્ટર ફરી ઊઠ્યા અને મૂઠીઓ વાળીને દોડવા લાગ્યા. તેઓ દોડતા રહ્યા, ભાગતા રહ્યા, પાછળ જોયા વગર નાસતા રહ્યા. અને અચાનક ચી-ચીએ બૂમ પાડી, "વાંદરાઓનો પ્રદેશ આવી ગયો છે."

પણ, વાંદરાઓના પ્રદેશમાં પ્રવેશતા પહેલાં એક ભેખડ આવતી હતી જેના છેડે પહોળી ધસમસતી નદી વહેતી હતી. આ જ જોગિલિન્કીની સરહદ હતી, વાંદરાઓનો પ્રદેશ નદીની બીજી બાજુએ હતો.

કૂતરાં જિપે સીધી - એકદમ સીધી ચટ્ટાનના છેડે ઊભા રહીને નીચે જોયું અને બોલ્યો, "આ નદી કેવી રીતે પાર થશે ?"

"મરી ગયા !" ગબ-ગબે કહ્યું. "પાછળ જુઓ, રાજાના માણસો સાવ નજીક આવી ગયા છે. હવે આપણે પકડાઈ જ જઈશું." અને તે હિબકાં ભરી રડવા લાગ્યું.

પણ, જે વાંદરાએ ગબ-ગબને ઊંચક્યું હતું તેણે તેને નીચે ઉતાર્યું અને નદીના અન્ય છેડે રહેલા વાંદરાઓને બૂમ મારી, "દોસ્તો, પુલ બનાવો. જલદી, જલદી કરો, આપણી પાસે એક જ મિનિટ છે. કેપ્ટનનું મગજ ખનકી ગયું છે. તે ગાંડા હાથીની જેમ આવી રહ્યો છે. સ્ફૂર્તિ બતાવો, પુલ... જલદી પુલ બનાવો !"

ડૉક્ટર વિચારવા લાગ્યા કે તેઓ શામાંથી પુલ બનાવશે ? કદાચ કોઈ તૂટેલા વહાણના પાટિયાં પડ્યા હોય તો તે શોધવા ડૉક્ટર પાછા ફર્યા પણ તેમને કંઈ ન દેખાયું.

તેઓ ફરી પાછા ફર્યા અને ચટ્ટાનની આગળ જોયું તો લટકતો પુલ તૈયાર થઈ ગયો હતો. તે પુલ જીવતા વાંદરાઓથી બનેલો હતો ! ડૉક્ટર જયારે પાટિયાં શોધવા પાછા ફર્યા હતા ત્યારે, એટલી જ વારમાં વાંદરાઓએ પુલ બનાવી દીધો હતો. તેઓ એકબીજાના હાથ અને પગ પકડીને લટકી રહ્યા હતા અને પુલ તૈયાર હતો.

આ જોઈ ડૉક્ટરે જોરથી ચીસ સાંભળી, "ઉપર ચડી જાવ, જલદી કરો."

ગબ-ગબ થોડું ગભરાઈ ગયું હતું કારણ કે નદીથી ખૂબ ઊંચાઈએ બનેલા આ સાંકડા પુલ પરથી નીચે જોઈએ તો ચક્કર આવી જાય તેમ હતું. પણ, ગબ-ગબ અને બધા પ્રાણીઓ સલામત રીતે સામા છેડે પહોંચી ગયા.

જ્હોન ડૂલિટલ સૌથી છેલ્લે રહ્યા હતા. તો ય રાજાના માણસો ચટ્ટાનના છેવાડે પહોંચ્યા ત્યારે ડૉક્ટર ડૂલિટલે બીજા છેડે – વાંદરાઓની ભૂમિ પર પગ મૂકી દીધો હતો અને જીવતા વાંદરાઓનો પુલ સમેટાઈ ગયો હતો.

આથી, કેપ્ટન અને સૈનિકોએ પોતાની મૂઠીઓ હવામાં ઉછાળી અને ગુસ્સાથી ચીસો પાડી. તેઓ થોડા માટે ચૂકી ગયા હતા. ડૉક્ટર તથા પ્રાણીઓ હવે સાવ સલામત હતા.

ચી-ચીએ ડૉક્ટર સામે જોઈને કહ્યું, "ઘણાં બધા શોધકર્તાઓ અને ભટકતા રહેતા પ્રાણીવિજ્ઞાનીઓ વાંદરાઓની આ ટ્રિક જોવા મહિનાઓ સુધી જંગલમાં પડ્યા રહે છે. પણ, આજ સુધી કોઈને તેની ઝલક સુધ્ધાં જોવા મળી નથી. દુનિયાભરમાં જેના વિશે સૌને કૌતુક છે તેવો 'જીવતા વાંદરાઓનો પુલ' જોનાર તમે પ્રથમ વ્યક્તિ છો."

આ સાંભળી ડૉક્ટર ગર્વાન્વિત થયા.

8. સિંહોનો રાજા...

વાંદરાઓના પ્રદેશમાં પહોંચી, જ્હોન ડૂલિટલ અત્યંત વ્યસ્ત બની ગયા. ત્યાં હજારો-લાખો વાંદરાઓ બીમાર હતા. પછી, તે ગોરીલા, ઉરાંગ-ઉટાંગ, ચિમ્પૅન્ઝી, બબૂન, માર્મોસેટ, ભૂરા કે લાલ મોઢાંવાળા વાંદરાઓ જ કેમ ન હોય. કેટલાક તો બિચારા મરી ગયા હતા.

આવી પરિસ્થિતિમાં ડૉક્ટરે સૌથી પહેલું કામ સાજા અને બીમાર વાંદરાઓને એકબીજાથી અલગ કરવાનું કર્યું. પછી, તેમણે ચી-ચી અને તેના પિતરાઈને ઘાસનું નાનું મકાન બનાવવા કહ્યું અને જે સાજા વાંદરાઓ હતા તેમને રસી આપવાનું શરૂ કર્યું.

જંગલો, ખાડીઓ, પર્વતો પરથી વાંદરાઓ સતત ત્રણ દિવસ સુધી ત્યાં આવતા રહ્યા. ડૉક્ટર ચોવીસે કલાક ત્યાં ઘાસના મકાનમાં બેસી રહેતા અને દરેકને રસી આપતા.

બાદમાં, તેમણે બીજું મોટું ઘર બનાવડાવ્યું. તેમાં ઘણી પથારીઓ કરવામાં આવી હતી. બધા જ બીમાર વાંદરાઓને તેમણે તે ઘરમાં રાખ્યા.

પણ, બીમાર વાંદરાઓની સંખ્યા એટલી મોટી હતી કે તેમની સારવાર માટે સેવાર્થીઓ ઓછા પડવા લાગ્યા. આથી, તેમણે સિંહ, ચિત્તા અને કાળિયાર જેવા અન્ય પ્રાણીઓને સંદેશ મોકલાવ્યો કે તેમણે વાંદરાઓની સારવાર માટે મદદ કરવી જોઈએ.

પણ, સિંહોનો રાજા ખૂબ અભિમાની હતો. ડૉક્ટરે બનાવડાવેલા વિશાળ મકાનમાં પ્રવેશી તેણે ગુસ્સામાં ત્રાડ પાડી, "તમારી હિંમત કેવી રીતે થઈ ?" તેની આંખોમાં રતાશ ઊપસી આવી હતી. "વાંદરાઓની સારવાર માટે તમે મને કહેવડાવ્યું, મને, જંગલના રાજાને ! સિંહ જંગલનો રાજા કહેવાય, પણ હું તો સિંહોનો ય રાજા છું. હું આ ગંદા વાંદરાઓની સેવા કરીશ એવું તમે કેમ માની લીધું ? અરે, હું તો આમને નાસ્તામાં પણ ન ખાઉં."

સિંહ ખૂબ ગુસ્સામાં હતો છતાં ડૉક્ટરે સ્વસ્થ રહેવાનો પ્રયત્ન કર્યો. "મેં તને તેમને ખાઈ જવાનું નથી કહ્યું." તેમણે શાંતિથી કહ્યું અને ઉમેર્યું, "બીજી વાત એ કે તેઓ બિલકુલ ગંદા નથી, તે બધા આજે સવારે જ ન્હાયા છે. ઊલટું, તારી ગંદી કેશવાળી જોઈને એવું લાગે છે કે તારે વાળ ઓળવાની જરૂર છે. અને હવે હું તને જે કહેવા જઈ રહ્યો છું તે ધ્યાનથી સાંભળ... એક દિવસ એવો પણ આવશે કે બધા સિંહ બીમાર પડશે. અને જો તમે બીજા પ્રાણીઓને મદદ નહીં કરી હોય તો એવી મુશ્કેલીના સમયે તમને કોઈ મદદ નહીં કરે. તમે સૌ એકલા પડી જશો. અભિમાની માણસો સાથે આવું જ થતું હોય છે."

"સિંહો ક્યારેય આફતમાં નથી પડતા – તેઓ બીજાને આફતમાં પાડતા હોય છે." સિંહે નાકનું ટીચકું ચડાવતા ગર્વથી કહ્યું. અને જાણે તે એકલો જ હોશિયાર હોય એવા ફાંકા સાથે પાછો ચાલ્યો ગયો.

પછી તો ચિત્તાઓનો અહંકાર પણ ઊછળ્યો. તેમણે ય મદદ કરવાની ના કહી દીધી. અને પછી કાળિયાર.... આમ તો તે શરમાળ અને ડરપોક જીવ છે, છતાં ડૉક્ટર સાથે ઉદ્ધતાઈથી વર્ત્યા. તેમણે જમીન પર પગ ઘસીને ધૂળ ઉડાડી અને ડૉક્ટરની ઠેકડી ઉડાવતા હોય એમ તીખાશથી બોલ્યા, "અમે આજ સુધી કોઈની સેવા કરી નથી."

હવે, બિચારા ડૉક્ટરને ચિંતા થવા લાગી. તેમને થયું કે પથારીઓમાં પડેલા હજારો વાંદરાઓની સેવા કોણ કરશે ?

આ બાજુ, જંગલનો રાજા સિંહ તેની બોડમાં પાછો ફર્યો ત્યારે તેની પત્ની સિંહણ ઉદાસ બેઠી હતી. તે સામેથી દોડતી સિંહ પાસે ગઈ. "આપણું બચ્ચું કંઈ ખાતું-પીતું નથી." સિંહણે કહ્યું.

"મને સમજાતું નથી કે હું શું કરું ? પાછલી રાતથી તેના પેટમાં કંઈ જ ગયું નથી." આટલું કહી સિંહણ રડવા લાગી અને ગભરાટથી કાંપવા લાગી. ભલે તે એક સિંહણ હતી પણ પહેલાં તે એક મા હતી.

સિંહણની વાત સાંભળી સિંહ બોડની અંદર ગયો અને બચ્ચાં સામે જોયું. બે આકર્ષક બચ્ચાં ફરસ પર સૂતા હતા, પણ તેમાંનું એક સાવ નબળું પડી ગયું હતું.

પછી સિંહે, ડૉક્ટરને જે જે વાત કહી હતી તે તમામ વાતો પોતાની પત્નીને ગર્વભેર કહી. આ સાંભળી સિંહણ ખૂબ ગુસ્સે ભરાઈ અને તેણે સિંહને બોડની બહાર કાઢી મૂક્યો. "તારામાં અક્કલનો છાંટો છે કે નહીં ?" તે બરાડી ઊઠી. "અહીંથી લઈ હિંદ મહાસાગર સુધીના બધા જ પ્રાણીઓ તે ડૉક્ટરના વખાણ કરતા થાકતા નથી. ગમે તેવી બીમારીનો ઈલાજ કરી શકતા તે ડૉક્ટર દયાળુ પણ છે. આખી દુનિયામાં તે એક જ વ્યક્તિ પ્રાણીઓની ભાષા સમજી શકે છે અને તું અક્કલનો ઓથમીર... આપણું બચ્ચું બીમાર છે ત્યારે તેનું અપમાન કરીને ચાલ્યો આવ્યો ! તારે સિંહોના નહીં પણ મૂરખાઓના સરદાર હોવું જોઈએ. તારા જેવા અડબંગ સિવાય કોઈ તે ડૉક્ટર સાથે ઉદ્ધતાઈથી વર્તવાનો વિચાર સુધ્ધાં ન કરે."

પછી, સિંહણે તેના પતિની કેશવાળી ખેંચી.

"અત્યારે જ તે ડૉક્ટર પાસે જા અને તેમની માફી માંગ." સિંહણે ચીસ પાડીને કહ્યું. "અને હા, તારા જેવા દિમાગ વગરના સિંહોને સાથે લેતો જજે. અને પેલા ચિત્તા અને કાળિયારને પણ... પછી ડૉક્ટર કહે એ પ્રમાણે વર્તજો, ખૂબ કામ કરજો, વાંદરાઓની સેવા કરજો, કદાચ તમારું કામ જોઈ ડૉક્ટર તને માફ કરી દે અને આપણા બચ્ચાંનો ઈલાજ કરવા રાજી થાય. હવે, નીકળ અહીંથી, મારું મોઢું શું જુએ છે ? તું પિતા બનવાને લાયક નથી !"

સિંહને તતડાવી સિંહણ બાજુની બોડમાં ગઈ અને તેમાં રહેતી સિંહણને બધું વિગતે જણાવ્યું.

આ બાજુ સિંહોનો રાજા ફરી ડૉક્ટર પાસે ગયો અને બોલ્યો, "હું અહીંથી પસાર થઈ રહ્યો હતો તો લાગ્યું કે લાવ ને અંદર ડોકિયું કરતો જાઉં. કોઈની મદદ મળી ?"

"ના," ડૉક્ટરે કહ્યું, "મદદ કરવા કોઈ તૈયાર નથી. મને ખૂબ ચિંતા થાય છે."

"આજના દિવસોમાં મદદ મળવી ખૂબ મુશ્કેલ થઈ ગયું છે." સિંહે કહ્યું. "કોઈ પ્રાણીને મહેનત કરવી જ નથી. જોકે, તે માટે ખાલી તે એકલા જવાબદાર નથી. જયારે તમે મદદ માંગી ત્યારે મેં જ તમને મદદ કરવાની ના પાડી દીધી હતી અને હવે બીજા પ્રાણીઓ પર માછલાં ધોવાનો મને કોઈ હક્ક નથી. જોકે, મેં અહીં આવતા પહેલાં બીજા શિકારી પ્રાણીઓને તમારી મદદે આવવાનું કહ્યું છે. ચિત્તાઓ ગમે તે મિનિટે પહોંચતા જ હશે. અને હા, મારું બચ્ચું બીમાર પડી ગયું છે. તે વધારે પડતું બીમાર હોય એવું લાગતું નથી છતાં મારી પત્નીને ચિંતા થાય છે. જો તમે એ બાજુ નીકળો તો તેને એક વાર જોઈ લેશો, પ્લીઝ ?"

પછી, સિંહ, ચિત્તા, કાળિયાર, જિરાફ, ઝીબ્રા અને જંગલો, પર્વતો તેમજ મેદાનના બધા જ પ્રાણીઓ ડૉક્ટરની મદદે આવ્યા. આ વાતથી ડૉક્ટરને ખૂબ આનંદ થયો. ઊલટું, સેવાર્થી પ્રાણીઓ એટલા વધી ગયા કે ડૉક્ટરે હોશિયાર પ્રાણીઓને રહેવા દઈ બીજા પ્રાણીઓને પાછા કાઢવા પડ્યા.

હવે, વાંદરાઓ ખૂબ ઝડપથી સાજા થવા લાગ્યા હતા. અઠવાડિયું પૂરું થતા તો વાનરોથી ભરેલું મોટું મકાન અડધા ઉપર ખાલી થઈ ગયું. અને બીજા અઠવાડિયે તેમાં રહેલા છેલ્લા વાંદરાને

પણ રજા મળી ગઈ.

ડૉક્ટરનું કામ હવે પૂરું થયું હતું. પણ, તેઓ એટલા થાક્યા હતા કે તેમણે પથારી પર લંબાવી દીધું. પછી સતત ત્રણ દિવસ સુધી પડખું પણ ફર્યા વગર તેઓ ઘસઘસાટ ઊંઘતા રહ્યા.

9. વાંદરાઓની સભા...

ડૉક્ટર ઊંઘતા રહ્યા ત્યાં સુધી ચી-ચી, તેમના રૂમની બહાર, દરવાજે ઊભો રહ્યો. તે ઈચ્છતો હતો કે કોઈ તેમની ઊંઘમાં ખલેલ ન પહોંચાડે. પછી, જેવા ડૉક્ટર જાગ્યા કે તેમણે કહ્યું, “હવે ફડલબી પાછા જવાની તૈયારી કરો.”

વાંદરાઓને આ જાણીને ખૂબ આશ્ચર્ય થયું ; તેમને લાગ્યું હતું કે ડૉક્ટર કાયમ તેમની સાથે જ રહેશે. આ બાબતે ચર્ચા કરવા તે જ રાત્રે વાંદરાઓની સભા ભરાઈ.

સભાની આગેવાની લેતા ચીફ ચિમ્પૅન્ઝીએ કહ્યું, “શા માટે આ સારો માણસ આપણને છોડીને ચાલ્યો જવા ઈચ્છે છે ? શું તેને આપણાથી કોઈ તકલીફ પડી છે ?”

સભામાં બેસેલા સભાસદોમાંથી કોઈ પાસે તેનો જવાબ ન હતો.

પછી ગંજાવર ગોરીલાએ ઊભા થઈને કહ્યું, “મને લાગે છે કે આપણે તેમની પાસે જઈ તેનું કારણ પૂછવું જોઈએ. જો આપણે તેમને નવું મકાન અને આલીશાન પલંગ બનાવી દઈએ, ઘણા બધા વાંદરાઓ તેમની સેવામાં સદાય હાજર રહેશે એવું વચન આપીએ અને તેમનું જીવન ખુશીઓથી છલકાવી દઈએ તો કદાચ તેઓ પાછા જવાનું માંડી વાળશે.”

પછી ચી-ચી ઊભો થયો અને બધા ગુસપુસ કરવા લાગ્યા, “સ્સ્સ્સ, જુઓ ચી-ચી કંઈક કહેવા માંગે છે.”

ચી-ચીએ ઊભા થઈ તે તમામ વાનરોને કહ્યું, “મારા વ્હાલા મિત્રો, હું જાણું છું કે ડૉક્ટરને રોકવાના તમારા બધા પ્રયત્નો નિષ્ફળ રહેશે. તેમણે ફડલબીમાંથી પૈસા ઉછીના લીધા છે અને ડૉક્ટર દ્રઢપણે માને છે કે ઉછીની લીધેલી વસ્તુઓ પાછી આપવા પરત જવું જ જોઈએ.”

આ સાંભળી બધા જ વાંદરાઓ એક સાથે બોલી ઊઠ્યા, “આ પૈસા તે વળી શું ચીજ છે ?”

ચી-ચીએ તેમને સમજાવતા કહ્યું, “માણસોની દુનિયામાં પૈસા વગર કંઈ જ ન મળે ; પૈસા વગર ત્યાં કંઈ ન કરી શકાય. અરે, પૈસા વગર માણસ જીવી જ ન શકે.”

પછી, કેટલાકે પૂછ્યું, “પૈસા વગર ખાવા-પીવાનું પણ ન મળે ?”

ચી-ચીએ તેનું માથું નકારમાં ધુણાવ્યું અને કહ્યું કે તે પોતે પણ વાજાવાળા માટે ખેલ કરતો હતો અને ખેલ પૂરો કરી ખેલ જોનાર બાળકો પાસે પૈસા માંગતો હતો.

પછી ચીફ ચિમ્પૅન્ઝી ઉંમરલાયક ઉરાંગ-ઉટાંગ પાસે ગયા અને કહ્યું, “વડીલ, ચોક્કસ આ માણસ વિચિત્ર છે, બાકી આવી દુનિયામાં પાછા ફરવાનું કોણ પસંદ કરે ?”

આથી, ચી-ચીએ ચોખવટ કરતા કહ્યું, “જયારે અમે અહીં આવવા નીકળ્યા ત્યારે અમારી પાસે હોડી ન હતી અને દરિયાઈ સફર માટે કે ખાવાનું ખરીદવા પૈસા પણ ન્હોતા. એવા સમયે એક ખારવાએ અમને હોડી ઉછીની આપી અને અન્ય એક માણસે ખાવા-પીવાનો સામાન... ફડલબી જઈ અમારે તે બધું પાછું આપવાનું હતું, પણ અમે આફ્રિકાના કિનારે પહોંચ્યા ત્યારે હોડી ખડક સાથે ટકરાઈને ડૂબી ગઈ. હવે, ડૉક્ટર કહે છે કે તેઓ પાછા જઈને ખલાસીને બીજી હોડી લાવી આપશે. તે બાપડો ખારવો પણ ગરીબ છે અને તેની સંપત્તિમાં જે ગણો તે એકમાત્ર આ હોડી છે.”

આ સાંભળી વાંદરાઓની સભામાં સન્નાટો છવાયો. બધા જેમ હતા તેમ જડવત્ ઊભા રહી કંઈક વિચારવા લાગ્યા.

છેવટે, બળવાન બબૂન ઊભો થયો અને બોલ્યો, “આ દયાળુ માણસ આપણને છોડી, આ ભૂમિ છોડીને ચાલ્યો જાય એ પહેલાં આપણે તેને કોઈ યાદગાર ભેટ આપવી જોઈએ. તેને પણ

લાગવું જોઈએ કે તેણે આપણા માટે જે કર્યું છે તેનો ઉપકાર આપણે જીવનભર નહીં ભૂલીએ."

ત્યારે જ ઝાડ નીચે બેસી રહેલો લાલ મોઢાંવાળો વાંદરો બોલી ઊઠ્યો, "હું પણ એવું જ વિચારતો હતો."

અને પછી સૌ એકીસાથે, બુલંદ અવાજે બોલ્યા, "આપણે ડૉક્ટરને એવી ઉત્તમ વસ્તુની ભેટ આપીશું જે આજ સુધી કોઈ ધોળિયાએ જોઈ જ નહીં હોય."

હવે, તેઓ ચર્ચા કરવા લાગ્યા કે કઈ વસ્તુ ભેટ તરીકે સર્વશ્રેષ્ઠ રહેશે ? એકે કહ્યું, "મીઠા નાળિયેર ભરેલી પચાસ થેલીઓ આપીએ." બીજાએ કહ્યું, "કેળાની સો લૂમ આપીએ. – કમ સે કમ તેઓ જે જગ્યાએ રહે છે ત્યાં ખાવાની વસ્તુ માટે તો પૈસા ન ચૂકવવા પડે !"

પણ, ચી-ચીએ કહ્યું કે આટલી વજનદાર વસ્તુઓ ત્યાં સુધી ઊંચકીને લઈ જવી અઘરું પડશે અને ખાવાની વસ્તુ હોવાથી તે અડધી ખવાય એ પહેલાં બગડી પણ જશે. "જો તમારે તેમને ખુશ જ કરવા હોય તો..." તેણે કહ્યું. "તેમને કોઈ વિરલ પ્રાણીની ભેટ આપો. પણ, તે પ્રાણી તેમની સાથે નમ્રતાથી વર્તશે એવી ખાતરી હોવી જોઈએ. તેમને કોઈ એવું પ્રાણી આપો જે દુનિયાના કોઈ જ પાંજરાઘરમાં ન હોય."

"પાંજરાઘર ? એ વળી કેવું હોય ?" વાંદરાઓને આશ્ચર્ય થયું.

આથી, ચી-ચીએ તેમને પ્રાણીસંગ્રહાલય અને પાંજરાઘર વિશે જણાવ્યું. તેણે કહ્યું કે માણસો પ્રાણીઓને પાંજરામાં પૂરે છે અને લોકો તે પ્રાણીઓને જોવા પૈસા ચૂકવે છે. વાંદરાઓને આ સાંભળી ખૂબ આઘાત લાગ્યો, પણ એક ભોળા વાંદરાએ કહ્યું, "આ માણસો તો અણસમજુ બાળકો જેવા છે – ભોળા અને સહેલાઈથી ખુશ થઈ જનારા." ત્યારે બીજા હોશિયાર વાંદરાએ તેને વાર્યો, "અલ્યા ગાંડિયા, તેનો મતલબ પ્રાણીઓની જેલ થાય !"

પછી, તેમણે ચી-ચીને પૂછ્યું, "સફેદ માણસોએ પહેલાં ક્યારેય ન જોયું હોય એવું પ્રાણી કયું છે ?" અને માર્મોસેટના મુખિયાને યાદ આવ્યું, "ત્યાં પાટલા ઘો છે ?"

"હા, લંડનના પ્રાણીસંગ્રહાલયમાં છે." ચી-ચીએ કહ્યું.

"ઓકાપિ ? તેમની પાસે ઓકાપિ છે ?"

"હા, બેલ્જીયમમાં છે. પાંચ વર્ષ પહેલાં પેલો વાજાવાળો મને ત્યાં લઈ ગયો હતો. ત્યાં એન્ટવર્પ શહેરમાં મેં ઓકાપિ જોયું હતું."

"તેમણે પુશ્મી-પુલું નહીં જોયું હોય !"

અને ચી-ચી ચમક્યો, "એ વાત સાચી. આજ સુધીમાં કોઈ પણ માણસે પુશ્મી-પુલું જોયું નથી. ડૉક્ટરને આપણે પુશ્મી-પુલું જ આપીશું."

10. 'પુશ્મી-પુલું' – આ દુનિયાનું વિરલ પ્રાણી...

પુશ્મી-પુલુંની જાત હવે લુપ્ત થઈ ગઈ છે. મતલબ, તે જાતનું એક પણ પ્રાણી આજે હયાત નથી. પણ, ઘણા વર્ષો પહેલાં, જ્યારે ડૉ. ડૂલિટલ જીવતા હતા ત્યારે, તે પ્રાણીઓ આફ્રિકાના ગાઢ જંગલોમાં જોવા મળતા. જોકે, ત્યારે પણ તે અતિશય દુર્લભ પ્રાણી ગણાતું. તેમની ખાસિયત એ હતી કે તેઓ પૂંછડી ન ધરાવતા, તેના બદલે શરીરની બંને બાજુએ એક એક માથું હોય. અને બંને માથા પર અણિયાળા શિંગડા...

તે ખૂબ શરમાળ પ્રાણી ગણાતું અને તેને પકડવું એટલે તો 'બાપ રે બાપ' ! હબસી લોકો, મોટા ભાગના પ્રાણીઓનું ધ્યાન ન હોય તેવી રીતે પાછળથી જઈ તેમને પકડી લેતા, પરંતુ પુશ્મી-પુલું માટે એ શક્ય ન્હોતું. હબસી ગમે તે બાજુથી જાય તો ય પુશ્મી-પુલું તેને જોઈ જ લેતું. બેય બાજુ માથા હોય પછી એવું જ થાય ને ! વળી, તેના બંને માથા વારાફરતી ઊંઘતા. કોઈ એક માથું તો જાગતું જ હોય. આ કારણથી તે ક્યારેય ન પકડાતા અને દુનિયાના એકપણ પ્રાણીસંગ્રહાલયમાં જોવા ન મળતા.

અરે, આ દુર્લભ પ્રાણીને પકડવા, દુનિયાના મહાનતમ શિકારીઓ અને પ્રાણીઓ પકડવાવાળા માણસોએ પોતાના જીવનના અનેક વર્ષો જંગલોમાં વિતાવ્યા હતા. પણ, આજ સુધી કોઈ એકને પણ સફળતા મળી ન્હોતી. એટલા વર્ષો પહેલાં, ત્યારે પણ પ્રાણીઓની તે એક જ જાત એવી હતી કે જે બે માથા ધરાવતી હતી.

તો નક્કી થયા મુજબ, વાંદરાઓ પુશ્મી-પુલું શોધવા નીકળી પડ્યા. ઘણા માઈલોની શોધખોળ પછી એક વાંદરાએ નદી કિનારે અજીબો-ગરીબ પગલાં જોયા. તે ઓળખી ગયો કે આ પગલાં પુશ્મી-પુલુંના જ છે અને તે ક્યાંક નજીકમાં જ હોવું જોઈએ.

પછી સૌ, તે પગલાંને અનુસરતા, પુશ્મી-પુલુંનું પગેરું શોધતા આગળ વધ્યા અને ઊંચી-ગીચ ઝાડીઓના મેદાન પાસે આવી પહોંચ્યા.

'પુશ્મી-પુલું આ મેદાનમાં જ છે.' એવા ઈશારા કરી બધા વાંદરાઓ મેદાન ફરતે ગોઠવાઈ ગયા અને એકબીજાના હાથ પકડી ખૂબ મોટું સર્કલ બનાવ્યું. પુશ્મી-પુલુંએ તેમનો અવાજ સાંભળ્યો એટલે તે સજાગ થયું. તેણે વાંદરાઓનું સર્કલ તોડીને ભાગી જવાનો જોરદાર પ્રયાસ કર્યો પણ તે ફાવ્યું નહીં. છેવટે, તેને લાગ્યું કે ભાગવાના બધા પ્રયત્નો વ્યર્થ છે એટલે તે શાંતિથી બેસી ગયું અને શું બને છે તે જોવા લાગ્યું.

પછી, વાંદરાઓએ તેને બધી વાત વિગતે જણાવી અને પૂછ્યું, "તું ડૉક્ટર ડૂલિટલ સાથે સફેદ માણસોની ધરતી પર જઈશ ?"

પણ, તેણે પોતાના બંને માથા જોરથી હલાવ્યા અને બોલ્યું, "બિલકુલ નહીં."

વાંદરાઓએ તેને સમજાવ્યું કે ડૉક્ટર ખૂબ ભલા માણસ છે પણ તેમની પાસે પૈસા નથી. આથી, જો તે ડૉક્ટર સાથે જવા તૈયાર થાય તો બે માથાળા પ્રાણીને જોવા લોકો મોં માંગ્યા પૈસા ચૂકવે અને ડૉક્ટર પૈસાદાર બની શકે. પછી, તે પૈસાથી ડૉક્ટર ખારવાને નવી હોડી અપાવી શકે. જોકે, વાંદરાઓએ તેને બાંહેધરી આપી કે તેને પાંજરામાં પૂરવામાં નહીં આવે અને તેનું એમ જ પ્રદર્શન કરાશે.

પણ, પુશ્મી-પુલુંએ કહ્યું, "બિલકુલ નહીં. તમે સૌ જાણો છો કે હું બહુ શરમાળ પ્રાણી છું. અને કોઈ મારી સામે તાકી તાકીને જુએ તો તો... હું તો શરમનું માર્યું મરી જ જાઉં." આટલું કહી તે રડવા લાગ્યું.

પછી સળંગ ત્રણ દિવસ સુધી વાંદરાઓ તેને મનાવતા રહ્યા.

છેવટે પુશ્મી-પુલુંએ કહ્યું કે તે વાંદરાઓ સાથે જઈને જોશે કે ડૉક્ટર કેવા માણસ છે, પછી ડૉક્ટર સાથે જવું કે નહીં એ બાબતે નિર્ણય કરશે.

આથી, વાંદરાઓ પુશ્મી-પુલુંને લઈ પાછા ફર્યા અને ડૉક્ટર ડૂલિટલના નાનકડા મકાનનો દરવાજો ખખડાવ્યો.

બતક પેટીમાં સામાન ભરી રહ્યું હતું. તેણે જોરથી કહ્યું, "કોણ છે ? અંદર આવી જાવ."

ચી-ચી પુશ્મી-પુલુંને લઈ ગર્વભેર અંદર પ્રવેશ્યો.

ડૉક્ટર પુશ્મી-પુલુંને જોઈ રહ્યા. તેઓ આશ્ચર્યથી બોલી ઊઠ્યા, "આ કોણ છે ?"

"હે ભગવાન, અમારી રક્ષા કરજે." બતક પણ ચોંક્યું. "તે કઈ બાજુના માથાથી વિચાર કરતું હશે ?" તેને પ્રશ્ન સૂઝ્યો.

"મને તો લાગે છે કે તે વિચારતું જ નહીં હોય." જિપે અવિચારી બબડાટ કર્યો.

"આ ડૉક્ટર છે." ચી-ચીએ ઓળખાણ કરાવી. "અને આ પુશ્મી-પુલું - આફ્રિકાના જંગલોમાં પણ, ભાગ્યે જ જોવા મળતો દુર્લભ જીવ. દુનિયાનું એકમાત્ર પ્રાણી જે બે માથા ધરાવે છે. તેને તમારી સાથે લઈ જશો તો તમારું ભાગ્ય પલટાઈ જશે. લોકો તેને જોવા ગમે તેટલા રૂપિયા ચૂકવવા તૈયાર થશે."

"પણ, મારે એવા પૈસા જોઈતા નથી." ડૉક્ટરે કહ્યું.

"કેમ નથી જોઈતા, જોઈશે જ વળી !" ડબ-ડબે કહ્યું. "ફડલબીમાં કસાઈનું બિલ ચૂકવવા કેવા વલખાં મારવા પડતા હતા એ ભૂલી ગયા ? અને પૈસા વગર ખારવાને બીજી હોડી કેવી રીતે અપાવશો ?"

"હું તેને નવી હોડી બનાવી દેવાનો છું." ડૉક્ટરે કહ્યું.

"અરે, થોડીક તો અક્કલ વાપરો." ડબ-ડબ અકળાઈ ગયું. "નવી હોડી બનાવવા લાકડું અને ખીલીઓ જોઈશે. પૈસા વગર તે કેવી રીતે લાવશો ? એ સિવાય, પાછા જઈને આપણો ગુજારો કેવી રીતે થશે ? આપણે હતા તેના કરતા પણ ગરીબ થઈ જઈશું. ચી-ચી એકદમ સાચો છે : આ વિચિત્ર પ્રાણીને સાથે લઈ લો."

"તું કહે છે એ વાત સાવ ખોટી નથી." ડૉક્ટર સહમત થયા અને પુશ્મી-પુલું તરફ ફરીને બોલ્યા. "તું ચોક્કસ જ લોકોમાં જિજ્ઞાસા જન્માવીશ અને સારું પાલતું બની શકીશ, પણ... શું નામ કહ્યું ચી-ચીએ તારું ? તું પોતે આફ્રિકા છોડી મારી સાથે આવવા તૈયાર છો ?"

"હા, હું આવીશ." ડૉક્ટરનો ચહેરો તેમજ આંખ જોઈને પુશ્મી-પુલુંને ખબર પડી ગઈ કે તે ભરોસાપાત્ર માણસ છે. "તમે પ્રાણીઓ સાથે ખૂબ સારી રીતે વર્તો છો અને વાંદરાઓએ મને કહ્યું છે કે હું એક જ એવું પ્રાણી છું જે તમને કામ આવી શકું એમ છું. પણ, તમારે મને વચન આપવું પડશે કે જો મને ત્યાં તમારી ધરતી પર ન ફાવે તો તમે મને અહીં પાછું મૂકી જશો."

"ચોક્કસ ચોક્કસ, હું વચન આપું છું." ડૉક્ટરે વચન આપ્યું અને પૂછ્યું. "જ્યાં સુધી હું માનું છું, તારા પૂર્વજો હરણ હશે, ખરું ને ?"

"હા." પુશ્મી-પુલુંએ કહ્યું. "એબીસીનિયાના બારાસિંઘા અને એશિયાટિક સાબર મારો મોસાળ પક્ષ ગણાય. અને મારા દાદા-પરદાદા ગેંડાના વંશજ હતા."

"ઓહો, ઈન્ટરેસ્ટીંગ." ડૉક્ટર બોલી ઊઠ્યા. પછી તેમણે ડબ-ડબ પાસેથી પેટી લઈ તેમાંથી નોટ કાઢી તે લખી લીધું.

"હું જોઉં છું," બતકે કહ્યું, "કે તું એક જ મોઢાથી વાતો કરે છે. શું તું બીજા મોઢાથી બોલી શકતું નથી ?"

"ના, હું બોલી શકું છું." પુશ્મી-પુલુંએ કહ્યું. "પણ, મોટાભાગે બીજા મોઢાનો ઉપયોગ હું ખાવા માટે જ કરું છું. એમ કરીને હું ખાતા ખાતા પણ વાતો કરી શકું છું જેથી કોઈને એવું ન લાગે કે હું ઉદ્ધત છું. આમેય, અમારી જાત સુંવાળી તથા નમ્ર ગણાય છે."

જ્યારે પેકિંગનું કામ પૂરું થઈ ગયું ત્યારે, વાંદરાઓએ ડૉક્ટર માટે ગ્રાંડ પાર્ટીનું આયોજન કર્યું. તેમણે તેમાં આખા જંગલના પ્રાણીઓને આમંત્રણ આપ્યું અને ખાવા-પીવા માટે ઉત્તમ પ્રકારના અનાનસ, કેરીઓ, મધ તેમજ અલગ અલગ વાનગીઓની વ્યવસ્થા કરી.

બધાનું જમવાનું પૂરું થયું એટલે ડૉક્ટરે ઊભા થઈને કહ્યું, "મારા વ્હાલા મિત્રો, જમ્યા પછી બોલવું મને ગમતું નથી અને આજે તો મેં ઘણું ખાધું છે. છતાં, હું કહ્યા વગર રહી શકતો નથી કે તમને અને તમારા સુંદર પ્રદેશને છોડીને જવાનું મારું મન થતું નથી. આ તો ફડલબીમાં જઈને મારે કેટલાક કામ કરવાના છે એટલે ગયા સિવાય છૂટકો નથી. પણ, મારા ગયા પછી તમારે કેટલીક બાબતો યાદ રાખવાની છે. ઊડતી માખીઓ તમારા ખોરાક પર ન બેસે એનું ધ્યાન રાખજો અને વરસાદ આવતો હોય ત્યારે ભીની જમીન પર ન સૂતા. હું ઈશ્વરને પ્રાર્થના કરીશ કે આપ કાયમ માટે સ્વસ્થ અને તંદુરસ્ત રહો."

ડૉક્ટર પોતાની વાત કહીને બેસી ગયા ત્યારે બધા વાંદરાઓએ જોરદાર તાળીઓ પાડી અને એકબીજાને કહેવા લાગ્યા, "આપણા વંશજોને યાદ રહેવું જોઈએ કે આ ઉદાત માણસે, આ જગ્યાએ, આપણી સાથે બેસી ભોજન લીધું હતું. તે ખરેખર મહાન છે."

અને પછી, સાત ઘોડાની શક્તિ ધરાવતા ગંજાવર ગોરીલાએ, ડૉક્ટર જે જગ્યાએ જમ્યા હતા ત્યાં વિશાળ પથ્થર મૂકી દીધો. તેણે કહ્યું, "સદીઓ સુધી આ પથ્થર એ વાતની સાબિતી પૂરશે કે ડૉક્ટરે આપણી સાથે બેસી ભોજન લીધું હતું."

અને આજના દિવસોમાં પણ, જંગલના એ ઊંડા ખૂણે, તે પથ્થર હજુય એમ જ સચવાયેલો પડ્યો છે. આજે પણ, વાંદરાઓ પોતાના કુટુંબ-કબીલા સાથે ત્યાંથી પસાર થાય છે ત્યારે, ડાળીઓ પર લટકતાં લટકતાં, તે પથ્થર તરફ ઈશારો કરી પોતાના બાળકોને કહે છે, "જુઓ, ત્યાં રહી તે યાદગીરી. વાંદરાઓની હાડમારીના દિવસોમાં પેલા ઉદાત સફેદ માણસે આપણા પૂર્વજો સાથે બેસી ભોજન કર્યું હતું તેની તે નિશાની છે."

પછી, પાર્ટી ખતમ થતા જ ડૉક્ટર અને તેમના પ્રાણીઓએ દરિયા તરફ પ્રયાણ કર્યું. વાંદરાઓ ડૉક્ટરની પેટી અને સામાન ઊંચકી પ્રદેશની સરહદ સુધી આવ્યા. છેવટે, છૂટા પડવાનો સમય આવી ગયો.

11. કાળો રાજકુમાર

વાંદરાઓ નદી કિનારે અટક્યા અને ડૉક્ટરને ભારે હૈયે વિદાય આપી. આ વિદાય આપવામાં ખાસ્સો સમય વીત્યો કારણ કે દરેક વાંદરો જ્હોન ડૂલિટલ સાથે અંગત રીતે હાથ મિલાવવા ઈચ્છતો હતો.

પછી, જયારે ડૉક્ટર અને તેના પાલતુંઓને એકલા આગળ વધવાનું હતું ત્યારે પોલેનેશિયાએ કહ્યું, “હવે આપણે જોગિલિન્કીની ભૂમિ પર છીએ, માટે શાંત પગલે ચાલજો અને ધીમા આવજે વાતો કરજો. જો રાજાને ખબર પડશે કે આપણે તેના પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા છીએ તો તે તેના સૈનિકો મોકલી આપણી ધરપકડ કરાવશે. આપણે તેને ઉલ્લુ બનાવ્યો હતો માટે તેનો ગુસ્સો સાતમા આસમાને હશે.”

“મને તો બીજી ચિંતા થાય છે.” ડૉક્ટરે કહ્યું. “કે હોડી વગર આપણે ઘરે કેવી રીતે પહોંચીશું ? જો દરિયા કિનારે એવી હોડી મળી જાય કે જેને કોઈ વાપરતું ન હોય તો કામ થઈ જાય. આંખો મીંચીને આગળ વધવામાં જોખમનો પાર નથી.”

પછી એક દિવસ, જયારે તેઓ જંગલના ખૂબ ગીચ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે, ચી-ચી નાળિયેરની શોધમાં આગળ નીકળી ગયો. અને કારણ કે તે દૂર હતો, ડૉક્ટર અને અન્ય પ્રાણીઓ, જેઓ જંગલના રસ્તા વિશે અજાણ હતા, ભૂલા પડી ગયા. તેઓ આમ તેમ ઘણું ભટક્યા પણ સાચો રસ્તો ન શોધી શક્યા.

જયારે ચી-ચીને ખ્યાલ આવ્યો કે ડૉક્ટર અને પ્રાણીઓ ક્યાંક ભૂલા પડી ગયા છે ત્યારે તે આકુળવ્યાકુળ થઈ ગયો. સૌથી ઊંચા ઝાડ પર ચડી તેણે ચારે બાજુ જોયું. કદાચ ડૉક્ટરની ઊંચી ટોપી દેખાઈ જાય એ આશાએ હથેળીનું નેજવું કરી દૂર સુધી નજર માંડી. હાથ હલાવ્યા, બૂમો પાડી. તેણે દરેક પ્રાણીને નામ દઈને બોલાવ્યા, પણ બધું વ્યર્થ હતું. તે બધા એકસાથે ગુમ થયા હતા.

વાસ્તવમાં તે સૌ ખૂબ ખરાબ રીતે ભૂલા પડ્યા હતા. તેઓ મૂળ રસ્તાથી ખાસ્સા દૂર ચાલ્યા ગયા હતા અને જંગલમાં ઝાડીઓ, લતા, વેલા એટલા ગીચ હતા કે તેઓ માંડ આગળ વધી શકતા હતા. આથી, ડૉક્ટરે પોતાનું નાનકડું ચાકુ બહાર કાઢ્યું અને નાની નાની ડાળખીઓ કાપતા, રસ્તો ચોખ્ખો કરતા, આગળ વધવા લાગ્યા. તેમણે કાદવ-કીચડવાળા વિસ્તારમાં ઠોકરો ખાધી, ફરતે વીંટળાઈ જાય એવી વેલોમાં ફસાતા રહ્યા અને તેમના શરીરે કાંટાઓ ઘસાતા ઊઝરડા પડી ગયા. અરે, બે વાર તો તેમનો દવાનો થેલો ખોવાતા ખોવાતા રહી ગયો. તેમની મુશ્કેલીઓ વધતી જતી હતી અને દૂર ક્યાંય સુધી કેડી કે રસ્તો દેખાતો ન હતો.

છેવટે, ઘણાં દિવસો સુધી તેમણે નાકની દાંડીએ ચાલ્યા કર્યું. પરંતુ તેમ કરવામાં તેમના કપડાં ફાટી ગયા, તેમનો ચહેરો કાદવથી ખરડાઈ ગયો અને ભૂલથી તેઓ રાજાના મહેલની પાછળ આવેલા બગીચામાં આવી પહોંચ્યા ! તેમને જોતા જ રાજાના માણસો તેમના તરફ ધસી આવ્યા.

પણ પોલેનેશિયા ઊડીને, બગીચામાં રહેલા ઝાડ પર બેસી ગયો. તે કોઈની નજરમાં ન આવે એવી રીતે છુપાઈ ગયો. ડૉક્ટર અને અન્ય પ્રાણીઓને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યા.

“હા, હા, હા, હા....” રાજાએ અટ્ટહાસ્ય કર્યું. “તમે લોકો ફરી પકડાઈ જ ગયા. આ વખતે તમે નહીં છટકી શકો. આ બધાને જેલમાં પૂરી દો અને દરવાજે બબ્બે તાળા લગાવો. આ સફેદ માણસની સજા એ છે કે તેણે આખી જિંદગી મારા રસોડાની ફરસ સાફ કરવાની છે.”

ડૉક્ટર અને તેના પાલતુંઓને ફરી અંધારકોટડીમાં પૂરી દેવામાં આવ્યા. ડૉક્ટરને કહેવામાં

આવ્યું કે તેમને રસોડાની સાફ-સફાઈ કરવા તૈયાર રહેવાનું છે. જેલની અંદર પૂરાયેલા બધા પ્રાણીઓ દુ:ખી થઈ ગયા.

"આ રાજા મોટો ત્રાસવાદી છે." ડૉક્ટરથી બોલી જવાયું. "મારે ફડલબી જવું છે અને આ... જો હું ફડલબી જવામાં મોડું કરીશ તો પેલા ગરીબ ખારવાને લાગશે કે હું તેની હોડી ચોરીને નાસી ગયો છું. મને તો જેલના સળિયા તોડી ભાગી જવાનો વિચાર આવે છે."

પણ, સળિયા ખૂબ મજબૂત હતા, દરવાજે રાક્ષસી તાળા લટકતા હતા. હવે બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હતો. ગબ-ગબ કાયમની જેમ રડવા લાગ્યું.

આ બધો સમય પોલેનેશિયા બગીચામાં આવેલા ઝાડ પર બેસી રહ્યો હતો. તે ચૂપ હતો પણ તેની આંખો ફરકવા લાગી. પોલેનેશિયા માટે તે અપશુકનની નિશાની હતી. જયારે પણ તે ચૂપ હોય અને તેની આંખો ફરકે તો મોટી મુસીબત સર્જાતી. જોકે, આજ સુધી જે જે લોકોએ પોલેનેશિયા માટે મુસીબત ઊભી કરી હતી તે તમામને પાછળથી પસ્તાવું પડ્યું હતું.

પોલેનેશિયા ગમે તેમ કરી બધું ઠીક કરી દેવાનો વિચાર કરતો હતો કે તેણે ચી-ચીને જોયો. તે દૂર રહેલા ઝાડની ડાળ પર લટકીને, ડૉક્ટરને શોધી રહ્યો હતો. ચી-ચીની નજર પણ પોલેનેશિયા પર પડી અને તે તેની પાસે આવ્યો. "શું થયું ?" ચી-ચીએ પૂછ્યું.

"ડૉક્ટર અને બધા પ્રાણીઓને રાજાએ કેદ કર્યા છે." પોલેનેશિયાએ ધીમા અવાજે કહ્યું. "જંગલમાં અમે રસ્તો ભૂલી ગયા હતા તેથી સીધેસીધા ચાલ્યા કર્યું. અમને શું ખબર કે અમે મહેલના બગીચામાં નીકળીશું ?"

"પણ, તારે તેમને રસ્તો ન બતાવાય ?" ચી-ચીએ ઠપકો આપતા કહ્યું. "હું નાળિયેર શોધવા ગયો એટલી વારમાં તમે ખોવાઈ ગયા ! ત્યારે તું શું કરતો'તો ?"

"આ બધું પેલા ભૂંડના કારણે થયું છે." પોલેનેશિયાએ બચાવ કર્યો. "તેને જીભનો ચટાકો બહુ છે. આદુ શોધતું શોધતું તે મૂળ રસ્તાથી ફંટાઈ ગયું અને ખાસ્સું દૂર ચાલ્યું ગયું. આથી, હું તેની પાછળ દોડ્યો, પણ... પાછા ફરતી વખતે કળણ પાસે ભૂલ થઈ ગઈ. ડાબી બાજુ વળવાના બદલે અમે જમણી બાજુએ વળી ગયા. સ્સ્સ્સ, જો રાજકુમાર બમ્પો અહીં બગીચામાં આવે છે. તે આપણને જોઈ જશે તો મુસીબત થશે. હલતો નહીં, જેમ છે એમ સ્થિર બેસી રહેજે."

અને ત્યાં રાજકુમાર બમ્પોએ બગીચાનો દરવાજો ખોલ્યો. તેના હાથમાં પરીકથાની ચોપડી હતી. તે ટહેલતો ટહેલતો એકદમ મોજથી આવી રહ્યો હતો. તેના હોઠ પર કોઈ ગીત રમતું હતું. સંજોગવશાત્ તે એ જ ઝાડ નીચે બેઠો જેના પર પોપટ અને વાંદરો સંતાયા હતા. પછી તેણે પરીકથાની ચોપડી ઉઘાડી અને વાર્તા વાંચવા લાગ્યો.

ચી-ચી અને પોલેનેશિયા સહેજ પણ હલ્યા-ચાલ્યા વગર તેને જોઈ રહ્યા હતા.

થોડી વાર પછી રાજાના કુંવરે પોતાનું પુસ્તક બાજુએ મૂક્યું અને ઊંડો નિસાસો નાખ્યો.

"કાશ, હું એક સફેદ રાજકુમાર હોત." તે ગણગણ્યો અને કોઈ સપનું જોતો હોય તેમ વિચારોમાં ખોવાઈ ગયો.

અચાનક પોપટને શું સૂઝ્યું તે છોકરી જેવા તીણા અવાજે બોલ્યો, "બમ્પો, એક માણસ છે જે તને સફેદ કરી શકે છે."

રાજકુમાર ચમક્યો. તે ઊભો થઈને ચારે બાજુ જોવા લાગ્યો.

"તમે કોણ છો ?" તેણે પૂછ્યું. "આશ્ચર્ય, કોઈ પરી સુમધુર અવાજમાં બોલી હોય એવું મને લાગ્યું."

"સર્વગુણ-સંમ્પન્ન રાજકુમાર," પોલેનેશિયા એકદમ સ્થિર અવાજે બોલતો ગયો, "તારી વાત સાચી છે. હું પરીઓની મહારાણી ત્રિપ્પસીતિન્કા ગુલાબની કળીમાં છૂપાઈને બોલી રહી છું. હું તને કહેવા આવી છું કે તું ગોરો બની શકે છે."

"શું વાત કરો છો !" બમ્પોએ ખુશીથી પોતાની આંગળીઓ ભીડી. "એવું કોણ છે જે મને ગોરો કરી શકે ?"

"છે એક વ્યક્તિ. અત્યારે તારા પિતાની જેલમાં જ છે." પોપટે કહ્યું. "તે પ્રખ્યાત જાદુગરનું નામ જ્હોન ડૂલિટલ છે. તે દવાઓ અને જાદુ વિશે ઘણુ બધું જાણે છે. તેણે અશક્ય લગતા કેટલાય કરતબ કરી બતાવ્યા છે. છતાં તારા પિતા તેને કલાકોથી સતાવી રહ્યા છે. બહાદુર બમ્પો, સૂર્ય આથમી જાય પછી તેમની પાસે છુપી રીતે પહોંચી જજે અને જોજે, તું દુનિયાનો સૌથી ગોરો રાજકુમાર બની જઈશ. પછી, તારા લગ્ન દુનિયાની સૌથી સુંદર સ્ત્રી સાથે થશે. મારે તને જે કહેવાનું હતું તે કહી દીધું છે, હવે નીકળવું પડશે. મારે પરીઓના દેશ જવાનો સમય થઈ ગયો છે, આવજે."

"આવજો." રાજકુમારે ખુશીથી કહ્યું. "મહારાણી ત્રિપ્પસીતિન્કા, તમારો ખૂબ ખૂબ આભાર."

તેના ચહેરા પર મોટી મુસ્કાન આવી અને નીચે જમીન પર બેસી તે સૂર્ય આથમવાની રાહ જોવા લાગ્યો.

12. દવાનો જાદુ

પોલેનેશિયા એકદમ સાવધાનીથી, પોતાને કોઈ જોઈ ન જાય એવી ચોકસાઈ સાથે, વૃક્ષની પાછળની બાજુએથી ઊડી ગયો. તે સીધો જેલ તરફ ગયો.

મહેલના રસોડામાંથી કંઈક સ્વાદિષ્ટ વાનગી રંધાવાની સુગંધ આવી રહી હતી. ગબ-ગબ પોતાનું નાક જેલના સળિયામાં ખોસી તે સૂંઘવાનો પ્રયાસ કરી રહ્યું હતું. પોલેનેશિયાએ તે જોયું અને ગબ-ગબને કહ્યું, "ડૉક્ટરને બારી પાસે મોકલ. મારે તેમની સાથે જરૂરી વાત કરવી છે." માટે, ગબ-ગબ અંદર ગયું અને ઝોકે ચડેલા ડૉક્ટરને બોલાવી લાવ્યું.

જ્હોન ડૂલિટલનો ચેહરો દેખાયો કે પોપટે એકદમ ધીમા અવાજે કહ્યું, "સાંભળો, આજે રાત્રે રાજકુમાર બમ્પો તમારી પાસે આવશે. તમારે તેને ગોરો કરી દેવાનો છે. પણ, એવું કરતા પહેલાં તેની પાસેથી વચન લઈ લેજો કે તેના બદલામાં તેણે આપ સૌને જેલમાંથી ભગાડવા પડશે અને દરિયો પાર કરવા જહાજ પણ આપવું પડશે."

"કાળો માણસ એમ કંઈ ગોરો ન થઈ જાય !" ડૉક્ટરે કહ્યું. "તું તો એવી રીતે બોલે છે જાણે કોઈ કપડાંને રંગ કરવાનો હોય. આ કંઈ ખાવાના ખેલ નથી. અને જો એમ કરવું સહેલું હોત તો ચિત્તાઓએ ચામડી પરના ટપકાં ક્યારના કઢાવી નાખ્યા હોત અને ઈથોપિયાના લોકો ય પહેલાંથી જ ગોરા થઈ ગયા હોત."

"મારે એ કંઈ સાંભળવું નથી." પોલેનેશિયાએ ડૉક્ટરની વાત કાપી નાખી. "ગમે તે વિચારો, ગમે તે કરો પણ તમારે તેને ગોરો કરવાનો છે. તમારી પાસે બેગમાં ઢગલાબંધ દવાઓ છે તેનો ઉપયોગ કરજો. જો તમે તેને ગોરો બનાવી દેશો તો તે તમારા માટે કંઈ પણ કરી છૂટશે. જેલમાંથી ભાગી છૂટવાની આ છેલ્લી તક છે."

"લગભગ તો તે અશક્ય જ છે." ડૉક્ટરે ધીમા અવાજે કહ્યું. "એક મિનિટ, મને જોવા દે." અને તેમણે દવાનો થેલો ફંફોસ્યો. તેઓ થેલો ફંફોસતા ફંફોસતા બબડવા લાગ્યા, "પ્રાણીઓના રંગદ્રવ્ય પર અસર કરતુ ક્લોરિન અથવા ઝીંક-ઓઈન્ટમેન્ટ મળી જાય તો કામ થઈ જાય. જો તેનો થથેડો કરીએ તો તેની અસર થોડા સમય માટે તો રહે જ."

આમ ને આમ રાત પડી અને બમ્પો લપાતો-છુપાતો ડૉક્ટર પાસે આવ્યો. તેણે ડૉક્ટરને કહ્યું, "ભલા જાદુગર, હું રાજકુમાર છું પણ ખુશ રહી શકતો નથી. તેનું એક કારણ છે. વર્ષો પહેલાં મેં 'સ્લીપિંગ બ્યુટી' વિશે વાંચ્યું હતું અને હું તેની શોધમાં નીકળ્યો હતો. (સ્લીપિંગ બ્યુટી - ફેરીટેલમાં આવતી એક સુંદર યુવતી જે સો વર્ષ સુધી સૂતી રહે છે અને કોઈ રાજકુમાર તેને ચૂમે ત્યારે જાગી જાય છે.) દુનિયાની ઘણી બધી જગ્યાએ હું ફર્યો અને એક દિવસ મને તે મળી ગઈ. પુસ્તકમાં લખ્યું છે તેમ તે આરામથી સૂઈ રહી હતી. મેં તેના હોઠ હળવેકથી ચૂમી લીધા. તે જાગી પણ ગઈ, પરંતુ મારી સામે જોઈને ડરી ગઈ. તે બોલી, "અરરર, આ કેટલો બધો કાળો છે !" પછી, તે ત્યાંથી ભાગી ગઈ અને ફરી વાર દેખાઈ જ નહીં. કદાચ તે ગોરા રાજકુમારની રાહ જોતી અન્ય જગ્યાએ સૂઈ ગઈ હશે. હું મુસાફરી ટૂંકાવીને પાછો ફર્યો, પણ મને ખૂબ દુઃખ થયું હતું. હવે, હું જાણી ગયો છું કે તમે અદ્દભુત જાદુગર છો અને તમારી પાસે જાદુઈ દવાઓ છે. હું તમારી મદદ માંગવા આવ્યો છું. તમે મને ગોરો કરી દેશો તો હું તે 'સ્લીપિંગ બ્યુટી'ને શોધવા પાછો જઈશ. મને ગોરો કરવા બદલ હું તમને મારું અડધું રાજ્ય અને બીજું કંઈ પણ આપવા તૈયાર છું."

ડૉક્ટરે હાથમાં દવાની બાટલીઓ પકડી હતી. તેઓ કંઈક વિચારી રહ્યા હતા. તેમણે કહ્યું, "રાજકુમાર બમ્પો, તને ગોરો કરવાના બદલે હું તારા વાળ સોનેરી કરી દઉં તો ?"

"નહીં." બમ્પોએ દ્રઢતાથી કહ્યું, "ગોરો થવા સિવાય દુનિયાની કોઈ વસ્તુ મારે જોઈતી નથી."

"તું જાણતો નથી પણ રાજકુમારનો રંગ બદલવો એ બહુ મહેનતનું કામ છે." ડૉક્ટરે કહ્યું. "જાદુગર માટેનો સૌથી અઘરો કરતબ જ આ છે. વારુ, ખાલી તારો ચહેરો ગોરો થઈ જશે તો ચાલશે ?"

"હા, ચાલશે." બમ્પોએ ઉત્સાહથી કહ્યું. "આમેય ઘોડા પર સવારી કરતી વખતે હું બખ્તર અને હાથમોજા પહેરું છું એટલે ચહેરા સિવાય કંઈ દેખાશે નહીં."

"મતલબ, તારે ફક્ત ચહેરો જ ગોરો કરવો છે, એમ ને ?"

"હા, બસ એટલું જ. અને મારી આંખો નીલમણી જેવી વાદળી થઈ જાય તો એ ય. પણ, મને લાગે છે કે તે અશક્ય છે." બમ્પોએ રજૂઆત કરી.

"હમ્મ." ડૉક્ટરે કહ્યું. "મારાથી થાય એટલો પ્રયત્ન કરીશ પણ તારે ધીરજ રાખવી પડશે. હું દવાઓ વિશે ચોક્કસ જાણું છું પણ ઘણીવાર તે કામ નથી કરતી. તારો રંગ પાક્કો છે એટલે મારે કદાચ બે-ત્રણ પ્રયત્નો ય કરવા પડે. તોય ગમે તેમ કરી, હું તારો ચહેરો ગોરો કરી દઈશ. સારું, આ બાજુ પ્રકાશમાં આવી જા. પણ, એક મિનિટ... હું તારા માટે કંઈ કરું તે પહેલાં તારે દરિયાકિનારે જઈ એક જહાજ તૈયાર કરવું પડશે. તેમાં લાંબી મુસાફરી માટે ચાલે એટલો ખાવાનો સામાન ભરાવી રાખ. વળી, આ વિશે કોઈને કહેતો નહીં. પછી, હું તને ગોરો કરી દઉં એટલે તારે, મને અને મારા પ્રાણીઓને જેલમાંથી છોડી દેવા પડશે. ખા જોગિલિન્કીના રાજમુકુટના સોગંધ કે તું એમ જ કરીશ."

આથી, રાજકુમારે સોગંધ લીધા અને બહાર દરિયાકિનારે જઈ વહાણ તૈયાર કર્યું. પાછા આવીને તેણે કહ્યું, "કામ થઈ ગયું છે." હવે, ડૉક્ટરે તેને મોટું વાસણ લઈ આવવા કહ્યું. તેમણે તેમાં ઘણીબધી દવાઓ નાખી અને તેને બરાબર મિક્સ કરી દીધી.

"તારો ચહેરો આમાં ડૂબાડી દે." ડૉક્ટરે બમ્પોને કહ્યું અને રાજકુમારે વાંકા વળી કાન સુધીનો ચહેરો વાસણમાં ડૂબાડી દીધો.

તે ખાસ્સો સમય સુધી એમ જ રહ્યો. થોડી વાર પછી ડૉક્ટરને ચિંતા થવા લાગી કે દવા કામ કરશે કે કેમ ? બેચેનીમાં તેઓ માથું ખંજવાળવા લાગ્યા. પછી, તેમણે જે જે દવાઓ વાસણમાં ભેળવી હતી તે દરેકના નામ ફરી ફરી વાંચ્યા. જાણે કોઈ બદામી કાગળ બળતો હોય તેવી વિચિત્ર વાસ જેલમાં ફેલાઈ ગઈ હતી.

ખાસ્સા સમય પછી, બમ્પોએ તેનો ચહેરો વાસણની બહાર કાઢી ઊંડો શ્વાસ લીધો. બધા પ્રાણીઓએ તેના ચહેરા સામે જોયું અને... સૌનું મોં આશ્ચર્યથી ખુલ્લું રહી ગયું, સૌની આંખો પહોળી થઈ ગઈ.

બમ્પોનો ચહેરો રૂની પૂણી જેવો સફેદ થઈ ગયો હતો અને આંખો સાહસિક નર જેવી ભૂરી.

પછી, જ્હોન ડૂલિટલે બમ્પોને નાનકડો અરીસો આપ્યો જેથી તે પોતાનો ચહેરો જોઈ શકે. જેવું તેણે અરીસામાં પોતાનું પ્રતિબિંબ જોયું કે તે નાચવા લાગ્યો. પણ, ડૉક્ટરે તેને વાર્યો જેથી અવાજ ન થાય. બાદમાં, ડૉક્ટરે પોતાની દવાઓ થેલામાં મૂકી થેલો બંધ કર્યો અને બમ્પોને જેલનો દરવાજો ખોલવા કહ્યું.

બમ્પોએ ડૉક્ટરને વિનંતી કરી કે આખા જોગિલિન્કીમાં આવો એક પણ અરીસો નથી

અને જો તેઓ તે અરીસો અહીં જ છોડી જાય તો બમ્પો પોતાનો ચહેરો તેમાં વારંવાર જોઈ શકે. પરંતુ, ડૉક્ટરે કહ્યું, “હું તને તે નહીં આપી શકું કારણ કે તે મારો દાઢી કરવાનો અરીસો છે.”

પછી, રાજકુમારે પોતાના ખિસ્સામાંથી તાંબાની ચાવીઓનો ઝૂડો કાઢી દરવાજે લટકતા તોતિંગ તાળા ખોલી નાખ્યા. જેલનો દરવાજો ખૂલતા જ ડૉક્ટર અને બધા પ્રાણીઓ દરિયા તરફ ભાગ્યા. બમ્પો એકબાજુએ ઊભો રહી મંદ મંદ હસી રહ્યો હતો. ચાંદની રાતમાં તેનો ચહેરો પૉલિશ કરેલા હાથીદાંત જેવો ચમકી રહ્યો હતો.

જ્યારે ડૉક્ટર અને પ્રાણીઓ દરિયાકિનારે પહોંચ્યા તો તેમણે જોયું કે પોલેનેશિયા અને ચી-ચી વહાણની પાસે તેમની રાહ જોતા બેઠા છે.

“આપણે બમ્પોને બેવકૂફ બનાવ્યો તેનું મને દુ:ખ છે.” ડૉક્ટરે કહ્યું. “દવાની આડઅસર ન થાય તો સારું. લગભગ તો કાલે સવારે તે હતો તેવો થઈ જશે. તેને અરીસો ન આપવાનું તે પણ એક કારણ હતું. એમ તો તે કાયમ માટે ગોરો બની જાય એવું પણ બને ! મેં આજ સુધી આ મિશ્રણ કોઈ પર અજમાવ્યું નથી. સાચું કહું તો, મિશ્રણની આટલી સારી અસર જોઈ મને પોતાને ય આશ્ચર્ય થયું છે. પણ, મારે ય કંઈ છૂટકો હતો ? હું કંઈ આખી જિંદગી રાજાનું રસોડું સાફ કરું ? આમેય તે કેટલું ગંદું હતું ! મેં જેલની બારીમાંથી તે જોયું હતું. માંડ માંડ બચ્યા, પણ બિચારો બમ્પો...”

“એ તો એ સમજી જશે કે આપણે તેની સાથે મજાક કરતા હતા.” પોપટે કહ્યું.

“આપણને જેલમાં પૂરવાનો તેને કોઈ અધિકાર ન્હોતો.” ડબ-ડબે કહ્યું અને જોરથી પૂંછડી હલાવી ઉમેર્યું, “આપણે તેમને ક્યાંય નડયા જ નથી. અને તમે તેને ગોરો કરવા પ્રયત્ન તો કર્યો જ છે ને ! પછી એ ફરી કાળો થઈ જાય તો કોઈ શું કરે ? હું તો ઈચ્છું છું કે તે હજુ વધારે કાળો થઈ જાય.”

“પણ, બમ્પોએ આપણને કનડ્યા નથી.” ડૉક્ટરે ચોખવટ કરી. “એના પપ્પાએ આપણને જેલમાં પૂર્યા એમાં બિચારા બમ્પોનો શું વાંક ? કાશ, હું પાછો જઈ તેને સોરી કહી શકત. અરે હા, ફડલબી પહોંચીને હું તેના માટે ચોકલેટ મોકલાવીશ. અને કોને ખબર છે, કદાચ તે કાયમ માટે ગોરો બની જાય !”

“જો તે કાયમ માટે ગોરો રહેશે તો ય તેને ‘સ્લીપિંગ બ્યુટી’ મળવાની નથી.” ડબ-ડબે કહ્યું. “મને લાગે છે કે તે પહેલાં વધારે સારો દેખાતો હતો. જોકે, તે ગમે તે રંગનો થઈ જાય તોય કદરૂપો જ દેખાવાનો છે.”

“તો ય તે સારો માણસ છે.” ડૉક્ટરે કહ્યું. “ચોખ્ખા દિલનો રોમૅન્ટિક માણસ... આમેય, સુંદર એ નથી જે સુંદર દેખાય છે, સુંદર એ છે જે સુંદર કામ કરે છે, સમજાયું ?”

“મને લાગે છે કે તેણે પહેલાં જેને શોધી એ ય કોઈ ‘સ્લીપિંગ બ્યુટી’ નહીં હોય.” જિપે કહ્યું. “મોટાભાગે તો તે કોઈ ખેડૂતની જાડી પત્ની હશે જે ઝાડ નીચે બેસીને ઊંઘ ખેંચતી હશે. અને તે ડરી ગઈ તેમાં ય તેનો વાંક નથી. મને તો એ વિચાર આવે છે કે હવે બમ્પો કોને કિસ કરશે ? વારુ, ભાડમાં જાય એ બધું.”

હવે, પુશ્મી-પુલું, સફેદ ઉંદર, ગબ-ગબ, ડબ-ડબ, જિપ અને ટૂ-ટૂ જહાજ પર ચડી ગયા. ડૉક્ટર તેમની સાથે જ હતા. ચી-ચી, પોલેનેશિયા અને મગર કિનારે જ રોકાયા હતા કારણ કે આફ્રિકા તેમનું ઘર હતું અને તે ત્રણેય ત્યાં જ જન્મ્યા હતા.

જ્યારે વહાણ ઊપડવાની તૈયારી હતી ત્યારે, ડૉક્ટર સમંદરના અફાટ નીરને નીરખવા

લાગ્યા. તેમને યાદ આવ્યું કે આવતા તો યાયાવર પક્ષી સાથે હતું પણ હવે ? તેમને ફડલબીનો રસ્તો કોણ બતાવશે ?

ચંદ્રની ચાંદનીમાં અમાપ અસીમ દરિયો નિર્જન દેખાતો હતો. ડૉક્ટરને ભય લાગ્યો કે ફડલબી જતા કદાચ રસ્તો ભટકી જવાશે તો ?

પણ, તેઓ વિચાર કરતા જ હતા કે ધીરા ગણગણાટ જેવો વિચિત્ર અવાજ સંભળાવા લાગ્યો. તે દૂર આકાશમાંથી આવતો હતો. બધા પ્રાણીઓ 'આવજો' કહેતા અટકી ગયા અને અવાજ સાંભળવા લાગ્યા.

ધીમે ધીમે અવાજ વધવા લાગ્યો. એ અવાજ તેમની નજીક આવી રહ્યો હોય એવું લાગતું હતું. તે અવાજ, પવનમાં ફરફર કરતા પત્તા જેવો અને છાપરા પર પડતા પાણીના ફોરાં જેવો હતો.

જિપે પોતાનું નાક ખેંચ્યું અને પૂંછડી ટટ્ટાર કરી બોલ્યો, "પક્ષીઓ, લાખો પક્ષીઓ આવી રહ્યા છે."

અને તે બધાએ આકાશમાં મીટ માંડી. જાણે અસંખ્ય કીડીઓ હિજરત કરી રહી હોય એમ હજારો પક્ષીઓ આવી ચડ્યા. આખું આકાશ પક્ષીઓથી ભરાઈ ગયું છતાં, હજુ વધારે પક્ષીઓ આવી રહ્યા હતા. તે એટલી મોટી સંખ્યામાં હતા કે થોડી વાર માટે તો ચંદ્ર પણ ઢંકાઈ ગયો ; એકદમ અંધારું થઈ ગયું અને દરિયાનું પાણી કાળું દેખાવા લાગ્યું. જાણે તોફાની કાળા વાદળોએ સૂર્યને ઢાંકી દીધો હોય એવું એ દૃશ્ય હતું.

અચાનક તે તમામ પક્ષીઓ નીચે ઊતર્યા અને પાણી તથા જમીન પર ચક્કર મારવા લાગ્યા. આકાશ ફરીવાર ચોખ્ખું થયું. ચંદ્ર પહેલાંની જેમ ચમકવા લાગ્યો. એક પણ પક્ષી કંઈ ગાતું, બોલતું કે રોતું ન હતું છતાં તેમની પાંખોના ફફડાટથી ભયંકર અવાજ ઉત્પન્ન થતો હતો. બાદમાં, બધા કોઈને કોઈ જગ્યાએ બેસવા લાગ્યા. તેમાંના કેટલાક રેતી પર તો કેટલાક વહાણ પર બંધાયેલા દોરડાંઓ પર બેઠા. ડૉક્ટરે જોયું કે 'તમામ પક્ષીઓ વાદળી પાંખો, સફેદ ડોક અને પીંછાવાળા ટૂંકા પગ ધરાવે છે.' જેવા તે તમામને બેસવા માટે જગ્યા મળી ગઈ કે સાવ સન્નાટો ફેલાઈ ગયો. પેલો અવાજ આવવો હવે બંધ થઈ ગયો હતો અને ફરી સ્મશાનવત્ શાંતિ ફેલાઈ ગઈ હતી.

તે નીરવ-શાંત વાતાવરણમાં જ્હોન ડૂલિટલ બોલ્યા, "મને ખબર ન્હોતી કે આફ્રિકામાં આટલો લાંબો સમય નીકળી જશે. આપણે ફડલબી પહોંચીશું ત્યારે ત્યાં ઉનાળો ચાલતો હશે. એટલા માટે તો આ પક્ષીઓ પાછા જઈ રહ્યા છે. હે પક્ષીઓ, અમારી રાહ જોવા બદલ આભાર. તમે અમારા માટે રોકાયા એ તમારી મહાનતા છે. હવે, આપણે ભૂલા પડીશું એવો ભય રાખવાની જરૂર નથી. લંગર ઉઠાવી સઢ ખોલી નાખો."

અને વહાણ દરિયા પર તરવા લાગ્યું, આફ્રિકાનો કિનારો પાછળ છૂટવા લાગ્યો. દૂર જતા વહાણને જોઈ, ચી-ચી, પોલેનેશિયા અને મગર ઉદાસ થઈ ગયા. તેમણે તેમના જીવનમાં ડૉક્ટર ડૂલિટલથી અધિક કોઈને ય ચાહ્યા ન હતા. તેઓ હાથ હલાવીને આવજો કહેતા રહ્યા અને વહાણ દેખાતું બંધ થયું કે ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યા.

13. ચાંચિયા પાછળ પડ્યા...

ફડલબી તરફ પાછા ફરતી વખતે, ડૉક્ટરે બાર્બરી ટાપુ પસાર કરવાનો હતો. (ઘણાં વર્ષો પહેલાં યુરોપના તે ટાપુ પર બર્બર જાતિના લોકો રહેતા, માટે તે 'બાર્બરી' ટાપુ તરીકે ઓળખાય છે.) આમ તો બાર્બરી ટાપુ એટલે વિશાળ ઉજ્જડ રણપ્રદેશ. તે અફાટ વેરાન રણમાં ફક્ત રેતી અને કાંકરા જ દેખાય પરંતુ બર્બર તરીકે ઓળખાતા ચાંચિયાઓ ત્યાં મુકામ કરતા.

આ ચાંચિયાઓ માણસના રૂપમાં હેવાન હતા. દરિયો ખેડવા નીકળેલા દરિયાખેડુંના જહાજને ડૂબાડવા તે તત્પર રહેતા. જ્યારે પણ કોઈ હોડી કે વહાણ ત્યાંથી પસાર થાય કે તેઓ પોતાનું ઝડપી વહાણ લઈ તેનો પીછો કરતા અને તે હોડી કે વહાણ સુધી પહોંચી, તેના પર રહેલી તમામ વસ્તુઓ કબજે કરી, હોડીમાં રહેલા માણસોને બંદી બનાવી, લૂંટેલી હોડીને ડૂબાડી દેતા. પછી, પોતાના અપરાધનો પસ્તાવો કરવાના બદલે ગર્વભેર નાચતા-ગાતા બાર્બરી ટાપુ પર પાછા ફરતાં. આટલું ઓછું હોય તેમ, તેમણે જે માણસોને બંદી બનાવ્યા હોય તેમને જીવતા છોડવા, જે તે બંદીવાનના સબંધી કે મિત્રો પાસેથી જબરન પૈસા વસૂલતા. અને જો કોઈ બંદીવાનના મિત્રો-સંબંધીઓ પૈસા આપવાની ના પાડે તો તે બંદીવાનને દરિયામાં ફેંકી દેતા.

ડૉક્ટરનું વહાણ એ જ બાર્બરી ટાપુ પાસેથી પસાર થઈ રહ્યું હતું. સૂર્ય માથા પર આવી ગયો હતો. ડૉક્ટર અને ડબ-ડબ કસરત થાય એ માટે વહાણના પગથિયાં ચડ-ઉતર કરી રહ્યા હતા. એકદમ તાજા ઠંડા પવને વાતાવરણને ખુશનુમા બનાવી દીધું હતું. વહાણ પરનો દરેક જીવ ખુશ હતો. અને અચાનક, ડબ-ડબને પાછળ આવતા વહાણનો સઢ દેખાયો. ખાસ્સા દૂર દેખાતા એ વહાણનો સઢ લાલ રંગનો હતો.

"લાલ સઢ કેટલો વિચિત્ર દેખાય છે." ડબ-ડબે કહ્યું. "મને લાગે છે કે તે વહાણમાં સારા માણસો નહીં હોય. ચોક્કસ જ આપણે મોટી મુસીબતમાં ફસાવાના છીએ."

તે સમયે જિપ, કે જે સૂર્યના કૂણા તડકામાં ઝોકું મારી રહ્યો હતો તેણે બબડવાનું શરૂ કર્યું. તે ઊંઘમાં જ બોલ્યો, "મને શેકાયેલા ગૌમાંસની વાસ આવે છે. તે બદામી ગ્રેવીમાં શેકાયું છે છતાં કાચું રહી ગયું છે."

"આ કૂતરાંને શું થઈ ગયું ?" ડૉક્ટર બોલી ઊઠ્યા. "તે ઊંઘમાં પણ સૂંઘે અને બોલે છે !"

"તેમાં નવાઈ પામવા જેવું નથી." ડબ-ડબે કહ્યું. "કૂતરાંઓનું સૂંઘવાનું કામ ઊંઘમાં પણ ચાલુ જ હોય છે."

"પણ તેને વાસ શાની આવે છે ?" ડૉક્ટરને આશ્ચર્ય થયું.

"એ વિચારવા જેવું છે. આપણા વહાણ પર તો ગૌમાંસ નથી રંધાઈ રહ્યું." ડબ-ડબે વિચાર કરી કહ્યું. "કદાચ તે વાસ પેલા પાછળના વહાણમાંથી આવતી હશે."

"પણ, તે અહીંથી દસ માઈલ દૂર છે. આટલા અંતરે રહેલી વસ્તુને જિપ કેવી રીતે સૂંઘી શકે ?" ડૉક્ટરને ફરી આશ્ચર્ય થયું.

"બેશક સૂંઘી શકે. તમે એને જ પૂછો ને !" ડબ-ડબે જવાબ આપ્યો.

પછી જિપ જે હજુ ય ભરઊંઘમાં હતો, ફરી બબડવા લાગ્યો. જાણે તે ગુસ્સામાં ઘૂરકતો હોય તેમ તેના હોઠ ઉંચકાયા અને સફેદ અણીદાર દાંત ભીંસાયા. તે બોલ્યો, "મને ખરાબ માણસોની વાસ આવે છે, મારી જિંદગીમાં જોયેલા સૌથી ખરાબ માણસોની વાસ. હવે, મુસીબત આવવાની છે. એક મુકાબલો થશે. છ નીચ માણસો એક બહાદુર સાથે બાથ ભીડશે. મારે તે બહાદુર પુરુષને મદદ કરવી છે. ભાઉ... ભાઉ.." અને તે જોરથી ભસવા લાગ્યો, એટલા જોરથી કે તેની

પોતાની જ ઊંઘ ઊડી ગઈ. તેના ચહેરા પર આશ્ચર્યના ભાવ હતા.

"જુઓ !" ડબ-ડબે ચીસ પાડી. "પેલી હોડી નજીક આવી ગઈ છે. તેના પર ત્રણ મોટા સઢ છે અને તે ત્રણેય લાલ રંગના છે. તે જે કોઈ પણ છે, આપણી પાછળ આવી રહ્યા છે. મને તો ડર લાગે છે કે તે આપણો પીછો કરી રહ્યા છે."

"તે ખરાબ માણસો બાર્બરીના ચાંચિયા છે. વળી, તેનું વહાણ એટલું ઝડપી છે કે તે હવા સાથે વાતો કરી રહ્યું છે." જિપે કહ્યું.

"તો તો આપણે ભાગવું પડશે. વહાણ પરના બધા સઢ ખોલી નાખો જેથી વહાણની ઝડપ વધી જાય અને આપણે તેમનાથી દૂર જઈ શકીએ. જિપ, જલદી નીચે જા અને જેટલા સઢ દેખાય એ બધા ખોલી નાખ." ડૉક્ટરે ઈશારો કર્યો.

આથી, કૂતરો નીચે દોડ્યો અને એક પછી એક સઢ ખોલવા લાગ્યો.

તેમણે તે તમામ સઢને કૂવાં-થંભ પર ચડાવ્યા અને કૂવાં-થંભને પવનની દિશામાં ફેરવ્યો જેથી સઢમાં પવન ભરાય અને વહાણની ગતિ વધે. પરંતુ તેનાથી કામ બન્યું નહીં. આ બધું કરવા છતાં તેમનું વહાણ ચાંચિયાઓના વહાણ કરતા ધીમું દોડતું હતું. ચાંચિયાઓનું વહાણ તેમની નજીક ને નજીક આવી રહ્યું હતું.

"બમ્પોએ આપણને સૌથી નબળું વહાણ પકડાવ્યું છે." ભૂંડ ગબ-ગબ બોલ્યું. "સૌથી ધીમું અને જૂનું. સૂપ ભરવાના કટોરાને દરિયાના પાણી પર વહેતું મૂકીએ અને તેની જેટલી ઝડપ હોય એટલી ઝડપ આની છે. અને આપણે ચાંચિયાઓ સાથે સ્પર્ધામાં ઉતર્યા છીએ ! જુઓ, તે લોકો કેટલા નજીક આવી ગયા છે. હવે તો વહાણ પર રહેલા છએ ચાંચિયાઓની જાડી મૂછો પણ દેખાય છે. આપણી આગળની યોજના શું છે ?"

અચાનક ડૉક્ટરને કંઈક સૂઝતા તેમણે ડબ-ડબને કહ્યું, "તું ઊડીને જા અને વાદળી પાંખોવાળા પંખીઓને પૂછ કે અમારી પાછળ ચાંચિયા પડ્યા છે તો બચવાનો કોઈ ઉપાય છે ?"

જ્યારે વાદળી પાંખોવાળા પક્ષીઓએ આ જાણ્યું તો તેઓ ડૉક્ટરના વહાણ પર આવ્યા. તેમણે ડૉક્ટરને કહ્યું, "વહાણ પર દોરડું હોય તો તેના ટુકડા કરી સંખ્યાબંધ પાતળી દોરીમાં ફેરવી નાખો. પછી તે દરેક દોરીનો એક-એક છેડો વહાણની આગળની બાજુએ બાંધો અને બીજો છેડો અમે ચાંચમાં પકડીને ઊડીશું. આ બધું શક્ય તેટલું જલદી કરવું પડશે."

પછી, ડૉક્ટર અને વહાણના પ્રાણીઓએ તેમ કર્યું અને વાદળી પાંખવાળા પક્ષીઓ સંખ્યાબંધ દોરીના છેડા ચાંચમાં પકડી વહાણ ખેંચવા લાગ્યા. આમ તો તે કદમાં નાના હતા અને બહુ શક્તિશાળી પણ ન્હોતા પરંતુ સંપીને કામ કરી રહ્યા હતા. તે બે-ચાર હોત તો કંઈ ન કરી શકત પરંતુ બે હજાર પક્ષીઓ હજાર દોરીના છેડા પકડી વહાણ ખેંચી રહ્યા હતા.

આ નાના પક્ષીઓની મોટી મહેનતથી વહાણ દોડવા લાગ્યું. એક સેકન્ડમાં તો વહાણે એટલી ઝડપ પકડી કે ડૉક્ટરને પોતાની ટોપી ઊડી ન જાય એ માટે તેને બેય હાથે પકડી રાખવી પડી. એવું લાગતું હતું કે વહાણ પાણી ઉપર તરતું નથી પણ ઊડે છે ! પળભરમાં તો વહાણની ઝડપ એટલી થઈ ગઈ કે તેના તળિયે ટકરાતું પાણી પરપોટા બની હવામાં ઊડી જવા લાગ્યું.

હવે, વહાણ પર રહેલા બધા જ પ્રાણીઓ આનંદમાં આવી ગયા. કેટલાક તો એ ધસમસતા વહાણ પર નાચવા લાગ્યા. તેમણે પાછળ ફરીને જોયું તો ચાંચિયાઓનું જહાજ નાનું થતું જતું હતું. છેવટે, લાલ સઢવાળું વહાણ પાછળ છૂટી ગયું, પાછળ – ઘણું જ પાછળ.

14. ઉંદરોની ચેતવણી...

દરિયાના પાણી પર જહાજ ખેંચવું એ કંઈ જેવું તેમ કામ નથી, તેમાં બહુ થાક લાગે. પેલા વાદળી પાંખવાળા પક્ષીઓએ બેથી ત્રણ કલાક સુધી આ પરિશ્રમ કર્યો હતો. આ જ કારણે તેમને થાક લાગવા લાગ્યો અને ઊડવામાં હાંફ ચડવા લાગી. તેમણે ડૉક્ટરને કહેવડાવ્યું કે તેમને આરામની જરૂર છે. આથી, તેઓ વહાણને નજીક રહેલા અન્ય એક ટાપુ પર હંકારી ગયા. તેમણે વહાણને ઊંડી ખાડીમાં ઊભું કરી દીધું. વહાણ ખાડીમાં એવી રીતે ઊભું કરાયું હતું કે તે ખુલ્લા દરિયા પરથી જોઈ ન શકાય. આગળની સલામત મુસાફરી માટે, પક્ષીઓ આરામ કરી ફ્રેશ થઈ જાય એ માટે, તે જરૂરી હતું.

અત્યારે તેઓ જે ટાપુની ખાડીમાં ઊભા હતા તે ટાપુ વિશે ડૉક્ટરે ઘણું સાંભળ્યું હતું. ટાપુની મધ્યમાં ઊંચા, સુંદર પર્વતો હતા.

વહાણ ઊભું રહેતા જ ડૉક્ટર બોલ્યા, "પીવાનું પાણી ખૂટી ગયું છે, હું તેની શોધ કરવા જાઉં છું." અને પ્રાણીઓ સામે જોઈને ઉમેર્યું, "તમે બહાર જઈને થોડી કૂદાકૂદ કરો એટલે પગ છૂટા થઈ જાય."

પછી, જેવા તે સૌ વહાણ પરથી નીચે ઊતરવા લાગ્યા કે ડૉક્ટરે કંઈક નોંધ્યું. ઘણાં બધા ઉંદરો વહાણના ભંડકિયામાંથી બહાર આવી ટાપુ તરફ ભાગી રહ્યા હતા. તે સૌ વહાણ છોડીને જઈ રહ્યા હતા. જિપે પણ તેમને જોયા અને તે તેમની પાછળ દોડ્યો. ઉંદરની પાછળ દોડી તેને પકડવાનું કામ જિપને ખૂબ ગમતું, પણ ડૉક્ટરે તેને વાર્યો.

એવામાં એક મોટા કાળા ઉંદરે ડૉક્ટર સામે જોયું. તે તેમને કંઈક કહેવા ઇચ્છતો હતો. જોકે, જિપના કારણે તે સાવધાન બન્યો અને ડરતા ડરતા આગળ આવ્યો. તે ભલે ડૉક્ટર તરફ ખસતો હતો પણ તેની આંખો કૂતરાં પર જ હતી. તેને સ્વસ્થ થતા બે-ચાર પળ વીતી. પછી, તેણે પોતાનું મોં લૂછી, મૂછોના થોભિયાં સાફ કર્યા અને ડૉક્ટરને કહ્યું, "તમને ખબર જ હશે કે કોઈ પણ વહાણમાં ખાવા-પીવાની વસ્તુઓ પડી રહેતી હોય એટલે ઉંદર પણ રહેતા જ હોય."

"હા, મને ખબર છે." ડૉક્ટરે જવાબ આપ્યો.

"અને જયારે વહાણ ડૂબવાનું થાય ત્યારે વહાણમાં રહેતા તમામ ઉંદરો તે વહાણ છોડી દે છે..."

"એ પણ સાંભળ્યું છે."

"આમ તો લોકો કહેતા હોય છે કે જેના પર આખું જીવન વિતાવ્યું હોય તેને તરછોડીને ભાગી જવું એ શરમજનક વાત છે. પણ, આ બાબતમાં તમે અમને વગોવી ન શકો. જો કોઈને બચવાની તક મળતી હોય તો ડૂબતા જહાજ પર રહી મરવાનું કોણ પસંદ કરે ?" ઉંદરે પોતાનો પક્ષ રજૂ કર્યો.

"સાચી વાત છે ; એકદમ સ્વાભાવિક અને વહેવારુ વાત. હું બરાબર સમજી શકું છું. તારે બીજું કંઈ કહેવું છે ?"

"હા." ઉંદરે કહ્યું. "હું તમને કહેવા આવ્યો છું કે અમે આ વહાણ છોડીને જઈ રહ્યા છીએ. પણ, જતાં પહેલાં તમને ચેતવણી આપવા આવ્યા છીએ. આ વહાણ સાવ નબળું છે અને તેના પર મુસાફરી કરવામાં જોખમ છે. વહાણના બધા પાટિયાં સડી ગયા છે અને તેનું તળિયું પણ નબળું છે. તે બહુ જલદી દરિયાના તળિયે બેસી જશે."

"પણ, તમને કેવી રીતે ખબર ?" ડૉક્ટરે પૂછ્યું.

"અમને ખબર પડી જાય." ઉંદરે કહ્યું. "તમારા પગ નીચેથી જમીન સરકવા માંડે તો તમને ખબર પડી જાય ને, એવું ! વહાણ ડૂબવાનું થાય ત્યારે અમારી પૂંછડીમાં કશુંક ભોંકાતું હોય એવી ફીલિંગ થવા લાગે છે. આજે સવારે છ વાગે હું નાસ્તો કરતો હતો ત્યારે મને, પૂંછડીમાં કશુંક ભોંકાતું હોય એવી લાગણી થઈ. પહેલાં તો મને લાગ્યું કે મને સંધિવા થવાની તૈયારી છે, પણ પછી મેં મારા આંટીને પૂછ્યું તો તેમણે કહ્યું કે તેમને પણ એવું જ ફીલ થાય છે. મારા આંટીને તમે ઓળખો છો. તેઓ લાંબા, સૂકલકડી અને કાબરચીતરાં છે, ગઈ વસંતમાં તમારી પાસે કમળાનો ઈલાજ કરાવવા આવ્યા હતા. તેમણે ચોખવટ કરી કે ખાલી તેમને અને મને જ નહીં પણ વહાણના બધા ઉંદરોને એવું ફીલ થાય છે. પછી, અમે સમજી ગયા કે વધીને બે દિવસમાં આ જહાજ ડૂબી જશે. આથી, સર્વસંમતિએ નક્કી થયું કે વહાણ કોઈ જમીન પાસે ઊભું રહે તો વહાણ છોડીને ભાગી જવું. ડૉક્ટર, આ વહાણ સડી ગયું છે. હવે તેમાં મુસાફરી કરશો તો ચોક્કસ ડૂબી જશો. એટલે અમે તો આ ટાપુ પર સારી જગ્યા શોધી ત્યાં જ ઘર વસાવવાના છીએ, આવજો."

"આવજો." ડૉક્ટરે કહ્યું. "અને હા, અમને ચેતવણી આપવા બદલ આભાર. તમે બીજાનો વિચાર કરો છો એ જાણીને ખૂબ આનંદ થયો. તારા આંટીને મારી યાદ આપજે. તેમને કહેજે કે મને તેમનો ચહેરો યાદ છે. જિપ, તે ઉંદરને જવા દે. તેનો પીછો છોડી મારી પાસે આવી જા."

માટે પછી, ડૉક્ટર અને તેના બધા પ્રાણીઓ વહાણ પરથી ઉતરી ગયા. તે સૌએ પીવાનું પાણી ભરવા, હાથમાં ડોલ અને તપેલીઓ લઈ લીધી હતી. તેઓ ટાપુ પર પાણી શોધવા લાગ્યા અને વાદળી પાંખોવાળા પક્ષીઓ આરામ કરવા લાગ્યા.

"આ જગ્યા કેટલી અદ્ભુત અને ખુશનુમા છે, નહીં ! અહીં ઘણા બધા પક્ષીઓ છે. મેં આ ટાપુ વિશે ઘણું સાંભળ્યું છે, પણ તેનું નામ યાદ નથી આવતું. શું નામ હતું તેનું, શું નામ હતું..." ડૉક્ટર યાદ કરવાનો પ્રયાસ કરતા બબડ્યા.

"અરે, આ કનેરી ટાપુ છે." ડબ-ડબે યાદ અપાવ્યું. "જુઓને, કેટલા બધા કનેરી ગાઈ રહ્યા છે." (કનેરી – પીળા પીંછાવાળું ગાનારું પક્ષી)

ડબ-ડબની વાત સાંભળી ડૉક્ટર અટક્યા અને કનેરીઓનો કલરવ સાંભળવા લાગ્યા.

"હા, બરાબર. હવે, યાદ આવી ગયું. હું ય કેટલો મૂરખ છું, ચાલને એમને જ પૂછી લઈએ કે પીવાનું પાણી ક્યાં મળશે ?"

આ બાજુ જેવી કનેરીઓને ખબર પડી કે ડૉક્ટર ડૂલિટલ પીવાનું પાણી શોધી રહ્યા છે કે તે બધા આકાશમાંથી નીચે ઉતરી ડૉક્ટર પાસે આવ્યા અને તેમને ઠંડા-મીઠા પાણીના ઝરા પાસે લઈ ગયા. કનેરીઓ દરરોજ તે જ ઝરણામાં સ્નાન કરતા હતા. પછી, તેમણે ડૉક્ટરને જોવાલાયક સ્થળો બતાવ્યા અને તેમના બચ્ચાં જે ઘાસના મેદાનમાં ઉછરતા હતા તે જગ્યા પણ બતાવી.

પુશ્મી-પુલુંને તો આ ટાપુ પર મજા જ પડી ગઈ કારણ કે તેને ફળ કરતા લીલું ઘાસ વધારે ભાવતું અને વહાણ પર તેને સૂકવેલા સફરજન જ ખાવા પડતા હતા. તો બીજી બાજુ, ખીણમાં શેરડીની વાડ જોઈ ગબ-ગબ પણ ઉત્સાહમાં આવી ગયું, તેણે જોરથી સીટી વગાડી.

થોડા જ સમયમાં બધાએ ખાવા-પીવાનો ઘણો સામાન ભેગો કરી લીધો. તેમણે તેને પીઠ પર લાદ્યો અને કનેરીઓ તેમના માટે ગીત લલકારવા લાગ્યા. એ જ સમયે વાદળી પાંખવાળા બે પક્ષીઓ ઊડીને ડૉક્ટર પાસે આવ્યા. ધાંય-ધાંયમાં આવેલા તે બંને પક્ષીઓ ગભરાયેલા હતા.

"ડૉક્ટર," તેમણે હાંફતા શ્વાસે કહ્યું, "ચાંચિયાઓ ખાડીમાં આવી તમારા વહાણ પર

ચડી ગયા છે. તે બધા તમારી વસ્તુઓ તફડાવવા વહાણના ભંડકિયામાં ગયા છે. તેમના જહાજ પર અત્યારે કોઈ નથી. જો તમે અત્યારે કિનારે પહોંચી શકો તો તેમના જહાજ પર કબજો કરી શકાશે. વળી, તેમનું જહાજ ઝડપથી દોડે છે એટલે તેમાં બેસીને આરામથી ભાગી શકાશે. પણ, તમારે ઉતાવળ કરવી પડશે."

"આ ઉપાય સારો, નહીં જોરદાર છે." ડૉક્ટરે કહ્યું.

તેમણે બધા પ્રાણીઓને એક જ ઝાટકે મામલો સમજાવી દીધો, કનેરીઓને બાય-બાય કર્યું અને સૌ કિનારા તરફ દોડવા લાગ્યા.

જેવા તેઓ કિનારે પહોંચ્યા કે તેમણે લાલ સઢવાળું ચાંચિયાઓનું જહાજ જોયું. તે ખાડીમાં ઊભું હતું. પેલા બંને પક્ષીઓએ કહ્યું હતું તેમ, તેમના જહાજ પર અત્યારે કોઈ ન હતું. બધા ચાંચિયાઓ ડૉક્ટરના વહાણના ભંડકિયામાં હતા.

માટે, જ્હોન ડૂલિટલ અને તેમના પ્રાણીઓ ચુપકીદીથી પગ માંડતા ચાંચિયાઓના જહાજ પર ચડી ગયા.

15. બાર્બરી ડ્રેગન...

ટાપુ પર ઊગી નીકળેલી ભીની શેરડી ખાવાથી ભૂંડને ઠંડી ન ચડી ગઈ હોત તો ડૉક્ટર અને તેમના પ્રાણીઓ સલામત રીતે રફુચક્કર થઈ શક્યા હોત, પણ...

થયું એવું કે ડૉક્ટર અને પ્રાણીઓ ચાંચિયાઓના જહાજ પર ચુપચાપ ચડી ગયા અને તેમણે એટલી જ ચુપકીદીથી લંગર ઉપાડ્યું. પછી, વહાણને ખાડીની બહાર નીકળવા તેઓ તેને ધીમી ગતિએ હંકારવા લાગ્યા. પરંતુ ત્યારે જ, ભૂંડે મોટેથી છીંક ખાધી. અત્યાર સુધી ચાંચિયાઓ, ડૉક્ટરના વહાણના ભંડકિયામાં ખાંખાં-ખોળા કરતા હતા પરંતુ છીંકનો અવાજ સાંભળી તે ઉપર દોડી આવ્યા.

ઉપર આવતા વેંત તેમણે ડૉક્ટરને ભાગતા જોયા અને ખાડીની બહાર નીકળવાના માર્ગમાં હોડી ઉતારી અંતરાય ઊભો કરી દીધો જેથી જહાજ ખાડીની બહાર ન જઈ શકે.

પછી, પોતાને ડ્રેગન તરીકે ઓળખાવતા ચાંચિયાઓના સરદાર બેન અલીએ દાંત ભીંસ્યા, મૂઠીઓ વાળી અને જોરથી કહ્યું, "હવે તું બરાબર ફસાઈ ગયો છે. તું મારું જહાજ લઈને ભાગી જવાની વેતરણમાં હતો, મારું ! અરે, બાર્બરીના ડ્રેગન બેન અલીને હરાવી શકે એવો ખારવો આજ સુધી પાક્યો નથી. તારી પાસે રહેલા બતક અને ભૂંડને જોઈ મારા મ્હોંમાં પાણી આવે છે. અમે તે બંનેના નાના નાના ટુકડા કરીને તેમને ખાઈ જઈશું. તું પણ કંઈ એમ જ નહીં છૂટે. તારે તારા મિત્રને કહેવડાવી સોનું ભરેલી પેટી મંગાવવી પડશે. પછી જ તારો છુટકારો થશે."

આ સાંભળી ગબ-ગબ તો રડવા જ લાગ્યું અને ડબ-ડબ ઊડી જવાનો વિચાર કરવા લાગ્યું. પણ, ઘુવડ ટૂ-ટૂએ ડૉક્ટરના કાનમાં ફૂંક મારી, "તેને વાતો કરાવતા રહો, તેની સાથે સારી રીતે વર્તો. આપણું જૂનું વહાણ ગમે તે ક્ષણે ડૂબવા લાગશે. ઉંદરોએ કહ્યું છે કે વહાણ બહુ જલદી સમુદ્રના તળિયે બેસી જશે અને ઉંદરો ક્યારેય ખોટા નથી પડતા. જ્યાં સુધી વહાણ તેમને લઈને ડૂબી ન જાય ત્યાં સુધી તેમની સાથે વાતો કરો. તેમને વ્યસ્ત રાખો."

"પણ, વહાણ ક્યારે ડૂબશે એ થોડું નક્કી છે ! સારું, મને ટ્રાય કરવા દે. સાલું, શેના વિશે વાત કરવી એ જ સમજાતું નથી." ડૉક્ટરે જવાબ આપ્યો.

"અરે, આવવા દો એમને ; થઈ જવા દો બબ્બે હાથ." જિપે કૂદકા મારતા કહ્યું. "તે ફક્ત છ જણ છે. આપણે તે હેવાનો સામે લડીશું. આજે એમની ખેર નથી. જયારે આપણે ફડલબી પાછા ફરીશું તો હું આપણી બાજુમાં રહેતા કૂતરાંને કહીશ કે મેં સાચા ચાંચિયાને બચકું ભર્યું હતું. આપણે તેની સાથે લડવા સક્ષમ છીએ."

"ના, એ તો આપઘાત કરવા જેવું છે. તે દરેક પાસે તલવાર અને બંદૂક છે." ડૉક્ટરે કહ્યું. "મારે તેમની સાથે વાતો કરવી પડશે." પછી ડૉક્ટરે ચાંચિયાઓ તરફ ફરીને કહ્યું, "બેન અલી, મારી વાત સાંભળ..."

પણ, ડૉક્ટર આગળ કંઈ બોલે એ પહેલાં જ ચાંચિયાઓ તેમનું વહાણ લઈ નજીક આવવા લાગ્યા. તેમનો હરખ માતો ન્હોતો અને તેઓ એકબીજા સાથે શરત લગાવતા હતા કે 'ભૂંડને કોણ પહેલાં પકડશે ?'

બિચારું ગબ-ગબ તો ડરથી ધ્રૂજવા લાગ્યું. તો બીજી બાજુ પુશમી-પુલું તેના શિંગડાને ધ્વજસ્તંભ સાથે ઘસી શિંગડાની ધાર તેજ કરવા લાગ્યું. જિપ હવામાં કૂદકા મારી ભસી રહ્યો હતો, તે બેન અલીને કૂતરાંની ભાષામાં ગંદી ગાળો આપી રહ્યો હતો.

પણ અચાનક, ચાંચિયા મૂંઝાયા. તેમણે હસવાનું અને જોક્સ મારવાના બંધ કરી દીધા. તે

તમામના ચહેરા પર ચિંતા પ્રગટી. કંઈક એવું બન્યું હતું જેથી તે સૌ અસ્વસ્થ બની ગયા હતા.

બેન અલી પોતાના જ પગને તાકવા લાગ્યો. તેણે જોરથી રાડ પાડી, “સાવધાન, વહાણ ડૂબી રહ્યું છે !”

અને પછી બધા ચાંચિયાઓએ વહાણની આજુબાજુ ધ્યાનથી જોયું. વહાણ પાણીમાં ઊંડું ને ઊંડું ગરકી રહ્યું હતું. હવે, એક ચાંચિયાએ કહ્યું, “જો આ જૂનું વહાણ ડૂબવાનું હતું તો ઉંદર આ વહાણ છોડીને ગયા કેમ નહીં ? આપણને તો ભાગતા ઉંદર દેખાયા જ નથી !”

અને જિપે ચાંચિયાઓના જહાજ પરથી બૂમ પાડી, “ડફોળોના સરદારો, વહાણ પર કોઈ ઉંદર હોય તો તમને તે વહાણ છોડીને ભાગતો દેખાય ને ! બધા ઉંદરો બે કલાક પહેલાં જ ભાગી ગયા છે. હવે, ‘હા... હા...’ કરીને હસો !”

પણ, તે કોઈ પ્રાણીઓની ભાષા સમજતા ન હતા તેથી જિપે જે કહ્યું તે સમજી શક્યા નહીં. થોડી જ વારમાં વહાણનો આગળનો ભાગ વધુને વધુ ડૂબવા લાગ્યો. પછી તો આગળનો ભાગ ડૂબતો જતો હોવાથી વહાણ પાછળથી ઊંચું થયું અને ચાંચિયાઓ રેલિંગ, દોરડું જે હાથમાં આવ્યું તે પકડી લટકવા લાગ્યા. પણ, વહાણના તમામ બારી-દરવાજામાંથી દરિયાનું પાણી અંદર પ્રવેશ્યું અને આખું વહાણ ડૂબ્યું ; ભયંકર અવાજ કરતુ તે દરિયાના પાણીમાં બેસી ગયું અને છએ ચાંચિયાઓ, ખાડીના ઊંડા પાણીમાં, મોજા સાથે હિલોળા લેતા ઉપર-નીચે થવા લાગ્યા.

તેમાંના કેટલાક ટાપુના કિનારા તરફ તરવા લાગ્યા તો કેટલાક ડૉક્ટર જે જહાજ પર હતા તે જહાજ પર ચડવાનો પ્રયાસ કરવા લાગ્યા. પણ, જેવો કોઈ ચાંચિયો ડૉક્ટરના જહાજ પર ચડવાનો પ્રયાસ કરતો કે જિપ તેના નાક પર બચકું ભરી લેતો. આથી, ચાંચિયાઓ ખૂબ ગભરાઈ ગયા. તેમણે જહાજ પર ચડવાનું માંડી વાળ્યું.

પછી, તે બધા એકદમ ગભરાયા અને એકસાથે બોલી ઊઠ્યા, “શાર્કનું ટોળું ! શાર્ક માછલીઓ આવી રહી છે ! અમને જહાજ પર ચડવા દો નહિતર શાર્ક અમને ખાઈ જશે. મદદ કરો, અમને મદદ કરો.”

ડૉક્ટરે જોયું તો ખરેખર, ખાડીની પાછળની બાજુએથી શાર્ક માછલીઓ આવી રહી હતી. તે માછલીઓ સીધી ચાંચિયાઓ તરફ ગઈ. પછી એક મોટી શાર્ક જહાજની નજીક આવી અને પોતાનું નાક પાણીની બહાર કાઢી ડૉક્ટરને પૂછ્યું, “તમે જ પેલા જાણીતા ડૉક્ટર જ્હોન ડૂલિટલ - એમ.ડી. છો ?”

“હા.” ડૉક્ટરે કહ્યું. “મારું જ નામ જ્હોન ડૂલિટલ છે.”

“તમને મળીને આનંદ થયો.” શાર્કે કહ્યું અને ઉમેર્યું, “અમે જાણીએ છીએ કે આ બધા ચાંચિયા બેરહમ છે, ખાસ કરીને આ બેન અલી. જો એ તમને રંઝાડતો હોય તો અમને કહી દો, તેમને ખાઈ જવામાં અમને લગીર સંકોચ નહીં થાય. પછી, કોઈ તમને ત્રાસ નહીં આપે. ન રહેગા બાંસ ન બજેગી બાંસુરી.”

“આભાર.” ડૉક્ટરે કહ્યું. “તેં ખૂબ કામની વાત કરી છે, પણ... મને લાગે છે કે તેમને મારીને ખાઈ જવા એ અંતિમ ઉપાય નથી. હું તમને ન કહું ત્યાં સુધી એકેય ચાંચિયાને ટાપુના કિનારા સુધી જવા ન દેતા. હા, તેમને હાથ-પગ હલાવીને તરવા દેજો જેથી ડૂબી ન જાય. એ સિવાય, બેન અલીને અહીં વહાણની નજીક આવવા દે, મારે તેની સાથે અગત્યની વાત કરવી છે.”

માટે, શાર્કના ટોળાએ બેન અલીને ડૉક્ટર સુધી જવા દીધો.

“સાંભળ બેન અલી” જહાજના છેડે રહેલી રેલિંગ પકડી, માથું દરિયા તરફ નમાવી

જ્હોન ડૂલિટલે કહ્યું. “મને ખબર છે કે તું ખૂબ ખરાબ માણસ છે અને તેં ઘણા માણસોને મારી નાખ્યા છે. જો હું કહું તો આ ભલી માછલીઓ તમને ખાઈ જવા તૈયાર છે અને તેમ કરવામાં ખોટું ય નથી કારણ કે આ દરિયાને તમારા જેવા જલ્લાદોથી છૂટકારો મળશે. પણ, જો તું મને વચન આપે, હું કહું તેમ કરવા તૈયાર થાય, તો હું તમને છએને જીવતા રાખી શકું એમ છું.”

બેન અલીની બંને બાજુએ શાર્ક તરી રહી હતી. તે તેના પગ સૂંઘતી હતી. બેન અલીએ તરત કહ્યું, “મારે શું કરવાનું છે ?”

“તારે હવેથી કોઈ માણસની હત્યા કરવાની નથી. તારે ચોરી કરવાનું બંધ કરી દેવું પડશે. બીજાના વહાણ ડૂબાડવાનું બંધ કરી દેવું પડશે. ટૂંકમાં, તારે ચાંચિયો મટી સારો માણસ બનવાનું છે.”

“પણ, તો પછી હું કરીશ શું ? હું જીવીશ કેવી રીતે, મારું ગુજરાન કેવી રીતે ચાલશે ?” બેન અલીએ પૂછ્યું.

“તારે અને તારા બધા માણસોએ આ ટાપુ પર કામ કરવાનું છે. અહીં બચ્ચાં ઉછેર કેન્દ્ર શરૂ કરો. તમારે કનેરીના બચ્ચાં ઉછેરવાના છે.” ડૉક્ટરે કહ્યું.

આ સાંભળી બાર્બરી ડ્રેગન ગુસ્સાથી લાલ-પીળો થઈ ગયો. “બચ્ચાં ઉછેર કેન્દ્ર ?” તેણે ઘૃણાથી નિસાસો નાખ્યો, “હું એક નાવિક ન બની શકું ?”

“નહીં. તું ઘણા સમયથી નાવિક જ હતો પણ તે કેટલાય મજબૂત જહાજો અને સારા માણસોને દરિયાના પાણીમાં ડૂબાડી દીધા છે. હવેની જિંદગી તારે શાંત ખેડૂત તરીકે વિતાવવાની છે. બોલ છે મંજૂર ? જલદી બોલ, મારી પાસે ઝાઝો સમય નથી અને શાર્ક મારા જવાબની રાહ જોઈ રહી છે. ફટાફટ નિર્ણય લઈ લે.”

“બચ્ચાં ઉછેર કેન્દ્ર” બેન અલી ગણગણ્યો અને પાણીમાં જોયું. તેના પગ પાસે તરતી શાર્ક હજુ પણ તેનો પગ સૂંઘી રહી હતી.

“સારું, મંજૂર છે.” તેણે કમને કહ્યું. “અમે ખેડૂત બનીશું.”

“અને યાદ રાખજે,” ડૉક્ટરે સખ્તાઈથી કહ્યું, “તું આ વચન નહીં પાળે તો, તમે ફરીવાર લૂંટફાટ અને મારધાડ શરૂ કરશો તો, મને ખબર પડ્યા વગર રહેવાની નથી. આ કનેરીઓ જ મને કહી જશે. અને એ પણ જાણી રાખ, કે જો એવું થશે તો હું તને સજા કરવાનો નવો રસ્તો શોધી લઈશ. ભલે, હું તારા જેટલો સારો નાવિક નથી, પણ દુનિયાભરના પ્રાણીઓ, પક્ષીઓ અને સમુદ્રીજીવો મારા મિત્રો છે. મારે તારા જેવા ચાંચિયાથી ડરવાની કોઈ જરૂર નથી. પછી ભલે તું ‘બાર્બરીનો ડ્રેગન’ જ કેમ ન હોય ! હવે જા અને સારો ખેડૂત બનીને શાંતિથી જીવજે.”

પછી, ડૉક્ટર મોટી શાર્ક તરફ ફર્યા અને તેની સામે હાથ હલાવતા કહ્યું, “વાત થઈ ગઈ છે. તેમને કિનારા સુધી જવા દો.”

16. ટૂ-ટૂ - એક અજાયબ શ્રોતા

શાર્ક માછલીઓનો ફરી ફરી આભાર માન્યા પછી, ડૉક્ટર અને તેમના પ્રાણીઓ ઘર તરફ ચાલ્યા. હવે, તેમની પાસે ચાંચિયાઓનું ત્રણ સઢવાળું જહાજ હતું. થોડી જ વારમાં જહાજ, દરિયાના ખુલ્લા પટ પર તરવા લાગ્યું. બધા પ્રાણીઓ જોવા માંગતા હતા કે નવું જહાજ અંદરથી કેવું દેખાય છે, માટે તે સૌ નીચે ગયા. જોકે, ડૉક્ટરને તેમાં કોઈ રસ ન્હોતો. તેઓ વહાણની પાછળની બાજુએ, રેલિંગ પકડીને ઊભા હતા. સંધ્યા થઈ ગઈ હતી અને આછા આસમાની આકાશમાં દૂર જઈ રહેલો કનેરી ટાપુ સુંદર દેખાતો હતો. ડૉક્ટર પાઈપ પીતા પીતા તે સુંદર ટાપુને નીરખી રહ્યા હતા.

દરમિયાન, ડૉક્ટર વિચારે ચડી ગયા ; આફ્રિકાના વાંદરાઓ અત્યારે શું કરતા હશે ? તેઓ ફડલબી પાછા પહોંચશે ત્યારે ઘરની અને બગીચાની હાલત કેવી હશે ? વગેરે...

ત્યાં જ ડબ-ડબ ઊછળતું કૂદતું પગથિયાં ચડતું તેમની પાસે આવ્યું. તેના ચહેરા પર સ્મિત હતું.

“ડૉક્ટર” તે ઉત્સાહથી બોલ્યું, “આ જહાજ તો ગજબનું છે. સૂવા માટેની પથારીઓ કીમતી રેશમની બનેલી છે, સાથે સંખ્યાબંધ ઓશીકાં અને તકિયા છે. ફરસ પર પગ ખૂંપી જાય એવા જાડા મુલાયમ ગાલીચા પાથરેલા છે. ખાવા-પીવાની તમામ વસ્તુઓ હાજર છે અને કબાટ જુઓ તો... ખાવાની એટલી વસ્તુઓ ભરી છે, ઓહોહો... જાણે કોઈ હોટેલમાં આવી ગયા હોય એવું લાગે છે. પાંચ અલગ અલગ પ્રકારની તો માછલીઓ છે ! અરે, થાળી-વાટકા પણ ચાંદીના છે. તમે તમારી જિંદગીમાં ન જોયું હોય એવું બધું છે. અને હા, અમને એક નાનો રૂમ મળ્યો છે. પણ, તેનો દરવાજો ખૂલતો નથી. રૂમની અંદર શું હશે તે જોવાની અમને જિજ્ઞાસા જાગી છે. જિપ કહે છે કે ચાંચિયાઓએ તે રૂમમાં ખજાનો ભર્યો હશે. અમે પ્રયત્ન કર્યો પણ અમારાથી દરવાજો ખૂલ્યો નહીં. તમે નીચે આવી દરવાજો ખોલવા પ્રયત્ન કરી જુઓ.”

માટે, ડૉક્ટર નીચે ગયા. વહાણ ખરેખર અદ્‌ભુત હતું. બધા પ્રાણીઓ પેલા નાના રૂમના દરવાજા પાસે ટોળે વળી, અંદર શું હશે તેના તર્ક-વિતર્ક-અનુમાન કરતા ચર્ચા કરી રહ્યા હતા. ડૉક્ટરે હેન્ડલ ઘુમાવ્યું પણ દરવાજો ખૂલ્યો નહીં. પછી, તે બધા દરવાજાની ચાવી શોધવા લાગ્યા. તેમણે ગાલીચા નીચે જોયું, ચટાઈ નીચે જોયું, બધા કબાટમાં અને ખાનાઓમાં જોયું ; અરે, ડાઈનિંગરૂમમાં ગોઠવેલી મોટી પેટીઓમાં પણ જોયું, છતાં, ચાવી ન મળી.

આ શોધખોળ દરમિયાન તેમને બીજી અનેક વસ્તુઓ મળી. તેમાં કાશ્મીરી બનાવટની શાલ હતી જે કરોળિયાના જાળા જેટલી હલકી હતી. તેના પર સોનાના તારથી ભરતકામ થયેલું હતું. એ સિવાય જમૈકામાં મળે તેવી ઊંચી જાતની તમાકુ, હાથીદાંતમાં કોતરણી કરી બનાવવામાં આવેલા રશિયન ચાના ડબ્બા, તૂટી ગયેલા તારવાળું જૂનું વાયોલિન, ચેસ-બોર્ડ અને કૂકરીઓ, પરવાળાં તથા મણીમાંથી બનાવવામાં આવેલા શો-પીસ, હેન્ડલમાંથી ખેંચીએ તો તલવાર બની જાય એવી ટેકા લાકડી, ચાંદીની કોર ધરાવતા પીરોજના છ ગ્લાસ, છીપલાંના મોતીમાંથી બનેલ સુગર-બાઉલ અને બીજું પણ ઘણું બધું હતું. ચાંચિયાઓએ તે સઘળું અન્ય વહાણો પરથી લૂંટ્યું હતું.

જોકે, આટલી શોધખોળ કર્યા પછી પણ ડૉક્ટર અને પ્રાણીઓને જોઈતી વસ્તુ તો ન જ મળી. હા, અમુક ચાવીઓ મળી હતી, પરંતુ તેનાથી રૂમનો દરવાજો ખૂલ્યો નહીં.

છેવટે, બધા દરવાજા પાસે ફરી ભેગા થયા અને જિપે કી-હોલમાંથી અંદર જોયું. પણ ત્યાં

અંદર, દીવાલ પાસે કંઈક ગોઠવેલું હતું જેથી જિપ કંઈ જોઈ ન શક્યો.

હવે, તેઓ શું કરવું એ વિશે વિચાર કરવા લાગ્યા અને અચાનક ટૂ-ટૂએ કહ્યું, "સ્સ્સ્સ, સાંભળો. મને લાગે છે કે અંદર કોઈ છે !"

બધા ચૂપ થઈ ગયા. ડૉક્ટરે કહ્યું, "ટૂ-ટૂ તારી ભૂલ થાય છે. મને તો કંઈ સંભળાતું નથી."

"મને ખાતરી છે." ઘુવડે કહ્યું. "જુઓ, ફરી વાર અવાજ આવ્યો. તમને તે સંભળાતો નથી ?"

"ના, મને કોઈ અવાજ સંભળાતો નથી. તે કેવા પ્રકારનો અવાજ છે ?" ડૉક્ટરે પૂછ્યું.

"કોઈ પોતાના ખિસ્સામાં હાથ સરકાવે તેવો." ઘુવડે ચોખવટ કરી.

"પણ, એનો તો અવાજ જ ન થાય. મતલબ, થાય પણ સાંભળી ન શકાય એવો થાય. તું એટલો ઝીણો અવાજ ન સાંભળી શકે." ડૉક્ટરે કહ્યું.

"તમને વિશ્વાસ નહીં આવે પણ... હું તે અવાજ સાંભળી શકું છું. હું ફરી કહું છું કે દરવાજાની પેલી બાજુએ કોઈ છે જેણે પોતાનો હાથ ખિસ્સામાં સરકાવ્યો હતો. લગભગ દરેક ક્રિયાનો કોઈ અવાજ થતો હોય છે. જો તમારી શ્રવણ શક્તિ અદ્‌ભુત હોય તો તમે તે દરેક અવાજને સાંભળી શકો. અરે, ચામાચીડિયા તો જમીનની નીચે ચાલતા છછુંદરનો અવાજ પણ સાંભળી શકે છે. જોકે, ફક્ત ચામાચીડિયા જ અદ્‌ભુત શ્રોતા છે એવું નથી. અમે ઘુવડ પણ એ જ શ્રેણીમાં આવીએ. અંધારામાં બિલાડીનું બચ્ચું આંખ મીંચે ત્યારે તેની મટકું મારવાની પદ્ધતિ પરથી અમે તેના રંગ વિશે કહી શકીએ છીએ. એ પણ ફક્ત એક જ કાનના ઉપયોગ વડે..."

"ઓહો ! તારી વાત આશ્ચર્ય પમાડે એવી છે. હવે અવાજ સાંભળીને કહે કે અંદર જે વ્યક્તિ છે તે અત્યારે શું કરી રહ્યો છે ?"

"તે કોઈ પુરુષ જ છે એવું હું ખાતરીપૂર્વક કહી શકતો નથી. કદાચ તે કોઈ સ્ત્રી પણ હોય. મને ઊંચો કરીને કી-હોલ પાસે લઈ જાવ. ત્યાં કી-હોલ પાસે કાન માંડીને હું તમને કહી શકીશ."

માટે, ડૉક્ટરે ઘુવડને ઊંચું કર્યું અને તેને દરવાજા પાસે લઈ ગયા. એક-બે પળ વીત્યા પછી ટૂ-ટૂએ કહ્યું, "તેણે ડાબા હાથ વડે પોતાનો ચહેરો લૂછ્યો છે. તેના ચહેરો અને હાથ નાના છે. કદાચ તે સ્ત્રી છે. હવે, તેણે કપાળ પર આવી ગયેલા વાળને પાછળ હડસેલ્યા છે. ના, તે પુરુષ જ છે."

"સ્ત્રીઓ પણ એવું કરે છે." ડૉક્ટરે કહ્યું.

"ખરું, પણ જ્યારે કોઈ સ્ત્રી તેવું કરે ત્યારે થોડો અલગ અવાજ થાય, તેમના વાળ લાંબા હોય ને ! સ્સ્સ્સ, આ ભૂંડને શાંતિ નથી, તું ચુપચાપ ઊભું રહે ને બાપ ! હવે, તમે બધા પોતાનો શ્વાસ રોકી રાખજો જેથી હું નાનામાં નાનો અવાજ પણ સાંભળી શકું. ખરેખર તો હું જે કરી રહ્યો છું તે ખૂબ અઘરું કામ છે અને આ ભારે ભરખમ દરવાજો પણ બહુ જાડો છે. બધા શાંત થઈ જાવ, આંખો બંધ કરી શ્વાસ લેવાનું બંધ કરી દો."

પછી, ટૂ-ટૂ દરવાજા તરફ નમ્યો અને લાંબા સમય સુધી કંઈક સાંભળતો રહ્યો. છેવટે તેણે ડૉક્ટર સામે જોયું અને કહ્યું, "અંદર જે માણસ છે તે નાખુશ છે. તે રડી રહ્યો છે. આપણને તેનો અવાજ ન સંભળાય એટલા માટે અવાજ કર્યા વગર રડી રહ્યો છે. પણ, મેં સાંભળ્યું – એકદમ સ્પષ્ટ રીતે સાંભળ્યું ; આંખમાંથી ટપકેલા આંસુ તેની બાંય પર પડ્યા છે."

"તું એટલા વિશ્વાસથી કેવી રીતે કહી શકે ? તે છતમાંથી ટપકતાં પાણીનો અવાજ પણ હોઈ શકે ને !" ગબ-ગબે પૂછ્યું.

"સ્સ્સ્સ, તને ચુપ રહેવાનું કહ્યું તો ય..." ટૂ-ટૂ ખિજાયું. પછી તેણે જ કહ્યું, "છતમાંથી

ટપકતાં પાણીનો અવાજ આના કરતા દસ ગણો વધારે હોય.”

“ઠીક છે.” ડૉક્ટરે કહ્યું. “જો અંદરની વ્યક્તિ નાખુશ હોય તો આપણે અંદર જઈ તેની તકલીફ વિશે જાણવું જોઈએ. એક કુહાડી શોધી લાવો, આપણે દરવાજો તોડી નાખીશું.”

17. ખટપટીયા માછલી...

દરવાજો તોડવા માટે કુહાડી શોધવામાં આવી. પછી, ડૉક્ટરે કુહાડીના ફટકા મારી દરવાજામાં બાંકું કરી નાખ્યું. બાંકું, હાથ-પગ ટેકવી અંદર જઈ શકાય તેવડું મોટું હતું. ડૉક્ટર અંદર ગયા. પરંતુ ત્યાં એટલું અંધારું હતું કે થોડી વાર સુધી ડૉક્ટરને કંઈ ન દેખાયું. છેવટે તેમણે માચીસ કાઢી દિવાસળી સળગાવી.

ખૂબ નાના કહી શકાય તેવા તે રૂમમાં એક પણ બારી ન્હોતી. છત પણ ખૂબ નીચી હતી અને ફર્નિચરના નામે ફક્ત એક ટેબલ હતું. રૂમની તમામ દીવાલને અડકીને મોટા પીપ ગોઠવાયા હતા જેને તળિયા સાથે જડી દેવામાં આવ્યા હતા. વહાણ ચાલે તો તે ગબડી ન પડે એટલા માટે આવી વ્યવસ્થા કરાઈ હતી. તે પીપની ઉપર દીવાલમાં લાકડાના ડટ્ટા જડવામાં આવ્યા હતા જેના પર કલાઈ અને સીસાના અલગ અલગ કદના જગ લટકી રહ્યા હતા. રૂમમાં દારૂની કડવી વાસ આવતી હતી. રૂમની મધ્યમાં, ફરસ પર એક નાનો છોકરો બેઠો હતો. લગભગ આઠ વર્ષનો તે છોકરો ઉદાસ ચહેરે રડી રહ્યો હતો.

"આ ચાંચિયાઓનો પીવાનો રૂમ છે." જિપે કહ્યું.

"હા, કેટલો બધો દારૂ છે ! મને તો તેની વાસથી જ ચક્કર આવવા લાગ્યા છે." ગબ-ગબે ટાપસી પૂરી.

આ બાજુ સામે ઊભેલા પુરુષને જોઈ, દરવાજાના હોલમાંથી ડોકિયાં કરતા અલગ અલગ પ્રાણીઓને જોઈ, છોકરો ગભરાયો. પણ, જેવા ડૉક્ટરે દિવાસળી સળગાવી કે રૂમમાં ઉજાસ પથરાયો અને છોકરાને તેમનો ચહેરો દેખાયો. તેણે રડવાનું બંધ કર્યું અને તે પોતાની જગ્યા પર ઊભો થયો.

"તમે ચાંચિયા નથી, ખરું ને ?" તેણે પૂછ્યું.

પ્રશ્નના જવાબમાં ડૉક્ટરે નનૈયો ભણ્યો અને જોરજોરથી હસવા લાગ્યા. તેમને હસતાં જોઈ છોકરો પણ હસ્યો અને તેમની પાસે ગયો. તેણે ડૉક્ટરનો હાથ પોતાના હાથમાં લીધો.

"તમે તો સજ્જનની જેમ હસો છો. ચાંચિયાનું હાસ્ય ખંધુ હોય છે. શું તમે મને કહી શકશો કે મારા મામા ક્યાં છે ?" છોકરાએ પૂછ્યું.

"તારા મામા ? મને તેમની ખબર નથી. તેં છેલ્લે તેમને ક્યારે જોયેલા ?" ડૉક્ટરે પૂછ્યું.

"પરમ દિવસે. ત્યારે હું અને મારા મામા તેમની નાનકડી હોડીમાં માછલા પકડવા નીકળ્યા હતા. તે જ દિવસે ચાંચિયાઓએ અમને પકડી લીધેલા. અમારી હોડી ડૂબાડી દઈને તેમણે અમને બંદી બનાવી લીધા હતા. પછી, તેમણે મારા મામા સમક્ષ ચાંચિયા બનવાનો પ્રસ્તાવ મૂકેલો. મારા મામા ગમે તે ઋતુમાં વહાણ ચલાવી શકે છે. જોકે, મામાએ કહ્યું કે તેમને ચાંચિયા બનવું નથી, સારો માછીમાર લોકોની હત્યા કરવાનો કે ચોરી કરવાનો ધંધો કરતો નથી. આથી, ચાંચિયાઓનો સરદાર બેન અલી ગુસ્સે ભરાયો અને તેણે મારા મામાને કહ્યું, "જો તું અમે કહીએ તેમ નહીં કરે તો અમે તને દરિયામાં ફેંકી દઈશું." પછી, ચાંચિયાઓએ મને નીચે ધકેલી દીધો અને ઉપર લડાઈ થતી હોય એવો અવાજ સંભળાતો રહ્યો. બીજા દિવસે ચાંચિયાઓ નીચે આવ્યા ત્યારે મારા મામા ક્યાંય દેખાતા ન હતા. મેં તેમને મારા મામા વિશે પૂછ્યું પણ તેમણે કોઈ જવાબ ન આપ્યો. મને લાગે છે કે તેમણે મારા મામાને ડૂબાડી દીધા છે." અને છોકરો રડવા લાગ્યો.

"એક મિનિટ, તું શાંત થઈ જા." ડૉક્ટરે તેનો વાંસો પસવારતા કહ્યું. "ચાલ ડાઈનિંગ રૂમમાં જઈ થોડી ચા પીએ. કદાચ તારા મામા અત્યારે સલામત પણ હોય. તેઓ ડૂબી જ ગયા છે

એવું તું ખાતરીથી ન કહી શકે. હજુ પણ શક્યતાઓ છે. કદાચ આપણે તેમને શોધી કાઢીશું. પણ, પહેલાં આપણે ચા-નાસ્તો કરીએ અને પછી આગળ શું કરવું એ વિશે વિચારીએ."

કુતૂહલના માર્યા બહાર ઊભેલા પ્રાણીઓએ આ આખી વાતચીત સાંભળી હતી. આથી, ડૉક્ટર અને છોકરો જહાજના ડાઈનિંગ-રૂમમાં ચા-નાસ્તો કરવા ગયા ત્યારે ડબ-ડબ પાછળથી ડૉક્ટર પાસે ગયું અને તેમની ખુરશી પાસે ગોઠવાઈ ધીમા અવાજે બોલ્યું, "દરિયામાં રહેતી માછલીઓને પૂછો. જો છોકરાના મામા દરિયામાં ડૂબી ગયા હશે તો તેમને ખબર હશે જ."

"સાચી વાત છે." ડૉક્ટરે બ્રેડ-જામ ખાતા ખાતા કહ્યું.

"તમે હમણાં જીભ હલાવીને ટક-ટક કર્યું એ શું હતું ?" છોકરાએ પૂછ્યું.

"એ તો હું બતકની ભાષામાં બોલતો હતો. આ ડબ-ડબ છે." ડૉક્ટરે ઓળખાણ કરાવી.

પણ, છોકરાએ ડબ-ડબ પર ધ્યાન આપ્યા વગર જ કહ્યું, "મને તો આજે ખબર પડી કે બતકની પણ ભાષા હોય છે. શું આ બધા પ્રાણીઓ તમારા છે ? પેલું બે માથાળું પ્રાણી કયું છે ? એ ઘણું વિચિત્ર દેખાય છે."

"સ્સ્સ્સ..." ડૉક્ટરે નાક પર આંગળી મૂકી કહ્યું. "એ પુશ્મી-પુલું છે. તેની સામે જોયા કરીશ તો તેને ખબર પડી જશે કે આપણે તેના વિશે વાત કરી રહ્યા છીએ. પછી, તે ખૂબ શરમાઈ જશે. પહેલાં તું મને એ જણાવ કે તું પેલા નાનકડા રૂમમાં કેવી રીતે પૂરાઈ ગયો ?"

"એ તો ચાંચિયાઓ કોઈ બીજા વહાણને લૂંટવા જઈ રહ્યા હતા ત્યારે તેમણે મને તે રૂમમાં પૂરી દીધો હતો. પછી, તમે દરવાજા પર કુહાડીના ફટકા મારતા હતા ત્યારે મને એમ કે ચાંચિયા પાછા આવી ગયા છે, પણ તમને જોઈને મને રાહત થઈ. તમને શું લાગે છે, મારા મામા મળી જશે ?"

"આપણે તેમને શોધવા એડી-ચોટીનું જોર લગાવી દઈશું. પણ, તેઓ કેવા દેખાય છે એ તો કહે." ડૉક્ટરે પૂછ્યું.

"તેમના વાળ લાલ રંગના છે, એકદમ લાલ. તેમના બાવડા પર લંગર આકારનું ટેટૂ છે. તેઓ મજબૂત બાંધાના છે. આખા દક્ષિણ-એટલાન્ટીક ખંડમાં તેમના જેવો નાવિક શોધ્યો જડે એમ નથી. તેમની હોડીનું નામ 'ચબરાક શિકારી' હતું જે દોરડા અને કટરથી સજ્જ હતી."

"આ કટર એટલે શું ?" ગબ-ગબે જિપને પૂછ્યું.

"હોડી ચલાવતા કેટલાક માણસો તેનો ઉપયોગ કરતા હોય છે. પણ અત્યારે એ જાણીને તારે શું કરવું છે ? શાંતિથી છોકરાની વાત સાંભળ ને !" જિપે મોઢું બગાડ્યું.

"ઓહ, એવું હોય ? મને તો એમ કે તે કોઈ ખાવા-પીવાની વસ્તુ હશે." ભૂંડે હોઠ પર જીભ ફેરવી.

પછી, છોકરો ડાઈનિંગ-રૂમમાં પ્રાણીઓ સાથે રમવા લાગ્યો અને ડૉક્ટર પગથિયાં ચડી ઉપર આવ્યા. તેમણે જહાજની બહાર ડોકિયું કર્યું જેથી આસપાસ કોઈ માછલી તરતી હોય તો તેની સાથે વાત કરી શકાય. થોડી જ વારમાં માછલીઓનું આખું ટોળું પાણીમાં નાચતું-કૂદતું પસાર થતું દેખાયું. તે બ્રાઝીલ તરફ જઈ રહ્યું હતું. માછલીઓએ, જહાજની રેલિંગ પકડીને ઊભેલા ડૉક્ટરને જોયા. ડૉક્ટરને શું જોઈએ છે તે પૂછવા માછલીઓ તેમની નજીક આવી.

ડૉક્ટરે કહ્યું, "હમણાં બે-ચાર દિવસમાં તમે કોઈ લાલ વાળવાળા, બાવડા પર ટેટૂ ચીતરેલાં માણસને જોયો છે ?"

"તમે 'ચબરાક શિકારી'ના માલિકની વાત કરો છો ?" માછલીઓએ પૂછ્યું.

"હા, એ જ. શું તે દરિયામાં ડૂબી ગયો છે ?"

"તેની હોડી ડૂબી ગઈ છે. અમે તેને દરિયાના તળિયે જોઈ હતી. પણ, હોડીની અંદર કોઈ ન્હોતું. અમે તેની અંદર જઈને જોયું હતું." માછલીઓએ કહ્યું.

"તેનો ભાણેજ મારા જહાજ પર છે. તેને લાગે છે કે ચાંચિયાઓએ તેના મામાને દરિયામાં ફેંકી દીધા છે. તમે મારા પર એક ઉપકાર કરશો ? જરા તપાસ કરીને કહોને કે તે ડૂબી ગયા છે કે નહીં ? પણ, સચોટ તપાસ કરજો, હોં કે !" ડૉક્ટરે કહ્યું.

"તે નહીં જ ડૂબ્યા હોય કારણ કે તે ડૂબ્યા હોત તો અમને તેની ખબર પડ્યા વગર રહેત નહીં. અમે ખારા પાણીમાં બનતી બધી જ ઘટનાઓની ખબર રાખીએ છીએ. કરચલા જેવા જીવો અમારા ખબરી છે. ઝીંગા તો અમને 'ખટપટીયા માછલી' તરીકે જ ઓળખે છે. તે છોકરાને કહી દો કે તેના મામા દરિયામાં ડૂબ્યા નથી. પણ તેઓ બીજે ક્યાં હોઈ શકે તેની અમને ખબર નથી."

તેથી, ડૉક્ટર નીચે ગયા અને તેમણે તે સમાચાર છોકરાને આપ્યા. છોકરો સમાચાર સાંભળી ખુશ થઈ ગયો. તે જોરજોરથી તાળીઓ પાડવા લાગ્યો. પછી, પુશ્મી-પુલુંએ તેને પોતાની પીઠ પર બેસાડ્યો અને તે ડાઈનિંગ-રૂમમાં ગોઠવાયેલા ટેબલ ફરતે દોડવા લાગ્યું. બીજા પ્રાણીઓ પણ તેની પાછળ જોડાયા અને જાણે રેલી નીકળી હોય તેમ સૌ થાળી-વાટકા વગાડી જોરજોરથી અવાજ કરવા લાગ્યા.

18. જિપે પડકાર ઝીલ્યો

"ચાંચિયાઓએ તારા મામાને દરિયામાં ફેંક્યા નથી એ વાત તો નક્કી છે. તેઓ ચોક્કસ મળી જશે, પણ આપણે તેમની શોધખોળ કરવી પડશે." ડૉક્ટરે કહ્યું.

આ સાંભળી ડબ-ડબ ડૉક્ટરની પાસે ગયું અને તેમના કાનમાં કહેવા લાગ્યું, "ગરુડરાજને કહો કે છોકરાના મામાની તપાસ કરે. દુનિયાનો કોઈ પણ જીવ ગરુડ કરતા સારું જોઈ શકતો નથી. જયારે તેઓ આકાશમાં ઘણા માઈલ ઉંચે હોય છે ત્યારે પણ, જમીન પર કતારબંધ ચાલતી કીડીઓને જોઈ શકે છે. તમે તેમને જ પૂછો."

આથી, ડૉક્ટરે પેલા વાદળી પાંખવાળા પક્ષીઓમાંથી કોઈ એકને ગરુડને બોલાવી લાવવા કહ્યું.

લગભગ એક કલાક પછી તે નાનકડું પક્ષી છ અલગ અલગ ગરુડ સાથે પાછું ફર્યું. તેમાં એક કાળું ગરુડ, એક સોનેરી ગરુડ, એક માછલી ખાતું ગરુડ, એક અલાસ્કામાં જોવા મળે તેવું ગરુડ, એક ગીધ જેવું ગરુડ અને એક દરિયા પર જોવા મળતું સફેદ પૂંછડીવાળું ગરુડ હતું. તે છએ ગરુડ પેલા ખારવાના ભાણીયા કરતા બમણી ઊંચાઈના હતા. તે બધા જહાજની રેલિંગ પર બેસી ગયા. જાણે મજબૂત ખભાવાળા સૈનિકો શિસ્તબદ્ધ, શાંત અને અક્કડ થઈને ગોઠવાયા હોય એવું લાગતું હતું. તેમની અદ્દભુત કાળી આંખો સૂર્યપ્રકાશમાં ચમકી રહી હતી. તેઓ આમ તેમ નજર ફેંકતા ચારે બાજુ જોઈ રહ્યા હતા.

ગબ-ગબ તો તેમને જોઈને જ ગભરાઈ ગયું અને પીપ પાછળ જઈને સંતાઈ ગયું. તેણે પાછળથી કરેલી કબૂલાત મુજબ તેને ડર લાગ્યો હતો કે ગરુડ તેના પેટની આરપાર જોઈને તેણે છુપાઈને ખાધેલી વસ્તુઓ વિશે કહી દેશે !

પછી, ડૉક્ટરે છએ ગરુડને કહ્યું, "એક માછીમાર ખોવાયો છે. તેના વાળ લાલ રંગના છે અને બાવડાં પર લંગર આકારનું ટેટૂ છે. શું તમે તેને શોધી આપશો ? આ છોકરો તે માણસનો ભાણેજ છે."

આમ તો ગરુડ ઓછાબોલાં હોય છે, છતાં તે તમામે કર્કશ અવાજે કહ્યું, "આપનો પડ્યો બોલ ઝીલવામાં આવશે. ખાતરી રાખજો, ડૉ. ડૂલિટલનું કામ કરવા અમે અમારી બધી તાકાત લગાવી દઈશું." અને તે ઊડી ગયા.

પછી, ગબ-ગબ પેલા પીપ પાછળથી બહાર નીકળ્યું અને દૂર જતા ગરુડોને જોઈ રહ્યું. તેઓ ઉપર ને ઉપર, વધુ ઉપર જઈ રહ્યા હતા. છેવટે તેઓ ખૂબ ઉંચે પહોંચ્યા અને અલગ અલગ દિશામાં વહેંચાઈ ગયા. વિશાળ વાદળી આકાશમાં તેઓ રાયના દાણા જેવા નાના દેખાવા લાગ્યા. દરેક દિશામાં શોધખોળ કરી શકાય એ માટે તેઓ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ એમ દરેક બાજુએ ફંટાયા હતા.

"હે ભગવાન, કેટલા ઉંચે ઊડે છે !" ગબ-ગબ શાંત શ્વરે બોલ્યું. "જાણે સૂર્યની સાવ નજીક હોય એવું લાગે છે. સૂર્યની ગરમીથી તેમના પીંછા નહીં દાઝતા હોય ?"

પછી, તે સૌ ખાસ્સા સમય સુધી અદ્રશ્ય રહ્યા અને છેક રાત્રે પાછા ફર્યા. આવતા વેંત તેમણે ડૉક્ટરને કહ્યું, "અમે લગભગ તમામ દરિયા અને દેશોમાં તપાસ કરાવી છે. અડધોઅડધ દુનિયાના શહેરો, ગામડાઓ અને ટાપુઓ પર અમારા ગરુડો ફરી વળ્યા છે. હા, સ્પેનના જિબ્રાલ્ટર શહેરમાં એક હોટલ પાસે અમે હાથલારી જોઈ હતી. તેમાં બેઠેલા ત્રણેય માણસોના માથા લાલ રંગના હતા. અમે નીચે જઈને જોયું તો ખબર પડી કે એ વાળ ન્હોતા પણ લાલ રુવાંદાર ટોપી

હતી. અમે બધે જ તપાસ કરાવી છે, આ છોકરાના મામા ક્યાંય નથી. વળી, તે અમને દેખાયા નથી એટલે દુનિયાના કોઈ પણ જીવને નહીં દેખાય. બાકી, જ્હોન ડૂલિટલનું વચન અમે ઉથાપીએ નહીં. અમારાથી થાય એટલો બધો જ પ્રયત્ન અમે કર્યો છે." આટલું કહી તે છએ, પોતાની પાંખો વીંઝતા ઊડી ગયા અને પર્વતો તેમજ ખડકોમાં રહેલા પોતાના ઘરોમાં ચાલ્યા ગયા.

જેવા તે ચાલ્યા ગયા કે ડબ-ડબે કહ્યું, "હવે આપણે શું કરીશું ? છોકરાના મામા નથી દરિયામાં કે નથી જમીન પર, તો તેઓ ગયા ક્યાં ? તેમને શોધવા તો પડશે જ. પેલો છોકરો એટલો નાનો છે કે આ જાલિમ દુનિયામાં એકલો નહીં રહી શકે. માણસ અને બતકના બચ્ચાંમાં આ જ તો ફરક છે. માણસના બચ્ચાં મોટા ન થઈ જાય ત્યાં સુધી તેમનું ધ્યાન રાખવું પડે છે. આપણે તેના મામાને જલદી શોધવા પડશે. મને થાય છે કે ચી-ચી અહીં હોત તો જરૂર કોઈ રસ્તો શોધત. પ્યારા ચી-ચી, અમને તારી યાદ આવે છે."

"જો આપણી સાથે પોલેનેશિયા હોત તો તે ય કંઈક રસ્તો શોધત." સફેદ ઉંદરે કહ્યું. "તેની વિચારવાની રીત આપણા બધા કરતાં અલગ હતી. તેણે આપણને જેલમાંથી કેવા છોડાવ્યા'તા, નહીં ! પાછું એક વાર નહીં, બબ્બે વાર."

"મને તો ગરુડની વાત પર બહુ ભરોસો બેસતો નથી." જિપે કહ્યું. "તે કેટલા અહંકારી હતા ! ભલે તેઓ દૂર સુધી જોઈ શકતા હશે પણ તોય તેઓ માણસ શોધવાનું કામ તો ન જ કરી શકે. વળી, તેમની નફ્ફટાઈ જોઈ ? પાછા આવીને કેવું ટણીથી બોલ્યા કે 'અમે ન શોધી શક્યા તો કોઈ નહીં શોધી શકે.' અહંકારના સૂંડલા તેમાં. મને તો ફડલબીમાં રહેતો પેલો અહંકારી કૂતરો યાદ આવી ગયો. એ ય તેના જેવો જ છે. અને મને તો ખટપટીયા માછલીઓનો ય ભરોસો નથી. તેમણે આપણને કહેલું કે માણસ દરિયામાં નથી. અરે ભાઈ, અમારે એ નથી જાણવું કે માણસ ક્યાં નથી, અમારે એ જાણવું છે કે માણસ ક્યાં છે."

"બહુ બોલ બોલ ન કર." ગબ-ગબે કહ્યું. "જીભ ચલાવવી સહેલી છે અને હાથ-પગ ચલાવવા અઘરાં. આવડી મોટી દુનિયામાં માણસ ક્યાં ખોવાઈ ગયો છે એ ખબર ન હોય ત્યારે તેને શોધતા મોઢે ફીણ આવી જાય. એવું પણ બને કે સતત છોકરાની ચિંતા કરતા રહેવાથી તેના વાળ સફેદ થઈ ગયા હોય ! અને કદાચ એટલે જ, ગરુડ તેમને નહીં શોધી શક્યા હોય. સાચી વાત શું છે એ કોઈને ખબર નથી. તારે ખાલી બોલવું છે એટલું જ, બાકી તેં તે માછીમારને શોધવા શું કર્યું ? છોકરાના મામાને શોધવા ગરુડે જે કર્યું એનાથી વધારે તું ન જ કરી શકત. અને વધારે શું, તેં તો કંઈ જ કર્યું નથી."

"તું મને પડકાર ફેંકે છે ?" કૂતરાંનું સ્વમાન ઘવાયું. "સાલા, જાડિયા ! તું હજુ મને ઓળખે છે જ કેટલો ! એ તો મેં તે છોકરાના મામાને શોધવાનું શરૂ નથી કર્યું એટલે... હવે તું જો."

પછી જિપ ડૉક્ટર પાસે જઈને બોલ્યો, "છોકરાને પૂછો કે તેની પાસે તેના મામાની કોઈ વસ્તુ છે ?"

ડૉક્ટરે છોકરાને પૂછ્યું. જવાબમાં છોકરાએ તેમને એક સોનાની વીંટી બતાવી. વીંટી છોકરાની આંગળી કરતા ઘણી મોટી હતી અને તેની ફરતે સુતરની દોરી વીંટાળેલી હતી. તેણે કહ્યું, "મારા મામાએ ચાંચિયાઓને નજીક આવતા જોઈ મને તે આપી હતી."

જિપે વીંટી સૂંઘી અને કહ્યું, "આ નહીં ચાલે. તેને પૂછો બીજી કોઈ વસ્તુ છે ?"

ડૉક્ટરે પૂછપરછ કરતાં છોકરાએ ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢ્યો. તેણે કહ્યું, "આ ય મારા મામાનો છે."

જેવો છોકરાએ તે બહાર કાઢ્યો કે જિપ બોલી ઊઠ્યો, "છીંકણી ! આ તો બ્લેક રેપી (બ્લેક રેપી – છીંકણીનો એક પ્રકાર) છે. તમને તેની વાસ નથી આવતી ? તેના મામા આ જ છીંકણી સૂંઘે છે. ડૉક્ટર, છોકરાને જલદી પૂછો."

ડૉક્ટરે છોકરાને આ વિશે પૂછ્યું તો તેણે જવાબ આપ્યો, "હા. મારા મામા બહુ છીંકણી સૂંઘે છે."

"સરસ" જિપે કહ્યું. "માણસ શોધવામાં આ આદત ખૂબ કામ આવશે. હવે મારું કામ ઘણું સહેલું થઈ ગયું છે, કોઈના ઘરમાં પેસી દૂધ પી જતી બિલાડી જેટલું સહેલું... છોકરાને કહી દો કે તેના મામા એક અઠવાડિયામાં મળી જશે. ચાલો તૂતક પર જઈને જોઈએ કે પવનની દિશા કઈ છે."

"પણ, અત્યારે એકદમ અંધારું હશે. તું તેમને અંધારામાં કેવી રીતે શોધીશ ?" ડૉક્ટરે કહ્યું.

"જે માણસ બ્લેક રેપી છીંકણી સૂંઘતો હોય તેને શોધવા મારે પ્રકાશની જરૂર નથી." એમ કહી જિપ પગથિયાં ચડવા લાગ્યો. "જો માણસને વીંટીની દોરી પર ચોંટેલા પરસેવાથી કે ગરમ પાણીની વાસથી શોધવાનો હોત તો વાત જુદી હતી, પણ છીંકણી ! છીંકણીની વાસ તો સહેલાઈથી પકડાઈ જાય."

"શું ગરમ પાણીની પણ વાસ આવે ?" ડૉક્ટરે પૂછ્યું.

"હા, બિલકુલ" જિપે કહ્યું. "ગરમ પાણીની વાસ ઠંડા પાણી કરતા જુદી હોય. હૂંફાળા પાણી અને બરફની વાસ પણ અલગ હોય. એક વખત રાત્રીના અંધકારમાં મેં એક માણસનો પીછો કરી તેને દસ માઈલ દૂરથી પકડ્યો હતો, ખબર છે, શેના પરથી ? તેણે દાઢી કરવા જે ગરમ પાણી વાપર્યું હતું તેના પરથી. કોઈ કારણસર તે દિવસે તેની પાસે દાઢી કરવાનો સાબુ ન હતો એટલે તેણે ગરમ પાણી વાપરીને દાઢી કરી લીધી હતી. ઠીક છે, જવા દો એ વાત ને. મને જોવા દો કે અત્યારે પવન કઈ બાજુથી ફૂંકાય છે. દૂર રહેલી વસ્તુની ગંધ પકડવામાં પવન મહત્વનો ભાગ ભજવતો હોય છે. વળી, બહુ તીવ્ર ગતિથી પવન ફૂંકાતો હોય તો કામ ન થાય. એકધારા, મધ્યમ ગતિના ભેજવાળા પવન જેવું ઉત્તમ એકેય નહીં. સારું, અત્યારે પવન ઉત્તર દિશામાંથી આવે છે."

પછી જિપ જહાજમાં શક્ય તેટલે ઉંચે ચડ્યો અને પવન સૂંઘવા લાગ્યો. તે જાત સાથે વાતો કરતો હોય તેમ બબડાટ કરવા લાગ્યો, "ડામર, સ્પેનિશ ડુંગળીઓ, ઘાસલેટ, ભીનો રેઈનકોટ, લોરેલના કચડાયેલા પાંદડા, બળતું રબર, બૂટની ધોવાઈ ગયેલી વાધરી... ના, મારી ભૂલ થતી નથી. બૂટની વાધરીને સૂકવવા ટીંગાડી છે. ઘણાં બધા શિયાળિયાં અને વાછરડાં પણ છે."

"શું તને આ પવનમાં આ બધી જ વાસ આવે છે ?" ડૉક્ટરે પૂછ્યું.

"બેશક ! અને આ બધી તો સ્ટ્રોંગ સ્મેલ કહેવાય. કોઈ પણ વર્ણશંકર પ્રાણી શાંતિથી સૂંઘે તો આ બધી જ વાસ પકડી શકે. અને અત્યાર સુધી તો મેં એવી જ વાસ પકડી છે જે વધારે માત્રામાં આવે છે. હવે હું એવી વાસ પકડીશ જે ઓછી માત્રામાં આવે છે."

પછી, કૂતરાંએ તેની આંખો બંધ કરી લીધી. તેણે પોતાનું નાક ઉપર ખેંચ્યું અને અડધું મ્હોં ખોલીને જોરથી શ્વાસ લીધો. કોઈ સાધુ ધૂણી ધખાવીને બેસી જાય તેમ તે હલનચલન કર્યા વગર લાંબા સમય સુધી સ્થિર બેસી રહ્યો. હવે તે ભાગ્યે જ શ્વાસ લેતો હતો. જયારે તેણે ફરી બોલવાનું શરૂ કર્યું ત્યારે તે સ્વપ્નવત્ દશામાં ગીતો ગાતો હોય એવું લાગતું હતું.

"ઈંટો" તે ખૂબ ધીમા અવાજે બોલ્યો. "બગીચાની દીવાલ પાસે પીળી પડી ગયેલી જૂની ઈંટોનો ઢગલો છે. પર્વત પર હારબંધ ચાલી રહેલી નાની ગાયોની મીઠી સુગંધ આવી રહી છે. કદાચ

કબૂતરખાનું છે, કદાચ કોઠાર. ઉપર બળબળતો સૂરજ તપે છે. ટેબલના ખાનામાં અખરોટ પાસે બાળકના મોજા પડ્યા છે. મેપલના ઝાડની બાજુમાં ધૂળિયો રસ્તો છે અને પાસે જ ઢોરને પાણી પીવડાવવાનો અવેડો. સડેલા પાંદડા પર નાની નાની મશરૂમ ઊગી નીકળી છે અને...”

“ત્યાં ગાજર છે ?” ગબ-ગબે પૂછ્યું.

“તને ખાવા સિવાય બીજું કંઈ સૂઝે છે કે નહીં ! ત્યાં તને ભાવે એવું કંઈ જ નથી. અને છીંકણી પણ નથી. પાઈપ અને સિગારેટનો મોટો જથ્થો છે, કેટલીક સિગાર પણ છે. પરંતુ, છીંકણી નથી. જ્યાં સુધી પવનની દિશા ન બદલાય ત્યાં સુધી આપણે રાહ જોવી પડશે.”

“પવનનું જોર બહુ ઓછું છે.” ગબ-ગબે કહ્યું. “જિપ, મને લાગે છે કે તું બધાને છેતરી રહ્યો છે. સમુદ્રની વચ્ચે રહી, ફક્ત ગંધ પારખીને કોઈ માણસને કેવી રીતે શોધી શકાય ? તું સ્વીકારી લે કે તું આ નહીં કરી શકે.”

“તું સમજે છે શું તારી જાત ને !” જિપને જોરદાર ગુસ્સો ચડ્યો. “મને ગુસ્સો અપાવીશ તો હું તારા નાક પર બચકું ભરી લઈશ. તું એવું ન માનતો કે ડૉક્ટર તને રક્ષણ આપે છે એટલે ગમે તેમ બોલીશ તો ચાલશે. હવે કંઈ પણ વાંકું બોલ્યો છે તો તારે પસ્તાવું પડશે.”

“ઝઘડવાનું બંધ કરો.” ડૉક્ટર તેમની વચ્ચે પડ્યા. “જિંદગી આટલી નાની છે અને તમે લોકો... યાર, ઝઘડો કરવાનો હોય કે હળીમળીને રહેવાનું હોય ? જિપ, તને શું લાગે છે, આ બધી વાસ ક્યાંથી આવે છે ?”

“નવ્વાણું ટકા તો ઈંગ્લેન્ડના દક્ષિણ-પશ્ચિમ દેશોમાંથી આવે છે. પવન પણ એ જ દિશામાંથી ફૂંકાઈ રહ્યો છે.” જિપે જવાબ આપ્યો.

“ઠીક છે.” ડૉક્ટરે કહ્યું. “છોકરાના મામાને શોધવા આપણે ઉતાવળ કરવી પડે એમ છે. મને થાય છે કે પ્રાણીઓની ભાષાની જેમ હું સૂંઘવાનું પણ શીખી શક્યો હોત તો સારું થાત. ના, ના... હું જેવો છું એવો જ સારો છું. પેલું કહેવાય છે ને : ‘સંતોષી નર સદા સુખી.’ તો ય હું મારા નવા પુસ્તક માટે આ બધું લખી લઉં છું. પણ, એ પહેલા આપણે વાળુ કરી લઈએ, મને બહુ ભૂખ લાગી છે.”

“મને પણ.” ગબ-ગબે કહ્યું અને તે ત્રણેય નીચે ગયા.

બીજી સવારે, સૂર્ય માથા પર આવી ગયો ત્યારે, તે સૌ જાગ્યા અને પોતપોતાની સુંવાળી પથારી પરથી બેઠા થયા. પવન દક્ષિણ તરફથી ફૂંકાવા લાગ્યો હતો. જિપ લગભગ અડધી કલાક સુધી પવન સૂંઘતો રહ્યો, પછી ડૉક્ટર પાસે ગયો અને પોતાનું માથું નકારમાં ધુણાવ્યું.

તેણે કહ્યું, "હજુ પણ છીંકણીની વાસ આવતી નથી. હવે પવન પૂર્વ તરફથી ફૂંકાય એની રાહ જોવી પડશે."

બપોરે ત્રણ વાગ્યાની આસપાસ પૂર્વી પવન ફૂંકાવો શરૂ થયો પણ હજુ ય કૂતરાંને છીંકણીની વાસ ન આવી.

હવે, નાનો છોકરો ખૂબ હતાશ થઈ ગયો હતો. તે જોરજોરથી રડવા લાગ્યો. રડતાં-રડતાં તે બબડી રહ્યો હતો, "મામા તમે ક્યાં છો ? તમે કેમ કોઈને મળતા નથી ?"

આ જોઈ જિપે ડૉક્ટરને કહ્યું, "તેને કહો કે તેના મામા ચીનમાં બેસીને બ્લેક રેપી છીંકણી સૂંઘતા હશે તો ય, પશ્ચિમી પવન ફૂંકાશે ત્યારે હું તેમને શોધી લઈશ."

પણ, પવનની દિશા બદલાય એ માટે તેમને ત્રણ દિવસ સુધી રાહ જોવી પડી. શુક્રવારની સવારનો પ્હો ફાટ્યો ત્યારે જહાજ પર ઝાકળના બુંદ અને દરિયા પર ગાઢું ધુમ્મસ છવાયું હતું. અચાનક નરમ-ગરમ, ભેજવાળો પવન ફૂંકાવો શરૂ થયો. જિપની આંખો ખુલી અને તે તુતક પર આવી હવા સૂંઘવા લાગ્યો. પશ્ચિમ દિશામાંથી આવતા પવનને સૂંઘી તે ઉત્સાહમાં આવી ગયો. ડૉક્ટરને જગાડવા તે નીચે દોડ્યો.

"ડૉક્ટર" તેણે બૂમ પાડી. "મને તે મળી ગયા. ડૉક્ટર જલદી જાગો. સાંભળો, મને તે મળી ગયા. પવન પશ્ચિમ તરફથી આવે છે અને છીંકણી સિવાય બીજી કોઈ જ વાસ આવતી નથી. જલદી ઉપર આવી જહાજ હંકારો. જલદી કરો."

આ સાંભળી, ડૉક્ટર પલંગ પરથી કૂદ્યા અને જહાજનું સુકાન સંભાળવા દોડ્યા.

"હવે સીધેસીધા ચલાવજો." જિપે રસ્તો બતાવવા કહ્યું. "તમે મારું નાક જોતા રહેજો. તે જે દિશામાં ખસે તે દિશામાં જહાજ વાળજો. છોકરાના મામા બહુ દૂર નથી કારણ કે છીંકણીની વાસ બહુ તેજ આવે છે. પવન પણ એકદમ સ્થિર અને ભેજવાળો છે. હવે, તમે જુઓ હું શું કરું છું."

તે આખો દિવસ જિપ જહાજના અગ્રભાગે બેસી પવન સૂંઘતો રહ્યો. તેના માર્ગદર્શન મુજબ ડૉક્ટર જહાજ ચલાવતા રહ્યા. અન્ય પ્રાણીઓ અને પેલો છોકરો, ટોળે વળી, આંખો ફાડી, કૂતરાંને જોઈ રહ્યા હતા.

લગભગ બપોરના સમયે જિપે ડબ-ડબને કહ્યું, "ડૉક્ટરને કહે કે મને ચિંતા થાય છે. મારે તેમની સાથે વાત કરવી પડશે." માટે, ડબ-ડબ ડૉક્ટરને બોલાવી લાવ્યું.

જેવા જિપે ડૉક્ટરને જોયા કે તે બોલ્યો, "છોકરાના મામા ભૂખથી મરી રહ્યા છે. તેમની પાસે ખાવા કંઈ જ નથી. તમારે જહાજને શક્ય તેટલું ઝડપથી ચલાવવું પડશે."

"તને કેવી રીતે ખબર કે તેમની પાસે ખાવાનું નથી ?" ડૉક્ટરે પૂછ્યું.

"કારણ કે પશ્ચિમ તરફથી ફૂંકાતા પવનમાં છીંકણી સિવાય બીજી કોઈ વાસ આવતી નથી. જો તે માણસે કંઈ રાંધ્યું કે ખાધું હોત તો મને તેની વાસ ચોક્કસ આવત. પણ, તેની પાસે ખાવાની કોઈ જ વસ્તુ નથી. તેની પાસે ફક્ત છીંકણી છે જે તેણે મોટી મોટી ચપટી ભરીને સૂંઘ્યા કરી છે. વળી, એ તો નક્કી છે કે આપણે સાચા રસ્તે છીએ કારણ કે વાસ સતત વધી રહી છે. પણ,

જહાજને ઝડપથી ચલાવવું પડશે. મને ખાતરી છે કે માણસ ભૂખથી મરી રહ્યો હશે.”

“ઠીક છે.” ડૉક્ટરે કહ્યું અને ડબ-ડબ સામે જોયું, “વાદળી પાંખવાળા પક્ષીઓને કહે કે ચાંચિયા પાછળ પડ્યા હતા ત્યારે તેમણે જે કર્યું હતું તેવું અત્યારે પણ કરે. વહાણ ખેંચવું પડશે.”

માટે, નાના-જાડા પક્ષીઓ નીચે આવ્યા અને જહાજને ખેંચવા લાગ્યા. પછી, જહાજ મોજા કુદાવતું, ભયંકર ગતિએ દોડવા લાગ્યું. તે એટલું ઝડપથી દોડી રહ્યું હતું કે રસ્તામાં આવતી માછલીઓ પોતાનો જીવ બચાવવા જહાજના માર્ગમાંથી દૂર કૂદવા લાગી.

બધા પ્રાણીઓ ઉત્તેજિત થઈ ગયા હતા. તેઓ ઘડીક જિપને તો ઘડીક દૂર દરિયાને જોતા હતા. તે સૌ જમીન, ટાપુ કે ભૂખથી મરતા માણસને જોવા આતુર હતા.

કલાક ઉપર કલાક વીતતા ગયા, જહાજ આગળ ને આગળ વધતું ગયું. પણ, હજુ ય સામે દરિયો – ફક્ત દરિયો જ દેખાતો હતો. ક્યાંય જમીન હોય એવો ભાસ પણ થતો ન્હોતો.

હવે તો બધા પ્રાણીઓએ વાતો કરવાનું પણ બંધ કરી દીધું હતું. તેમના ચહેરા પર ચિંતા અને વેદના હતી. પેલો છોકરો ફરી વાર ઉદાસ થઈ ગયો. જિપ પણ ચિંતાતુર થઈ ગયો હતો.

એમ ને એમ આખી બપોર વીતી. સૂર્ય આથમવાની તૈયારી કરવા લાગ્યો. અચાનક ટૂ-ટૂની જોરદાર ચીસે સૌનું ધ્યાન ખેંચ્યું. ધ્વજસ્તંભની ટોચ પર બેઠેલા ટૂ-ટૂએ કંઈક જોયું હતું. તે મોટા અવાજે કહેવા લાગ્યો, “જિપ, મને સામે ખડક દેખાય છે. દૂર આકાશ અને દરિયાની સપાટી એક થતી લાગે છે ત્યાં જો. આથમતા સૂર્યના સોનેરી પ્રકાશના કારણે ત્યાં સોનાનો પથ્થર હોય એવું લાગે છે. શું વાસ ત્યાંથી જ આવે છે ?”

“હા.” જિપે જવાબ આપ્યો. “ત્યાં જ છે, છોકરાના મામા ત્યાં જ છે.”

જેવા તેઓ ખડકની નજીક ગયા કે તેમને સમજાયું કે ખડક કોઈ વિશાળ ખેતર જેવડો મોટો અને સપાટ છે. તે કાચબાની મોટી ઢાલ જેવો જાડો અને લીસો હતો. જોકે, તેના પર ઝાડ-પાન ઊગેલા ન હતા, ઘાસનું તણખલું પણ નહીં !

ડૉક્ટરે જહાજને ખડકથી થોડે દૂર ઊભું રાખ્યું પરંતુ ખડક પર ક્યાંય માણસ દેખાતો ન હતો. બધા પ્રાણીઓ પોતાની આંખો ફેરવવા લાગ્યા. સૌ કોઈ ખોવાઈ ગયેલા નાવિકને શોધવા પ્રયત્ન કરવા લાગ્યા. જ્હોન ડૂલિટલ તો નીચે જઈ દૂરબીન પણ લઈ આવ્યા. પરંતુ, ખડક પર એક પણ જીવિત વસ્તુ દેખાતી ન હતી. ન તો કોઈ પક્ષી તેના પર વિસામો કરવા બેઠું હતું, ન તો ત્યાં કોઈ સ્ટાર-ફિશ હતી કે ન તો તેના પર ઘાસ ઉગ્યું હતું.

પછી તે સૌ ચીસો પાડવા લાગ્યા, “હેલ્લો, ત્યાં કોઈ છે ? અમે તમારી મદદ કરવા આવ્યા છીએ.” તેમના બેસૂરા-કર્કશ-નાના-મોટા અવાજના પડઘા ઊઠ્યા. જાણે તે ખડક તેમને તે જ પ્રશ્ન પૂછી રહ્યો હોય તેમ વાક્યો પડઘાતા રહ્યા.

હવે તે સૌએ, કોઈ પ્રત્યુત્તર સાંભળવાના હેતુથી પોતાના કાન સરવા કર્યા. પણ, દરિયાના મોજા ખડક અને જહાજની બાજુઓ સાથે અફળાવાથી ઉદ્‌ભવતા કર્ણપ્રિય અવાજ સિવાય અન્ય કોઈ અવાજ સંભળાતો ન હતો.

છેવટે, નાના છોકરાનો આંસુ આડેનો બંધ તૂટી ગયો, તે ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યો. તેણે કહ્યું, “મને લાગે છે કે હું મારા મામાને ક્યારેય નહીં મળી શકું. જયારે હું ઘરે પાછો જઈશ તો મારા ઘરવાળાને શું જવાબ આપીશ ?”

પણ, જિપે ડૉક્ટરને કહ્યું, “તે માણસ અહીં, આ જ ખડક પર છે. વાસ આગળ ક્યાંય જતી નથી માટે તે અહીં જ હોવો જોઈએ. જહાજને ખડકની વધુ નજીક લો જેથી હું કૂદીને ખડક

પર જઈ શકું."

માટે, ડૉક્ટર જહાજને ખડકથી શક્ય તેટલા નજીક લઈ ગયા અને લંગર ઉતાર્યું. જિપ છલાંગ લગાવી ખડક પર પહોંચી ગયો.

તે જમીન સૂંઘતો આગળ વધવા લાગ્યો ; ઉપર-નીચે, અહીં-તહીં, નજીક-દૂર, આગળ-પાછળ, ગોળ-ગોળ એમ બધી જગ્યાએ ફરવા લાગ્યો. ડૉક્ટર પણ તેની પાછળ દોડી રહ્યા હતા. આમ કરવામાં ડૉક્ટરને હાંફ ચડી ગઈ અને તેમના શ્વાસ ધમણની પેઠે ચાલવા લાગ્યા.

છેવટે, જિપ જોરથી ભસ્યો અને નીચે બેસી ગયો. પાછળ આવતા ડૉક્ટર ત્યાં આવીને અટક્યા. તેમણે જોયું તો કૂતરો એક મોટા, ઊંડા ખાડાને તાકી રહ્યો હતો. તે ખાડો ખડકની વચ્ચે હતો. તે કોઈ અજ્ઞાત ભોંયરાનું મુખ હોય એવું લાગતું હતું.

"છોકરાના મામા અંદર છે." જિપે કહ્યું. "હવે મને સમજાયુ કે ગરુડોને તે કેમ ન દેખાયા ? ખરેખર આ કામ એક કૂતરાંથી જ થાય તેમ હતું."

પછી, ડૉક્ટર તે ખાડામાં થઈ પેલા ભોંયરામાં ઊતર્યા. તે કોઈ બોગદાં જેવું હતું અને જમીનની નીચે દૂર સુધી ફેલાયેલું હતું. અંધકારથી છવાયેલા રસ્તા પર આગળ વધવા ડૉક્ટરે દિવાસળી સળગાવી અને જિપને અનુસરતા આગળ વધ્યા. એક દિવાસળી પૂરી થઈ કે તેમણે બીજી દિવાસળી સળગાવી, પછી ત્રીજી, પછી ચોથી, એમ એક પછી એક દિવાસળી સળગાવતા જ ગયા. છેવટે નાનકડા રૂમ જેવી જગ્યા પાસે આવી રસ્તાનો અંત આવ્યો. રૂમની બધી દીવાલો ખડકાળ પથ્થરની બનેલી હતી.

રૂમની મધ્યમાં એક માણસ સૂતો હતો. તેણે પોતાની બાજુઓનું ઓશીકું બનાવી તેના પર માથું ઢાળ્યું હતું. તેના બધા વાળ લાલ રંગના હતા.

જિપ આગળ વધ્યો અને માણસની બાજુમાં પડેલી વસ્તુ સૂંઘવા લાગ્યો. ડૉક્ટરે તે જોયું અને ઝૂકીને તે વસ્તુ ઊંચકી. તે બીજું કંઈ નહીં પણ છીંકણી ભરેલો ડબ્બો હતો, બ્લેક રેપી છીંકણીનો ડબ્બો !

20. માછીમારનું ગામ

ધીમે રહીને, એકદમ હળવેથી ડૉક્ટરે માણસને જગાડ્યો. પણ, ત્યારે જ સળગતી દિવાસળી બુઝાઈ ગઈ અને માણસને લાગ્યું કે બેન અલી ફરી આવી ગયો છે. આથી, તે અંધારામાં મુક્કા વીંઝવા લાગ્યો. જોકે, ડૉક્ટરને તેનાથી ખાસ ઈજા ન થઈ કારણ કે અંધારામાં યોગ્ય જગ્યાએ મુક્કો મારવો શક્ય ન હતું.

પછી, ડૉ. ડૂલિટલે તેને પોતાની ઓળખાણ આપી અને અહીં આવવાનો ઉદ્દેશ જણાવ્યો ત્યારે માણસને પસ્તાવો થયો. તેણે અવિચારી પ્રતિક્રિયા બદલ માફી માંગી. વળી, પોતાનો ભાણેજ ડૉક્ટરના જહાજ પર છે એ જાણીને તેને ખૂબ આનંદ થયો.

તેણે ડૉક્ટરને ચપટી ભરીને છીંકણી આપી અને પોતાની આપવીતી કહેવા લાગ્યો. તેણે જણાવ્યું કે તે ચાંચિયો બનવા તૈયાર ન થયો એટલે બાર્બરી ડ્રેગન તેને આ ખડક પર ઉતારીને ચાલ્યો ગયો હતો. પછી, આ ખુલ્લા ખડક પર તેની પાસે કોઈ ઘર કે આશરો ન હતા. તેથી, ઠંડીથી રક્ષણ મેળવવા તેને આ રૂમમાં ભરાઈ જવું પડ્યું હતું. તેણે પોતાની વાત આગળ ધપાવતા ઉમેર્યું, “ચાર દિવસથી મેં અનાજનો એક પણ દાણો કે પાણીનું ટીપું મોઢામાં નાખ્યું નથી, મારી પાસે ખાલી છીંકણી જ છે.”

“જોયું ને, મેં ન્હોતું કહ્યું !” જિપ બોલી ઊઠ્યો.

હવે, ડૉક્ટર તે માણસને જહાજમાં લઈ જવા ઉતાવળા બન્યા જેથી તેને સૂપ કે કંઈ ખાવા-પીવાની વસ્તુ આપી શકાય. પછી, તેમણે થોડી વધુ દિવાસળી સળગાવી અને સૌ બોગદાંમાં થઈ બહાર નીકળ્યા. બહાર સૂર્યપ્રકાશ પૂરતો હતો અને હવે દિવાસળી સળગાવવાની કોઈ જરૂર ન હતી.

આ બાજુ પ્રાણીઓ અને છોકરો જહાજ પરથી ખડકને જોઈ રહ્યા હતા. તેમણે ડૉક્ટર અને જિપને લાલ માથાવાળા માણસ સાથે પાછા ફરતાં જોયા ત્યારે કૂદાકૂદ કરી મૂકી. ઊડી રહેલા વાદળી પાંખવાળા પક્ષીઓએ પણ જોયું કે છોકરાના બહાદુર મામા બચી ગયા છે, તેથી તેમણે સીટીઓ મારી. હજારો-લાખોની સંખ્યામાં રહેલા પક્ષીઓએ એકસાથે સીટી મારતા ખૂબ મોટો અવાજ થયો ; એટલો મોટો કે ઘણે દૂર રહેલા નાવિકો અને ખારવાઓને લાગ્યું કે સમુદ્રી તોફાન આવવાનું છે ! તેઓ એકબીજાને કહેવા લાગ્યા, “આંધી આવવાની છે. ઝંઝાવાતી પવનની ગર્જના સંભળાય છે.”

હવે, જિપને પોતાની જાત પર ગર્વ થઈ રહ્યો હતો. જોકે, તે અભિમાન કરી રહ્યો છે એવું દેખાઈ ન જાય એ માટે તેને સાવધ બનવું પડ્યું.

ડબ-ડબે તેની પાસે જઈને કહ્યું, “મને ખબર ન્હોતી કે તું આટલો બધો હોશિયાર છે.” ત્યારે જિપે પોતાનું માથું હલાવીને કહ્યું, “એમાં કંઈ મોટી વાત નથી. આ માણસને શોધવા કૂતરું જ કામ આવે તેમ હતું, પક્ષીઓ આ પ્રકારનું કામ ન કરી શકે.”

પછી, ડૉક્ટરે લાલ વાળવાળા માછીમારને તેના ઘર વિશે પૂછ્યું. તેણે પોતાના ગામનું નામ કહ્યું એટલે ડૉક્ટરે પક્ષીઓને તે ગામનો રસ્તો બતાવવા કહ્યું.

ખાસ્સી મુસાફરી પછી તેઓ માછીમારે કહેલી જગ્યા પર પહોંચ્યા. ત્યાં એક નાનકડું ગામ હતું. ગામ ખડકાળ ડુંગરના તળિયે વસેલું હતું. ગામના તમામ લોકો માછીમારી કરતા હતા. જહાજ ગામથી થોડે દૂર હતું ત્યાં જ માણસે આંગળી ચીંધીને પોતાનું ઘર બતાવ્યું.

દરિયા કિનારે પહોંચી તેઓ જહાજનું લંગર ઉતારવા લાગ્યા અને છોકરાની મમ્મી

દોડતી સામા કિનારે આવી પહોંચી. ઘણાં દિવસથી પોતાના દીકરા અને ભાઈની રાહ જોતી તે, વારંવાર પર્વતની ટોચ પર જઈ, દરિયાને જોયા કરતી હતી. પોતાના ભાઈ અને દીકરાને સલામત જોઈ તેની આંખમાં હર્ષના આંસુ આવ્યા.

જ્યારે તેણે જાણ્યું કે ડૉક્ટરે તે બંનેને બચાવ્યા છે ત્યારે તેણે ડૉક્ટરને કેટલીય ચૂમીઓ ભરી. ડૉક્ટર સ્કૂલ-ગર્લની જેમ શરમાઈ ગયા. પછી સ્ત્રી, જિપ તરફ દોડી, તે તેને ય ચૂમી ભરવા ઈચ્છતી હતી. પણ, જિપ દોડીને જહાજમાં સંતાઈ ગયો.

"મને કોઈ ચૂમીઓ ભરે એ ગમતું નથી." તેણે કહ્યું. "હું તો તેના હાથમાં નહીં જ આવું. અને જો તેને ચૂમીઓ ભરવી જ હોય તો ગબ-ગબને તેની પાસે મોકલી દો."

પછી, માછીમાર અને તેની બહેને ડૉક્ટરને પોતાને ત્યાં રોકી લીધા. ડૉક્ટર અને પ્રાણીઓ પૂરા અઢી દિવસ સુધી તેમના ઘરે રોકાયા.

એ દરમિયાન ગામડાના બધા છોકરા કિનારે જઈ, લાંગરેલા જહાજ તરફ આંગળી ચીંધી એકબીજાને કહેતા, "જો, તે ચાંચિયાઓનું જહાજ છે ; આખી દુનિયાના સૌથી ખતરનાક ચાંચિયા બેન અલીનું. આ લાલ સઢવાળું જહાજ દેખાવે જ શૈતાની અને ઝડપી લાગે છે, નહીં ? પેલા ઊંચી ટોપીવાળા સજ્જન જે ટ્રેવેલ્યન પરિવારના ઘરે રોકાયા છે, તેમણે આ જહાજ બાર્બરી ડ્રેગન પાસેથી આંચકી લીધું છે. અને એટલું જ નહીં તે જલ્લાદને ખેડૂત બનવા મજબૂર કરી દીધો છે. તે નમ્ર અને સજ્જન માણસ આટલા બહાદુર પણ હશે એવું કોણ કહી શકે !"

તો બીજી બાજુ આખા ગામના લોકો ડૉક્ટરને પોતાના ઘરે ચા-નાસ્તો કરવા, જમવા અને મહેમાનગતિ કરવા આમંત્રણ આપતા હતા. તમામ મહિલાઓ તેમને ફૂલો અને ચોકલેટ ભરેલા ડબ્બા મોકલતી હતી. અરે, ગામડાંનું એક માત્ર બેન્ડ તેમના માટે દરરોજ લાઈવ-શો કરતું હતું.

આમ ને આમ શનિ-રવિ વીતી ગયા. સોમવારની બપોરે ડૉક્ટરે કહ્યું, "સજ્જનો, હવે મારે ઘરે જવું પડશે. તમે લોકોએ અમારી ખૂબ સરભરા કરી છે, અમે તે જીવનભર નહીં ભૂલીએ. પણ, મારે કેટલાક કામ પતાવવાના છે એટલે ગયા વગર છૂટકો નથી."

પછી, જ્યારે ડૉક્ટર નીકળવાની તૈયારી કરતા હતા ત્યારે, ગામના સરપંચ કેટલાક માણસોને લઈ તેમની પાસે આવ્યા. તે બધાએ નવા કપડાં પહેર્યા હતા. તે સૌ ડૉક્ટર જ્યાં ઊતર્યા હતા તે ઘરની સામે આવી ઊભા રહી ગયા. ધીમે-ધીમે આખા ગામના લોકો ત્યાં ભેગા થયા અને શું બને છે તે જોવા લાગ્યા.

અંદરોઅંદર વાતો કરી રહેલા લોકોને ચૂપ કરવા છ છોકરાઓએ એકસાથે ટ્રમ્પેટ વગાડ્યું. બરાબર ત્યારે જ ડૉક્ટર બહાર આવ્યા અને સરપંચે બોલવાનું શરૂ કર્યું, "આદરણીય ડૉક્ટર જ્હોન ડૂલિટલ, અમારા આ નાના ગામના માણસો વતી હું આપને એક ભેટ આપવા ઈચ્છું છું. આમ તો આપે અમને અને આ દરિયાને બાર્બરી ડ્રેગન જેવા ખતરનાક ચાંચિયાથી છુટકારો અપાવ્યો છે, તેની સામે આ ભેટની કોઈ જ કીમત નથી. છતાં આપ તેનો સ્વીકાર કરો."

આટલું બોલી સરપંચે પોતાના ખિસ્સામાંથી કાગળ વીંટેલી ભેટ બહાર કાઢી અને કાગળ હટાવ્યા, તે એક હીરાજડિત ઘડિયાળ હતી. બાદમાં તેમણે પોતાના બીજા ખિસ્સામાં હાથ નાખ્યો અને પહેલાં કરતા પણ મોટું પાર્સલ બહાર કાઢ્યું. તેમણે પૂછ્યું, "જિપ ક્યાં છે ?"

જિપ ત્યાં ન હતો, સૌ તેને શોધવા લાગ્યા. તે ગામના બીજા છેડે, તબેલામાં હતો. જિપના કારનામાથી દંગ થઈ ગયેલા ગામના કૂતરાં તેને સન્માનવા ભેગા થયા હતા.

ડબ-ડબ તેને શોધીને ડૉક્ટર પાસે લઈ આવ્યો. જિપને આવી ગયેલો જોઈ સરપંચે

પાર્સલ ઉઘાડ્યું. તેમાં જિપના ગળે બાંધવા માટે સોનાનો પટ્ટો હતો. પટ્ટા પર મોટા અક્ષરે લખ્યું હતું : "જિપ - આ દુનિયાનો સર્વશ્રેષ્ઠ કૂતરો." આવી કીમતી ભેટ જોઈ આખા ગામના લોકો ગણગણાટ કરવા લાગ્યા. સરપંચ નીચા નમ્યા અને તેમણે કૂતરાંના ગળે પટ્ટો બાંધ્યો.

પછી, ગામના તમામ લોકો ડૉક્ટર અને પ્રાણીઓને આવજો કહેવા છેક દરિયા કિનારે આવ્યા. પેલા લાલ વાળવાળો માછીમાર, તેની બહેન અને નાના છોકરાએ ડૉક્ટર તથા કૂતરાંનો ફરી ફરી આભાર માન્યો. ત્રણ સઢવાળું ઝડપી જહાજ ફરી દરિયા પર દોડવાનું હતું. ગામડાંના એક માત્ર મ્યૂઝિકલ બેન્ડે સૂરીલું સંગીત વગાડી ડૉક્ટર તથા પ્રાણીઓને વિદાય આપી. જહાજ ફડલબી તરફ રવાના થયું.

21. અંત ભલા તો સબ ભલા

માર્ચની ઠંડી આવીને ચાલી ગઈ હતી. એપ્રિલના વરસાદી ઝાપટાંએ વિદાય લીધી હતી. છોડ પર કળીઓ ખીલી હતી. જ્હોન ડૂલિટલ પોતાના દેશ પહોંચ્યા ત્યારે, જૂન મહિનાનો સૂર્ય, પાકથી લહેરાતા ખેતરો પર પ્રકાશ પાથરી રહ્યો હતો.

જોકે, તેઓ સીધા ફડલબી ન ગયા. પહેલાં તેમણે પુશ્મી-પુલુંને મોબાઇલ-વાનમાં બેસાડી કેટલાક શહેરોની સફર ખેડી. તેમણે દેશના અનેક મેળાવડાઓમાં ભાગ લીધો. આવા મેળાવડામાં એક બાજુ કરતબબાજો પોતાની કળાનું પ્રદર્શન કરતા તો બીજી બાજુ બોક્સિંગ અને ફાઇટ ચાલતી. એ બંનેની વચ્ચે ડૉક્ટર એક ડોમ બનાવી પાટિયું લટકાવતા. પાટિયાં પર લખ્યું હોય : "આવો અને આફ્રિકાના જંગલોમાં જોવા મળતું બે માથાળું દુર્લભ પ્રાણી જુઓ. પ્રવેશ ફી ફક્ત છ પેન્સ."

પુશ્મી-પુલું મોબાઇલ-વાનની અંદર રહેતું અને અન્ય પ્રાણીઓ બહાર બેસતા. ડૉક્ટર ડોમના પ્રવેશ પાસે બેસતા. તેઓ અંદર પ્રવેશતા લોકો પાસેથી છ પેન્સ લઈ તેમને મીઠો આવકાર આપતા. ડબ-ડબ તો તેમને ખિજાયા જ કરતું કારણ કે તેનું ધ્યાન ન હોય ત્યારે ડૉક્ટર બાળકોને ફી લીધા વગર જવા દેતા હતા.

પછી તો, આ વાત ફેલાતા કેટલાય પ્રાણી સંગ્રહાલયવાળા અને સર્કસના લોકોએ ડૉક્ટરનો સંપર્ક કર્યો. તેઓ પુશ્મી-પુલુંને ગમે તે કીમતે ખરીદવા તૈયાર હતા, પણ ડૉક્ટર પીગળ્યા નહીં.

"ના." તેઓ બધાને એક જ જવાબ આપતા. "મારા જીવતેજીવ પુશ્મી-પુલું પાંજરે નહીં પૂરાય. તેને ઇચ્છા થાય ત્યારે હરી-ફરી શકે એ માટે તેને મુક્ત રાખવામા આવશે. એ પણ તમારી-મારી જેવો જીવ જ છે ને !"

દેશ-પ્રદેશના આ વિચરણ દરમિયાન તેમને જાત જાતના અનુભવ થયા. જોકે, તે તમામ અનુભવો તેમના આફ્રિકાના અનુભવો સામે સાવ ફિક્કા હતા.

પુશ્મી-પુલુંને પ્રદર્શનમાં મુકવું એ સર્કસના એક પ્રકાર જેવું હતું. પહેલાં તેમને આ કામ કરવાની ખૂબ મજા આવી, પણ પછી કંટાળો આવવા લાગ્યો. છેવટે, ડૉક્ટર અને બધા પ્રાણીઓને ફડલબી જવાની તીવ્ર ઇચ્છા થઈ.

અત્યાર સુધીમાં જથ્થાબંધ લોકો પુશ્મી-પુલુંને જોવા આવ્યા હતા અને તેમણે ડૉક્ટરને મોં માંગ્યા પૈસા ચૂકવ્યા હતા. હવે, ડૉક્ટર પાસે એટલા પૈસા જમા થઈ ગયા હતા કે તેઓ ઇચ્છે ત્યારે ફડલબી જઈ શકે. આખરે એક દિવસે, છોડ પરની કળીઓ મોટા ફૂલ બની ગઈ ત્યારે, તે સૌ પોતાના નાના ઘરના મોટા બગીચામાં પ્રવેશ્યા.

તબેલામાં રહેતો લંગડો ઘોડો તેમને જોઈને ખુશ થઈ ગયો. પોતાના જૂના અને જાણીતા મિત્રને મળી ડબ-ડબ પણ ખુશ થઈ ગયું. તેમના ગયા-આવ્યા વચ્ચે ખાસ્સો સમય વીતી ચૂક્યો હતો. ઘણી ચકલીઓએ તેમના ઘરના છજ્જા પર માળા બાંધ્યા હતા, જેમાં તેમના બચ્ચાં પણ રહેતા હતા. આખા ઘરમાં ધૂળ જામી ગઈ હતી. જ્યાં ત્યાં કરોળિયાઓએ જાળા બનાવ્યા હતા અને ઘરની સાફ-સફાઈમાં ખાસ્સા દિવસો જાય તેમ હતું.

જોકે, જિપ તો સીધો જ પડોશમાં રહેતા અહંકારી કૂતરાં પાસે ગયો અને તેને ભેટમાં મળેલો સોનાનો પટ્ટો બતાવ્યો. અહંકારી કૂતરાંના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેના હાવભાવ જોઈ જિપ ખુશ થઈ ગયો. ત્યાંથી પાછા આવી તે આમ તેમ દોડવા લાગ્યો અને પહેલાંથી દાટી રાખેલા

હાડકાંને શોધવા જમીન ખોદવા લાગ્યો. આ બાજુ ગબ-ગબે બગીચાના ખૂણા પાસે ત્રણ ફૂટ ઊંડો ખાડો ખોદ્યો હતો, તે ત્યાં દટાયેલું કંદમૂળ ખાવા ઈચ્છતું હતું.

ફડલબી પાછા ફરી ડૉક્ટરે પહેલું કામ દેવું ચૂકવવાનું કર્યું. તેઓ સૌથી પહેલાં એ ખારવા પાસે ગયા જેમણે તેમને આફ્રિકા જવા માટે હોડી આપી હતી. તેમણે તેમને એકના બદલે બે વહાણ લઈ આપ્યા અને તેમના બાળક માટે રબરની ઢીંગલી ભેટ કરી. પછી, તેઓ કરિયાણાના વેપારી પાસે ગયા જેમણે તેમને સીધું-સામાન આપ્યો હતો. બધા કામ પતાવી ડૉક્ટર બજારમાં ગયા અને નવો પિયાનો ખરીદી લાવ્યા. સફેદ ઉંદરને ટેબલના ખાનામાં રહેવામાં અગવડ પડતી હતી તેથી તે ફરી પિયાનોમાં રહેશે એ નક્કી હતું.

આનંદની વાત એ હતી કે બધો ખર્ચ અને ચૂકવણું થઈ ગયા પછી ય ડૉક્ટર પાસે ઘણા પૈસા બચ્યા. ડૉક્ટર તેને પેટીમાં ભરવા લાગ્યા. આખી પેટી છલોછલ ભરાઈ ગઈ તો ય પૈસા વધ્યા. અરે, તે એટલા બધા હતા કે તેને ભરવા ડૉક્ટરે બીજી ત્રણ પેટીઓ ખરીદવી પડી.

"પૈસા," તેમણે કહ્યું, "તે સાચે જ મોટી બલા છે. પણ છતાં, તે બલા ન હોય તેના કરતા હોય એ વધારે સારું છે."

"સો ટકા સાચી વાત." ડબ-ડબે કહ્યું. તે નાસ્તો બનાવી રહ્યું હતું.

પછી, સમય વીતવા લાગ્યો. ફરી શિયાળો આવ્યો, દરરોજ કરા પાડવા લાગ્યા. ડૉક્ટર અને પ્રાણીઓ રસોડાની સગડી ફરતે તાપણું કરવા બેસતા. જોકે, હવે તેઓ ભરપેટ ભોજન કરીને બેસતા. દરરોજ સાંજે ભરાતી તેમની આ ઘરસભામાં ડૉક્ટર પોતે લખેલા પુસ્તકમાંથી કોઈ એક પ્રકરણ વાંચીને સંભળાવતા.

ત્યારે હજારો કિલોમીટર દૂર આફ્રિકામાં, ઊંચી તાડીઓ પર બેસી ચંદ્રની ચાંદની માણતા વાંદરાઓ એકબીજાને પૂછતાં, "સફેદ માણસોની ભૂમિ પર પેલા ભલા ડૉક્ટર શું કરતા હશે ? શું તેઓ અહીં પાછા આવશે ?"

અને પોલેનેશિયા ડાળી પરથી કહેતો, "આવશે, જરૂર આવશે."

ત્યારે જ મગર પણ કાળા કાદવમાંથી બહાર નીકળતો અને કહેતો, "મને પણ ખાતરી છે કે તેઓ આવશે, પણ અત્યારે રાત પડી ગઈ છે એટલે સૂઈ જાવ નિરાંતે. ગુડ નાઈટ."

(સમાપ્ત)